**આજનો સુવિચાર**

જો આપ ચાહો કે મને કોઈ ખરાબ ન સમજે તો બીજાઓને ખરાબ સમજવાનો આપને કોઈ અધિકાર નથી

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૫૮ જૂનાગઢ તા.૨૦-૦૨-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 58, Junagadh : Date : 20 February, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


### પાંચ પાકો પર એમએસપી આપવાના કેન્દ્ર સરકારના પ્રસ્તાવને ખેડૂતોએ ફગાવ્યો

# આવતીકાલે ખેડૂતો શંભુ બોર્ડરથી દિલ્હી કૂચ કરશે



નવી દિલ્હી તા.૨૦

પંજાબના ખેડૂતોના આંદોલનનો આજે છેલ્લો દિવસ છે. ખેડૂતો આંદોલન સમેટી લેશે કે નહીં, તે અંગેના નિર્ણયની આજે સાંજે મળનારી બેઠકમાં જાહેરાત કરવામાં આવશે. ગતરાત્રે ખેડૂતોએ કેન્દ્ર સરકારના પાંચ પાક (કપાસ, મકાઈ, મસુર, તુવેર અને અડદ)પર MSP આપવાનો પ્રસ્તાવને ફગાવી દીધો છે. ખેડૂત નેતા જગજીત ડલ્લેવાલે કહ્યું કે અમે ખેડૂતો અને નિષ્ણાતો સાથે વાત કરી છે. અમારા MSP પર ગેરંટી કાયદાની માંગ પૂરી થવી જોઈએ. MSP આપવા માટે ૧.૭૫ લાખ કરોડ રૂપિયાની જરૂર નથી. જો કેન્દ્ર તમામ પાક પર MSPની ગેરંટી આપે તો અમે આંદોલન ખતમ કરવા તૈયાર છીએ. આજે અમે બેઠક યોજીને રણનીતિ બનાવીશું અને ૧ ફેબ્રુઆરી બુધવારે અમે દિલ્હી તરફ કૂચ કરીશું. વારંવાર વાત નહીં કરીએ. હવે બધું કેન્દ્રના હાથમાં છે. કેન્દ્રએ નિર્ણય લેવો જોઈએ. કેન્દ્રનો પ્રસ્તાવ ખેડૂતોના હિતમાં નથી.હરિયાણાના ૭ જિલ્લામાં ઈન્ટરનેટ પર પ્રતિબંધનો નિર્ણય ૨૦ ફેબ્રુઆરીની મધરાત ૧૨ સુધી લંબાવવામાં આવ્યો છે. પંજાબ અને હરિયાણાના ખેડૂતોના દિલ્હી મામલે આજે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવશે. આ દરમિયાન રવિવારે કેન્દ્ર સરકારની બેઠક યોજાઈ હતી, કોર્ટમાં તેનો સંપૂર્ણ અહેવાલ રજૂ કરશે, જ્યારે ખેડૂતોએ તે બેઠકમાં કેન્દ્રના સૂચનોને ફગાવી દીધા છે અને ૨૧ ફેબ્રુઆરીએ દિલ્હી કૂચ કરવાની પણ જાહેરાત કરી છે.આ પહેલા કેન્દ્રએ હાઈકોર્ટને એમએસપીના મુદ્દા પર ખેડૂતો સાથે ચર્ચા કરવા કહ્યું હતું. ખેડૂતોના આંદોલન મુદ્દે કેન્દ્ર, હરિયાણા અને પંજાબની સાથે હાઈકોર્ટ સરકારને સ્ટેટસ રિપોર્ટ આપવા પણ કહેવામાં આવ્યું હતું. આ દરમિયાન દિલ્હી સરકાર પણ પોતાનો પક્ષ રજૂ કરશે.

પંજાબના ખેડૂતોને રોકવા માટે હરિયાણા સરકારે તમામ સરહદી માર્ગો બંધ કરી દીધા છે. વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો છે. ૮ લેયરની સુરક્ષા ગોઠવવામાં આવી છે. આમાં પોલીસે અર્ધલશ્કરી દળો અને સશસ્ત્ર બટાલિયન તહેનાત કરવામાં આવી છે, જે ખેડૂતોને કોઈપણ સંજોગોમાં આગળ વધતા અટકાવશે.

સરવન સિંહ પંઢેરે કહ્યું-રવિવારે ખનૌરી બોર્ડર પર ખેડૂતનું મોત થયું હતું. તેનો મૃતદેહ પટિયાલાની હોસ્પિટલમાં રાખેલો છે, ન તો તેનું પોસ્ટમોર્ટમ થયું કે ન તો થયું તેને યોગ્ય વળતરની રકમ આપવામાં આવી. અમે પંજાબ સરકારને નીતિ ક્લિયર કરવાની માંગ કરી હતી. સરકારે સરકારી નોકરી અને ૫ લાખ રૂપિયા આપવા જોઈએ. આ મામલે પંજાબના સીએમએ પણ નિવેદન આપ્યું નથી.

ખેડૂત નેતા સરવન સિંહ પંઢેરે કહ્યું- સરકારની નિયત નથી. તેમની નીતિ અને ઈરાદા યોગ્ય નથી. અમારી માંગ છે કે સરકારે ૨૩ પાક પર MSP ગેરંટી કાયદો બનાવવો જોઈએ. જે પાક બાકી રહેશે તેનો અભ્યાસ કર્યા બાદ તમામ પાકો પર કાયદેસર ગેરંટી માટે કાયદાની જરૂર છે.

## ખેડૂત આંદોલનને કારણે ૭ દિવસમાં રૂા. ૧ હજાર કરોડનું નુકશાન

નવી દિલ્હી,તા. ૨૦ : ૧૩ ફેબ્રુઆરીથી શરૂ થયેલા ખેડૂત આંદોલનના કારણે છેલ્લા સાત દિવસમાં દેશના અર્થતંત્રને મોટું નુકસાન થયું છે. ભારતમાં વેપારીઓનું સૌથી મોટું સંગઠન કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સએ જણાવ્યું છે કે, દિલ્હીની સરહદો સીલ થવાના કારણે વેપારીઓ દ્વારા દેશની ઈકોનોમીને ત્રણ દિવસમાં ૩૦૦ કરોડથી વધુનું નુકસાન થયું છે. આ ઉપરાંત સંપૂર્ણ બંધ કરાયેલી સિંધુ બોર્ડર અને ટિકરી બોર્ડર પર આવેલા કુંડલી ઈન્ડસ્ટ્રીયલ અને બહાદુરગઢ ઈન્ડસ્ટ્રિયલ ને દૈનિક ૫૫ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન ભોગવવું પડી રહ્યું છે. એટલે કે દેશની ઈકોનોમીને સાત દિવસમાં કુલ એક હજાર કરોડથી વધુનું નુકસાન થયું છે. આ અગાઉ ૧૩ મહિના સુધી ચાલેલા આંદોલનના કારણે દેશના ૩૫૦૦ કરોડથી વધુનું નુકસાન થયું હતું અને ૧૫૦ ફેકટરીઓને તાળા લાગી ગયા હતા, જેના કારણે હજારો લોકોને નોકરી ખોવાનો વારો આવ્યો હતો.

## અફઘાનિસ્તાનમાં ભયાનક ભુસ્ખલન ૨૫થી વધુના મોત

કાબુલ,તા. ૨૦

અફઘાનિસ્તાનના નુરિસ્તાન પ્રાંતમાં ભૂસ્ખલનને કારણે લગભગ ૨૫થી વધુ લોકોના મોત થયા છે. આ સિવાય નૂરગારમ જિલ્લામાં ભૂસ્ખલનને કારણે લગભગ ૧૦ લોકો ઘાયલ થયાના સમાચાર છે. માહિતી અને સંદેશાવ્યવહારના વડા મોહમ્મદ અબ્દુલ્લા જાને આ ઘટના અંગે માહિતી આપતા જણાવ્યું કે, ભારે વરસાદને કારણે નૂરગારમ જિલ્લાના નાકરાહ ગામમાં ઘણા પર્વતો સરકી ગયા છે. જેના કારણે જાનમાલનું મોટું નુકસાન થયું છે. આ કુદરતી આફતમાં ૨૦થી વધુ મકાનો ધરાશાયી થયા છે. સંદેશાવ્યવહાર વડાએ વધુમાં જણાવ્યું કે તાજેતરના વરસાદને કારણે નુરિસ્તાન, કુનાર અને પંજશીર પ્રાંતમાં રસ્તાઓ બ્લોક થઈ ગયા છે. ખામા પ્રેસ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ મંત્રાલય દ્વારા પ્રાપ્ત માહિતીના આધારે, પંજશીર પ્રાંતમાં હિમપ્રપાત થયો હોવાના અહેવાલ છે.

## વડોદરામાં હીટ એન્ડ રનના આરોપીને ભાજપના સાંસદે માત્ર બે કલાકમાં છોડાવી લીધો

વડોદરા,તા.૨૦

વડોદરાના ફતેગંજમાં ફિઝિયોથેરાપી અને ફાઈન આર્ટ્સના વિદ્યાર્થીઓને અડફેટે લઈને નાસી છુટેલા ભાગેલા કારચાલકે પીછો કરનાર લોકોને ટક્કર મારવાની કોશિશ કરી હતી. ૪ કિમી દૂર રાજમહેલ રોડ પર તેને પકડી લેવાયો હતો. કાર ચાલક ન્યૂ સમા રોડ મુક્તિધામ સોસાયટીનો કુશ પટેલ હોવાનું ખૂલ્યું હતું. કુશને પોલીસ હવાલે કર્યા બાદ રાત્રે વડોદરાના સાંસદ રંજનબેન ભટ્ટ ફતેગંજ પોલીસ મથકે દોડી ગયાં હતાં. ઈજાગ્રસ્તો હોસ્પિટલમાં હોવા છતાં રાત્રે ૮:૨૫ કલાકે આરોપીની ધરપકડ થઈ અને માત્ર પોણા બે કલાકમાં જ ૧૦:૧૫ વાગે આરોપીને જામીન પર સાંસદ છોડાવી ગયાં હતાં. ત્યારે સામાન્ય લોકો પર કડકાઈ કરતી પોલીસ સાંસદ સામે ઢીલી પડ્યાની લોકોમાં ચર્ચા જગાવી હતી. સાંસદની વ્હાલા-દવલાની નીતિ અંગે લોકોમાં રોષ ભભૂકી ઊઠ્યો છે.

## બ્રિટનમાં ભારતીય મુળના વડાપ્રધાન ઋષિ સુનક પર લટકતી તલવાર : પેટા ચુંટણીમાં સુનકની પાર્ટી હારી

લંડન તા.૨૦ : બ્રિટનમાં ભારતવંશી વડાપ્રધાન ઋષિ સુનકની કન્ઝર્વેટિવ પાર્ટી ચૂંટણી પહેલાં પડકારજનક સ્થિતિમાં મુકાઈ છે. સરકારની નીતિઓના વિરોધ અને ભ્રષ્ટાચારના મામલાના કારણે કન્ઝર્વેટિવ પાર્ટી પેટાચૂંટણીમાં સતત હારની પરંપરા તોડી શકી નથી. કન્ઝર્વેટિવ પાર્ટીના વધુ ૧૦૦ સાંસદોએ ચૂંટણી પહેલાં પાર્ટીમાંથી રાજીનામું આપવાનો નિર્ણય કર્યો છે. સાંસદોને અગાઉથી ભય સતાવી રહ્યો છે કે તેઓ આગામી ચૂંટણીમાં તેમની બેઠક ગુમાવશે. તે સાથે આમાંના કેટલાક સાંસદોએ રાજકારણમાંથી સંન્યાસ લેવાનો નિર્ણય પણ કરી દીધો અને તેઓએ પ્રાઈવેટ સેક્ટરોમાં જોબ માટે પ્રયત્નો પણ શરૂ કરી દીધા છે. નિષ્ણાતો મતે, ચૂંટણી રેસમાં કન્ઝર્વેટિવ પાર્ટીના સાંસદો ઘણા પાછળ છે.

## દેશના ૭૮ ટકા વરિષ્ઠ નાગરિકો પાસે પેન્શનનો આધાર નથી, ૬૦થી વધુ વયના માત્ર ૧૮ ટકા લોકો પાસે સ્વાસ્થ્ય વિમો

નવી દિલ્હી, તા.૨૦

દેશના ૭૮ ટકા વરિષ્ઠ નાગરિકો પાસે પેન્શન સપોર્ટ નથી. ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના માત્ર ૧૮% લોકો પાસે સ્વાસ્થ્ય વીમો છે. આરોગ્ય સંબંધિત ખર્ચ વળદ્ધોના માસિક જીવન ખર્ચના ૧૩% જેટલો હિસ્સો ધરાવે છે. આને ટાંકીને, નીતિ આયોગે કહ્યું છે કે નિવૃત્તિ પછી વૃદ્ધોની આર્થિક સ્થિતિ વધુ ખરાબ થવાનો ભય છે, તેથી સરકારે ફરજિયાત બચત યોજના, કર સુધારણા અને વળદ્ધો માટે આવાસના મોરચે પગલાં લેવા જોઈએ. NITI આયોગે એક અહેવાલ બહાર પાડ્યો છે. વૃદ્ધો માટે એક રાષ્ટ્રીય પોર્ટલ બનાવવું જોઈએ, જેના દ્વારા તેઓ સેવાઓનો ઉપયોગ કરી શકે. તેમાં કહેવામાં આવ્યું છે કે હાલમાં ૧૨.૮% લોકો ૬૦ વર્ષથી વધુ ઉંમરના છે. વર્ષ ૨૦૩૧ સુધીમાં આવા લોકોની સંખ્યા લગભગ ૧૩.૨% હશે અને ૨૦૫૦ સુધીમાં આ આંકડો વધીને લગભગ ૧૯% થઈ જશે. એવો અંદાજ છે કે નિર્ભરતા ગુણોત્તર ૨૦૨૧ અને ૨૦૩૧ ની વચ્ચે ૧૫.૭% થી વધીને ૨૦.૧% થશે, એમ કહીને કે આનાથી કાર્યકારી વસ્તીની આર્થિક જવાબદારીઓ વધશે. પરવડી શકે તેવા લોકો માટે ફરજિયાત બચત યોજના પર ભાર મૂકતા અહેવાલમાં જણાવાયું છે કે ભારતમાં સામાજિક સુરક્ષા માળખાનો અવકાશ મર્યાદિત છે. મોટાભાગના વળદ્ધો તેમની બચતમાંથી થતી આવક પર આધાર રાખે છે, પરંતુ વ્યાજદરમાં વધઘટ તેમની આવકને અસર કરે છે અને કેટલીકવાર તે તેમના જીવનનિર્વાહ માટે અપૂરતી બની જાય છે. તેથી, એક નિયમનકારી તંત્રની જરૂર છે જેના દ્વારા વળદ્ધોની થાપણો પર વ્યાજ દરની તર્કસંગત નીચી મર્યાદા નક્કી કરી શકાય.પંચે કહ્યું છે કે વૃદ્ધ મહિલાઓને વધુ છૂટ આપવાથી તેમની આર્થિક સ્થિતિ સુધારવામાં મદદ મળશે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, સરકારે રિવર્સ મોર્ટગેજના નિયમોમાં જરૂરી ફેરફાર કરવા જોઈએ જેથી કરીને વૃદ્ધો માટે લિક્વિડિટી વધી શકે. રિવર્સ મોર્ટગેજ હેઠળ વળદ્ધો તેમની મિલકતમાં રહેતી વખતે તેની સામે લોન લઈ શકે છે અને નિશ્ચિત માસિક મેળવી શકે છે આવક છે.

પંચે કહ્યું, અસંગઠિત ક્ષેત્રના વૃદ્ધોને પણ પેન્શન સપોર્ટ મળવો જોઈએ. મોંઘવારીને જોતા પેન્શનની રકમમાં પણ ફેરફાર કરવાની જરૂર છે. સમગ્ર વૃદ્ધો વસ્તીને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના દાયરામાં સામેલ કરવી જોઈએ અને તેનો કવરેજ ઘણી બિન-તબીબી વસ્તુઓ સુધી વધારવો જોઈએ અને ઘરની સ્વાસ્થ્યની જરૂરિયાતોને પણ તેમાં સામેલ કરવી જોઈએ.

## ગુજરાત વિધાનસભામાં નકલીની ગુંજ - વિપક્ષના ધારાસભ્યો ગૃહમાંથી એક દિવસ માટે સસ્પેન્ડ

ગાંધીનગર તા.૨૦

રાજ્યમાં નકલી કચેરી, નકલી ઘી , બનાવટી બાબતો માટે ગૃહમાં હોબાળો થયો હતો. વિપક્ષના ધારાસભ્યોએ વેલમાં ધસી આવ્યા હતા. કોંગ્રેસના ધારાસભ્યોએ સુત્રોચ્ચાર કરી હોબાળો કરતાં સ્પીકરે ધારાસભ્યોને સસ્પેન્ડ કરી દીધા હતા. આ પછી અધ્યક્ષના સસ્પેન્શનના હુકમને રદ કરવા વિપક્ષે માગણી કરી હતી.

આ અંગે વિધાનસભામાં વિપક્ષના નેતા અમિત ચાવડાએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું કે, ગુજરાતની પ્રજાના પરેસવાના ટેકસના પૈસા સામાન્ય દલિત સમાજનો પરિવાર હોય, આદિવાસી સમાજનો હોય કે કોઈ સમાજનો હોય એની પાયાની જરૂરિયાત માટે વાપરવા જોઈએ, એ જ પૈસા ૨૧ કરોડ રૂપિયા જેવી માતબર રકમ નકલી કચેરીઓ ખોલીને બારોબાર નકલી અધિકારીઓ મેળાપીપણાંથી લઈ જતા હોય તો વિપક્ષે શું ચૂપ રહેવાનું? ખોટા જવાબ આપે તો અમે ચૂપ રહીએ? વિધાનસભાના નિયમોને આધીન અમારી જગ્યા પર ઉભા રહીને વિરોધ કર્યો. અમે જ્યારે વોક આઉટ કરી રહ્યા હતા ત્યારે મંત્રી તરફથી ઉભા થઈ અમે તેનો જવાબ આપીએ છીએ એમ કહીને રોક્યા તો અમે રોકાયા હતા, ફરી અમે અધ્યક્ષને વિનંતિ કરી કે ઉડાઉ જવાબ આપે છે. જૂના કૌભાંડોની વાત કરે છે પણ આઠ વર્ષથી નકલીનું રાજ ચાલે છે તેની વાત કરતા નથી.

તેઓએ આગળ કહ્યું કે, અમે અમારી જગ્યા પર જ ઉભા હતા, અમે વેલમાં નથી ગયા, કોઈ અસભ્ય વર્તન નથી કર્યું ફક્ત અને ફક્ત નકલીકાંડને ખુલ્લું પાડવા વિરોધ પ્રદર્શન કર્યું છે. નિયમોની આધીન પ્રદર્શન કર્યું છે. પરંતુ બહુમતીના જોરે પ્રજાનો અવાજ દબાવવાનો પ્રયાસ થાય ને પ્રજાનો અવાજ જ્યારે વિપક્ષ બને ત્યારે વિપક્ષને ગૃહમાંથી કેવી રીતે બહાર કાઢી મૂકવા એવો પ્રયાસ થઈ રહ્યો છે. બહુમતીના જોરે સસ્પેન્ડ કરવાનો નિર્ણય લોકશાહીની હત્યા કરવા બરાબર છે. આ લોકશાહીનું મંદિર છે. અમને પ્રજાના પ્રતિનિધિ તરીકે જ્યાં ખોટું થતું હોય, ભ્રષ્ટાચાર થતો હોય એનો અમને બોલવાનો અધિકાર છે. એ અધિકાર ના વાપરી શકીએ એટલે બહુમતીના જોરે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને બીજી માગણીની ચર્ચા છે. જેમાં પણ સરકારનો ગેરવહીવટ અને નાણાના વેડફાટને ઉજાગર કરવાનો છે, ચર્ચામાં ભાગ ન લઈ શકીએ એટલા માટે બધાને નિયમોનું ઉલ્લંઘન કરીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

### ગુજરાતમાં વાતાવરણનાં બદલાવને કારણે

## ઘઉંના પાકમાં કાળીયા રોગે કાળો કેર મચાવ્યો - ઉત્પાદન પર ગંભીર અસર

ગાંધીનગર તા.૨૦

ગુજરાતમાં હાલ સતત વાતાવરણમાં બદલાવ આવી રહ્યો છે, ક્યારેક અચાનક ઠંડી વધી જાય તો ક્યારેક વાદળછાયું વાતાવરણ જોવા મળે છે.ઝાંકળ અને ઠંડીનો ચમકારો તો બપોરે ઉનાળા જેવો તકડો જોવા મળી રહ્યો છે. આથી વાતાવરણમાં સતત બદલાવની અસર હવે ઘઉંના પાક પર જોવા મળી છે. હાલ ઘઉંમાં 'કાળિયા' નામના રોગે ઉપદ્રવ મચાવ્યો છે. આ રોગથી ઘઉંનો છોડ કાળો પડી સુકાઈ જાય છે અને દાણો નબળો પડી જાય છે. આથી ઘઉંની ગુણવત્તા અને ઉત્પાદન પર મોટી અસર થાય છે. ખેડૂતોના જણાવ્યા પ્રમાણે વીઘે ૫૦ મણનો ઉતારો આવે તેમ હતો પણ કાળિયા રોગને કારણે માત્ર ૧૫ મણનો જ ઉતારો આવે એવી શક્યતા છે. ખેડૂતોને નફો તો દૂરની વાત પણ વાવેતરનો ખર્ચ પણ નીકળે શકે તેમ નથી.

રાજકોટના ધોરાજી પંથકમાં કાળિયા રોગે હાહાકાર મચાવ્યો છે. છેલ્લા થોડા દિવસથી અચાનક ગરમી પડતાં ઘઉંના પાકનો ઉતારો વહેલો આવવાની સંભાવના છે. ઘઉંમાં કાળિયા નામનો રોગ જોવા મળી રહ્યો હોવાથી ખેડૂતો ચિંતામાં મુકાયા છે. હજારો રૂપિયાનો ખર્ચ અને તનતોડ મહેનત કરવા છતાં ધારણા કરતાં માત્ર ૧૦૦માંથી ૨૫ ટકા ઉતારો આવે તેવી શક્યતાને પગલે સરકાર દ્વારા ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવામાં આવે અથવા નિકાસ કરવાની છૂટ આપવામાં આવે તેવી માગ ખેડૂતોમાં ઊઠી રહી છે.

કપાસના પાકનો ભાવ પણ પૂરો મળતો ન હોવાથી ખેડૂતોએ કપાસનો પાક કાઢી ઘઉંનું વાવેતર કર્યું હતું. જેમાં મોંઘા ભાવના બિયારણ અને જંતુનાશક દવાઓનો છંટકાવ કરી ખેડૂતોએ ઘઉંનો પાક ઉછેરીને મોટો કર્યો હતો. ખેડૂતોને સારા ઉત્પાદનની આશા હતી. પણ તેમની આશા પર કાળિયા રોગે પાણી ફેરવી દીધું છે. આથી ખેડૂતોમાં ભારે ચિંતાનો માહોલ છવાયો છે. ઘઉંના પાકમાં આટલું મોટું નુકસાન થવાથી ખેડૂતોને તો 'પડ્યા પર પાટું' જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ત્યારે ખેડૂતો હવે સરકાર પાસે મદદની આશા રાખી રહ્યા છે. સરકાર દ્વારા નિકાસની છૂટ આપવામાં આવે તેવી માગ કરવામાં આવી રહી છે.

## સંદેશખાલીની સરખામણી મણીપુર સાથે થઈ શકે નહી : સુપ્રિમ કોર્ટે અરજી ફગાવી દીધી

નવી દિલ્હી તા.૨૦

પશ્ચિમ બંગાળના સંદેશખાલી કેસની સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે કહ્યું કે સંદેશખાલીની મણિપુર સાથે તુલના કરી શકાય નહીં. આ કેસ પહેલેથી જ હાઈકોર્ટમાં ચાલી રહ્યો છે, સુપ્રીમ કોર્ટે અરજી ફગાવી દીધી અને કહ્યું કે બે જગ્યાએ એક કેસની સુનાવણી કરવાનું કોઈ ઔચિત્ય નથી. આ કેસ એડવોકેટ અલખ આલોક શ્રીવાસ્તવ વતી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવ્યો હતો. પશ્ચિમ બંગાળના સંદેશખાલીમાં મહિલાઓએ ટીએમસી નેતા શાહજહાં શેખ અને તેના સમર્થકો પર જમીન હડપ કરવાનો અને બળાત્કારનો આરોપ લગાવ્યો છે. કલકત્તા હાઈકોર્ટે આ મામલાની સુઓ મોટુ સંજ્ઞાન લીધી છે. આ કેસમાં વકીલ આલોક અલખ શ્રીવાસ્તવે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બીવી નાગરથ્ના અને જસ્ટિસ ઑગસ્ટિન જ્યોર્જની બેંચ સમક્ષ આ કેસની સુનાવણી થઈ હતી.જેમાં જસ્ટિસ નાગરથ્નાએ સુનાવણીમાં કહ્યું હતું કે હાઈકોર્ટના જજે પોતે આ કેસનું સંજ્ઞાન લીધું છે. ત્યારે એક કેસની સુનાવણી બે કોર્ટમાં કેવી રીતે થઈ શકે?

## ખંધા ચીનની ચાલબાજી : ભૂતાન સરહદે વધુ ગામડાઓ વસાવ્યા

નવી દિલ્હી, તા.૨૦

ખંધા ચીને મંત્રણાની આડમાં પીઠ પાછળ ખંજર ભોંકવાનું ચાલુ રાખ્યુ છે. એક તરફ તે ભૂતાન સાથે સીમા વિવાદની વાટાઘાટો કરી રહ્યો છે તો બીજી તરફ તે વિવાદિત વિસ્તારના ગામડાઓ પણ પતાવી રહ્યો છે. હોંગકોંગની સાઉથ ચાઈના મોંનિંગ પોસ્ટે દાવો કર્યો છે કે ચીને ભૂતાન સરહદ પર ઓછામાં ઓછા ત્રણ ગામો વસાવી રહ્યું છે. આ સિવાય તે હાલમાં ભારત અને ભૂતાન બોર્ડર પર વધુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાની યોજના બનાવી રહ્યું છે. ચીનની આવી હરકતોને કારણે તેના ભારત સાથેના સંબંધો તંગ રહ્યા છે.

ચીન અને ભૂટાન વચ્ચે ચાલી રહેલી સીમા વાટાઘાટો બાદ પણ ચીન પોતાની ચાલબાજીથી હટી રહ્યું નથી. હવે ચીન ભૂટાન સાથે જોડાયેલી વિવાદિત જમીન પર ગામડાઓ બનાવી રહ્યું છે. હોંગકોંગના મીડિયા હાઉસ સાઉથ ચાઈના મોંનિંગ પોસ્ટ અનુસાર, ચીન અને ભૂટાનને અલગ કરતા પહાડી વિસ્તારો અડીને ૩ ગામ બનાવ્યા છે. જેનું કદ હવે પહેલા કરતા બમણું થઈ ગયું છે. જે ગામમાં ચીને નવા મકાનો બનાવ્યા છે. તે માત્ર ત્રણ ગામોમાં સામેલ છે જે ભૂટાનના કિનારે બનાવવામાં આવ્યા છે. અહેવાલમાં જણાવાયું છે કે તિબેટ સ્વાયત્ત પ્રદેશની સ્થાનિક સરકારોએ પાછલા વર્ષમાં સરહદી ગામોનો ઝડપથી વિસ્તાર કર્યો છે. ૨૦૨૩ સુધીમાં તામાલુંગનું કદ બમણું થઈ જશે. ચીનના આ નવા કબજાનો ખુલાસો અમેરિકાની મેક્સર ટેક્નોલોજીની સેટેલાઈટ ઈમેજથી થયો છે, જેમાં જાણવા મળ્યું છે કે અહીં ૧૪૭ નવા મકાનો બનાવવામાં આવ્યા છે. આ ગામનું વિસ્તરણ ૨૦૨૨ ના અંત સુધીમાં ગામની વસ્તીને ૨૩૫ ઘરો સુધી વધારવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું હતું, જેમાં ૭૦ ઘરોમાં વધારાના ૨૦૦ લોકો રહે છે. ચીન અને ભૂટાન વચ્ચે કોઈ રાજદ્વારી સંબંધો નથી, પરંતુ અધિકારીઓ સમયાંતરે મુલાકાતો દ્વારા સંપર્ક જાળવી રાખે છે.


**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**
**(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)**

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
**દરેક જ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

**સસ્તુ અને સારૂ ફર્નિચર બનાવવા માટે સંપર્ક**

૬૦,૦૦૦માં 5x6 બેડ, 4x6 કબોડ, ડ્રેસીંગ, સોફો ૨ સીટર સાઈડ બોકસ બેડનાં

**સી.સી. પડદાવાળા**

18mm પ્લાયવુડમાં ફર્નિચર બનાવી આપવામાં આવશે

મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

હાર્દિક શુભેચ્છા....

જૂનાગઢની સ્વાદપ્રિય જનતા માટે જુનું અને જાણીતું નામ એટલે...

**લિજ્જત પાઉંભાજી**

- ગુજરાતી થાળી
- સાઉથ ઈન્ડીયન
- પંજાબી
- ચાઈનીઝ



**લિજ્જત પાઉંભાજી**

જયશ્રી રોડ, મહાસાગર ટ્રાવેલ્સની સામે, કાળવા ચોક, જૂનાગઢ મો. ૯૪૨૭૭ ૩૩૩૪૪

સામાજિક ન્યાય, સમાનતા અને સમાવેશિતા એ તમામ સમાજોના મૂળભૂત મૂલ્યો છે

# ''૨૦ ફેબ્રુઆરીને "વિશ્વ સામાજિક ન્યાય દિવસ''નો હેતુ સમગ્ર વિશ્વમાં સામાજિક અન્યાયની વિસંગતતા ઉકેલી, સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવો તે છે




## સામાજિક સુરક્ષાનો, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે કુલ રૂા.૬૧૯૩ કરોડની માતબર રકમની ફાળવણી

(પંકજ જીબા દ્વારા)

રાજકોટ તા.૨૦

સામાજિક ન્યાય, સમાનતા અને સમાવેશિતા એ તમામ સમાજોના મૂળભૂત મૂલ્યો છે. યુનાઈટેડ નેશન્સ દ્વારા ૨૦૦૯ થી દર વર્ષે ૨૦ ફેબ્રુઆરીને "વિશ્વ સામાજિક ન્યાય દિવસ" તરીકે ઉજવવામાં આવે છે.આ ઉજવણીનો હેતુ સમગ્ર વિશ્વમાં સામાજિક અન્યાયની વિસંગતતાઓને ઉકેલી લિંગ, જાતિ, ભેદભાવ, અવરોધોને દૂર કરી, સમગ્ર વિશ્વની સામાજિક ન્યાયની પરિસ્થિતિનું મૂલ્યાંકન કરીને સમસ્યાના ઉકેલો અને સુધારણાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી સમાજના જરૂરિયાતમંદ, નબળા અને વંચિત વર્ગને સામાજિક સુરક્ષા પૂરી પાડી સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવો તે અને અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુક્ત જાતિ, આર્થિક રીતે પછાત વર્ગ અને લઘુમતીઓ જેવા વિવિધ વર્ગોનો સર્વાંગી વિકાસ અને તેઓને નવી આર્થિક તકો મળે તેવી કલ્યાણકારી યોજનાઓ સરકારે અમલમાં મૂકી, વૃદ્ધો અને દિવ્યાંગો જેવા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વર્ગો માટે પેન્શન યોજનાઓ પણ અમલમાં મૂકવી તે સમગ્ર વિશ્વની સરકારની પ્રથમ અગ્રતા હોવી જોઈએ.

ગુજરાત સરકારે વિકાસના પાંચ સ્તંભ આધારીત વિકસિત ભારત જ ૨૦૪૭ ના લક્ષ્યમાં ભાગીદારી નોંધાવતું અને વિકસિત ગુજરાત @ ૨૦૪૭ નું નિર્માણ કરવા માટેનો રોડમેપ નક્કી કરતું રૂ. ૩ લાખ ૩૨ હજાર ૪૬૫ કરોડનું અંદાજપત્ર રજુ કર્યું છે, જેમાં પ્રથમ સ્તંભ સામાજિક સુરક્ષાનો રાખવામાં આવ્યો છે. આ બજેટમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે કુલ રૂ. ૬૧૯૩ કરોડની માતબર રકમની જોગવાઈ કરવામાં આવી છે.

આ બજેટમાં બૌદ્ધિક અસમર્થતા ધરાવતા (મનો દિવ્યાંગ) ૭૦ હજાર લાભાર્થીઓને માસિક પેન્શન, રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અને રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધો માટે આર્થિક સહાય યોજના અંતર્ગત અંદાજિત ૧૧ લાખ લાભાર્થીઓને માસિક પેન્શન, અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની અંદાજે ૬૧ હજાર કન્યાઓને મામેરા માટે સહાય, સાતફેરા સમૂહ લગ્ન યોજના અંતર્ગત અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના અંદાજે ૫૦૦૦ યુગલોને સહાય આપવા જોગવાઈ કરવામાં આવેલ છે.

પી.એમ. યશસ્વી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ધોરણ-૯, ૧૦ અને પોસ્ટ મેટ્રીકના અંદાજે ૧૦ લાખ વિદ્યાર્થીઓ તેમજ ધોરણ-૧ થી ૧૦ માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના અંદાજે ૪૦ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા માટે, ધોરણ-૧ થી ૮ માં ભણતા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના અંદાજે ૩૮ લાખથી વધુ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય, વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના અંદાજે ૧૦૦૦ વિદ્યાર્થીઓને લોન આપવા, સરસ્વતી સાધના યોજના અંતર્ગત ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની અંદાજે ૧ લાખ ૫૦ હજાર કન્યાઓને વિનામૂલ્યે સાયકલ આપવા માટે આ બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે.

સંવેદનશીલ અભિગમ અપનાવીને સરકારે મસ્ક્યુલર ડિસ્ટ્રોફી, થેલેસેમિયા, ક્રોનિક ન્યુરોલોજિકલ સ્થિતિ જેવી ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગજનોને પણ માસિક પેન્શન આપવાનો નિર્ણય કર્યો છે. વધુમાં સંત સુરદાસ યોજનાનો લાભ, બી.પી.એલ. કાર્ડ સિવાયના વ્યક્તિઓ તથા ૦થી ૧૭ વર્ષની ઉંમરના લોકોને પણ આપવાનો સરકારે નિર્ણય કરેલ છે. દિવ્યાંગ વ્યક્તિને એસ.ટી બસમાં નિઃશુલ્ક મુસાફરી આપવાની યોજના હેઠળ પાર્કિન્સન, હિમોફિલિયા, મસ્ક્યુલર ડિસ્ટ્રોફી, થેલેસેમિયા, ક્રોનિક ન્યુરોલોજિકલ જેવી દિવ્યાંગતામાં તેમની સાથે તેમના સહાયકને પણ ૧૦૦% નિઃશુલ્ક મુસાફરીનો લાભ આપવાનો સરકારે નિર્ણય કરેલ છે. આ તમામ નિર્ણયોનો અમલ કરવા માટે યોગ્ય નાણાકીય જોગવાઈ પણ કરવામાં આવી છે. પાલક માતા-પિતા યોજના હેઠળ નિરાધાર બાળકોને માસિક ધોરણે આર્થિક સહાય આપવામાં આવે છે. સંકટમોચન યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળનાં કુટુંબનાં મુખ્ય કમાનાર વ્યકિતના દુઃખદ અવસાન બાદ કુટુંબને સહાય આપવામાં આવે છે. ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા બિન અનામત વર્ગો માટે વિવિધ શૈક્ષણિક ધીરાણ અને સહાયની યોજનાઓ માટે રૂ. ૬૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વધુમાં, અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, સફાઈ કામદાર વિકાસ નિગમ, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ અને ગુજરાત વિચરતી વિમુકત જાતિ વિકાસ નિગમને રાજય સરકારના ફંડમાંથી લાભાર્થીઓને ધીરાણ આપવા માટે રૂ.૨૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

સરકાર દ્વારા સમાજ સુરક્ષા ખાતાનાં માધ્યમથી ગ્રાઉન્ડ ઝીરો પર બહુઆયામી કાર્યો વડે સમાજ સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે છે. સમાજ સુરક્ષા ખાતાની પ્રવૃત્તિઓ મુખ્યત્વે સમાજના નબળા વર્ગો જેવા કે અનાથ, નિરાધાર, ગુન્હાવૃત્તિ તરફ વળેલા બાળકો તેમજ યુવાન અને સંજોગોનો ભોગ બનેલ બાળાઓ, શારીરિક-માનસિક ક્ષતિવાળા બાળકો અને પુખ્તવયની વ્યક્તિઓ તથા વૃધ્ધો અને અશક્તો અને ભિક્ષુકોના કલ્યાણ તેમજ પુનઃવસવાટ સાથે સંકળાયેલી છે.વિભાગ દ્વારા આવી વ્યક્તિઓને સંસ્થામાં આશ્રય આપવામાં આવે છે. સંસ્થામાં તેઓને સરકાર દ્વારા ખોરાક, કપડાં, સારવાર, શૈક્ષણિક, ઔદ્યોગિક તાલીમ અને પુનઃવસવાટ અંગેની સેવાઓ વિના મૂલ્યે પુરી પાડવામાં આવે છે. સમાજ સુરક્ષા ખાતાના ઉદ્દેશો પાર પાડવા માટે રાજ્ય સરકાર તરફથી જુદા જુદા સામાજિક અધિનિયમો જેવા કે જાતિય સતામણીથી બાળકોની સુરક્ષા અંગેનો અધિનિયમ અને નિયમો જેવા કે બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, ગુજરાત કિશોર ન્યાય નિયમો, વગેરેનો અમલ કરવામાં આવે છે.

સરકાર દ્વારા રાજકોટમાં પણ રાજકોટમાં સ્પેશ્યલ હોમ ફોર બોયસ, ગર્લ્સ, ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર, મનોદિવ્યાંગ બાળકો અને બાળાઓના નિવાસી ગૃહો, માનસિક બીમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલ પુરૂષોનું પુનઃસ્થાપન ગૃહ, વગેરે સંસ્થાઓ ચલાવવામાં આવી રહી છે, તેમજ આ ક્ષેત્રે કાર્ય કરતી અનેક સામાજિક સંસ્થાઓને નાણાંકીય સહાય ગ્રાન્ટરૂપે આપવામાં આવી રહી છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા અમલીકૃત વિવિધ યોજનાઓનો લાભ સરળતાથી લઈ શકાય તે માટે સરકાર દ્વારા https:// esamaj kalyan. gujarat. gov.in/ ઈ-સમાજકલ્યાણ પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે, જેના પર યોજનાઓને લગતી માહિતી અને ફોર્મ સરળતાથી ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. વિભાગ દ્વારા અમલીકૃત યોજનાઓનો લાભ લેવા માટે જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, બહુમાળી ભવન, ગ્રાઉન્ડ ફલોર, રાજકોટની મુલાકાત લેવી અથવા ફોન નંબર ૦૨૮૧-૨૪૪૮૫૯૦ પર સંપર્ક કરી શકાશે.

# જૂનાગઢના યુવાનોએ નેચર ફર્સ્ટ (પ્રથમ પ્રકૃતિ)ના માધ્યમથી જંગલ માટે સેવાની ધૂણી ધખાવી

## જૂનાગઢના યુવાનોએ છેલ્લા બે વર્ષથી પ્લાસ્ટિક મુક્ત ગીરનાર જંગલ કરવા આજે ૧૦૮ સપ્તાહથી સતત પ્લાસ્ટિક મુક્ત અભિયાન કરી રહ્યા છે





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

નેચર ફર્સ્ટના યુવાનોની એક ટીમે છેલ્લા બે વર્ષથી દરેક ઋતુમાં મુંગા મોઢે જંગલ ખૂંદીને પ્રકૃતિની સેવા શરૂ કરી છે, નેચર ફર્સ્ટ દ્વારા છેલ્લા ૧૦૮ સપ્તાહથી દર રવિવારે પ્રકૃતિ પ્રથમના માધ્યમથી પ્રકૃતિનું જતન અંતર્ગત ગિરનાર જંગલના અલગ અલગ વિસ્તારોમાં દર રવિવારે પ્લાસ્ટિક મુક્ત જંગલ અભિયાન ચલાવવામાં આવે છે. જે અંતર્ગત નેચર ફર્સ્ટની ટીમ દ્વારા ગિરનારના જંગલ વિસ્તારમાં ૧૦૮મું પ્લાસ્ટિક મુક્ત ગીરનાર જંગલ અભિયાન યોજવામાં આવ્યું હતું, જેમાં હ્યુમનીટી ફર્સ્ટ ગ્રુપના સભ્યો તથા ગોપાલક કુમાર છાત્રાલયના વિદ્યાર્થીઓએ નેચર ફર્સ્ટના યુવાનોએ મળી આ પ્લાસ્ટિક મુક્ત ગીરનાર જંગલ અભિયાન દરમ્યાન આશરે ૧૫૫ કિલો જેટલા પ્લાસ્ટિકનો જથ્થો જંગલ વિસ્તારમાંથી એકત્ર કરી તેનો નાશ કરાયો હતો. તેમજ ગિરનારના જંગલમાં પ્લાસ્ટિક મુકત ગીરનાર જંગલ અભિયાન ચલાવનાર ભરતભાઈ બોરીચા સહિતના યુવાનો દ્વારા જણાવવામાં આવ્યું હતું કે અમો છેલ્લા ૧૦૮ સપ્તાહથી એટલે કે બે વર્ષ અને એક મહિનાથી પ્લાસ્ટિક મુક્ત ગીરનાર જંગલ અભિયાન ચલાવીએ છીએ અને અત્યાર સુધીમાં ગીરનાર જંગલ વિસ્તારમાંથી આશરે ૨૦ થી ૨૧ ટન જેટલાં પ્લાસ્ટિકનો નાશ કર્યો છે. તેમજ નેચર ફર્સ્ટના યુવાનોએ વધુમાં જણાવ્યુ હતું કે અમારા માટે "પ્રથમ પ્રકૃતિ" બીજું બધુ પછી એટલે જ અમે નેચર ફર્સ્ટના નામથી છેલ્લા બે વર્ષથી પ્લાસ્ટિક મુક્ત ગીરનાર જંગલ અભિયાન ચલાવીએ છીએ અને અમો સતત પ્રકૃતિનું જતન કરીએ છીએ, અને કરતા રહેશું અને પ્રકૃતિનું જતન કરી પ્રકૃતિની સેવા કરવી એને અમારી નૈતિક ફરજ માની અમે દરેક દિવસને પ્રકૃતિનો દિવસ માનીએ છીએ, જેના ભાગરૂપે ગીરનારના જંગલ વિસ્તારમાં અમોએ આજે ૧૦૮મું સપ્તાહ પ્લાસ્ટિક મુક્ત ગીરનાર જંગલ અભિયાન હાથ ધર્યું હતું.

# શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર જૂનાગઢ ખાતે એકાદશીની ભાવભેર ઉજવણી






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢના જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે આજે એકાદશી પર્વની ભાવભેર ઉજવણી કરવામાં આવી રહી છે. ભગવાન સ્વામિનારાયણ દ્વારા સ્વહસ્તે પધરાવેલા સિધ્ધેશ્વર મહાદેવ સહિતના દેવો ભકતજનોની મનોકામના પુર્ણ કરે છે તેવા આ ધામમાંભાવિકોને અખુટ શ્રધ્ધા છે અને નિત્ય દર્શન માટે શ્રધ્ધાળુઓ આવે છે. આજે એકાદશી પર્વ પ્રસંગે પણ પૂજન, અર્ચન, આરતીના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ચેરમેનશ્રી દેવનંદન સ્વામિ તથા મુખ્ય કોઠારી પૂજય પ્રેમસ્વરૂપદાસજી તથા પૂજય પી.પી. સ્વામિ તેમજ સંતો અને ટ્રસ્ટીગણ દ્વારા અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવે છે અને ભાવિકો દર્શનનો લાભ લે છે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# ખેલ મહાકુંભ અંતર્ગત જીલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

રાજય સરકાર દ્વારા આયોજીત ખેલ મહાકુંભની વિવિધ સ્પર્ધાઓમાં અમારી શાળા શ્રી સરદાર પટેલ માધ્ય. અને ઉ.માધ્ય. શાળાની વિદ્યાર્થીની વકેરીયા દર્શી ચંદ્રેશભાઈએ કારાટે વિભાગમાં જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે. આ સિદ્ધી પ્રાપ્ત કરવા બદલ તેમને શાળાના ચેરમેન મેનેજીંગ ટ્રસ્ટી જે.કે.ઠેસીયાસર ટ્રસ્ટી ગણ તથા શાળાના એચ.ઓ.ડી. ઉમેશભાઈ હિરપરા, આચાર્ય ભટ્ટ તથા તમામ સ્ટાફગણે અભિનંદન પાઠવેલ છે.

# અમદાવાદમાં સાબરમત્તી રિવરફ્રન્ટ ખાતે ઈશા ફાઉન્ડેશનના સહયોગથી ૧૦માં સમુહ નિકાહની તૈયારીઓને અપાઈ આખરી ઓપ

## મુસ્લિમ સમાજના ૧૨૦૦ યુવક-યુવતીઓના સમૂહ નિકાહ થશે



તસ્વીર : મોહંમદ રફીક શેખ

(મહેમૂદ મારફતિયા)

અમદાવાદ ,તા. ૨૦

ગરીબ વર્ગના લોકોના લગ્નના ખર્ચાઓનું ભારણ ઓછું કરવા અને લગ્નના ખર્ચાઓથી ગરીબ વર્ગના લોકો આર્થિક રીતે તકલીફમાં ન મૂકાય તે હેતુથી ઈશા ફાઉન્ડેશનના સહયોગથી જામીઆ ફૈજાનુલ કુઆન દ્વારા અમદાવાદના ૫૦૦ યુવક-યુવતીઓ સહિત ગુજરાતભરમાંથી ૧૨૦૦ જેટલા મુસ્લિમ યુવક-યુવતીઓના ૧૦માં સમૂહ નિકાહનું ૨૧મી ફેબ્રુઆરી ,૨૦૨૪ના રોજ બુધવારે સાંજે ૪ કલાકે સાબરમત્તિ રિવરફ્રન્ટ ખાતે આયોજન કરવામાં આવેલ છે. ઈશા ફાઉન્ડેશનના સહયોગથી જામીઆ ફૈજાનુલ કુઆન,દ્વારા ૯ વખત સમૂહ નિકાહના સફળ આયોજન થયા બાદ ૧૦માં સમૂહ નિકાહ માટે સાબરમત્તિ રિવરફ્રન્ટ ખાતે વિશાળ પટાંગણમાં તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. લાખોની સંખ્યામાં જ્યારે લોકો અહી આવશે ત્યારે પાર્કિંગ સહિતની સુવિધાની પણ તૈયારીઓ થઈ રહી છે. ખાસ કરીને ટ્રાફિકની સમસ્યા ન સર્જાય એ માટે ખાસ આયોજન કરાયુ છે.મંડપ, સ્ટેજ, પાર્કિંગ અને મુખ્ય રૂટ પર પણ અનેક કાર્યકરો તૈનાત રહેશે. આ પ્રસંગમાં લગભગ ૧૨૦૦૦થી વધુ સ્વયંસેવકો આ રીતે સેવા આપી રહ્યા છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આ સમુહ નિકાહ અંગે વધુ માહીતી આપતા ચેરમેન ઈનામૂલભાઈ ઈરાકીએ જણાવ્યું હતું કે, આ લગ્ન સમયે ચીફ ગેસ્ટ તરીકે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા હઝરત મૌલાના શેખ મુહમ્મદ હનીફ સાહેબ લુહારવી, ડીએ બીએ તથા હઝરત મૌલાના ઉબેદુલ્લાહ ખાન સાહેબ આઝમી, ફોર્મર મેમ્બર ઓફ પાર્લામેન્ટ તથા હઝરત મૌલાના કરી એહસાન મોહસીન શાહ, ડીએ બીએ તથા ડૉ. ફારૂક પટેલ ચેરમેન, કે.પી. ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રી ઓફ સુરત તથા હઝરત મૌલાના મુફ્તિ મુહમ્મદ સાહેબ સરોડી ડીએ બીએ, ઈનામુલભાઈ ઈરાકી, વાઈસ પ્રેસડેન્ટ એજ્યુકેશ ઈન્ડિયા પબ્લિક ટ્રસ્ટ તથા કિરિટભાઈ સોલંકી, એમપી તથા જગદિશભાઈ પંચાલ, મિનિસ્ટર ઓફ ગુજરાત તથા અન્ય સિનિયર લીડર્સ તેમજ મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિ રહેશે. ખાસ કરીને મૌલાના હબીબ અહેમદ અને મૌલાના ફઝલ અહેમદ દ્વારા તમામને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. મૌલાના હબીબ અહેમદને અગાઉ આ વિચાર આવ્યો હતો અને આજે આ વિચાર એક નવી ઉંચાઈ પર પહોંચ્યો છે અને સમાજના લોકો માટે એક નવી પ્રેરણા પણ છે. આ અંગે વધુમાં મૌલાના હબીબ અહેમદ સાહેબે કહ્યું હતું કે, ગુજરાતના અમદાવાદ, બરોડા, સુરત, કચ્છ સહીતના વિવિધ વિસ્તારોમાંથી કપલ અહીં મેરેજ માટે આવશે. આ પ્રકારે એક સાથે લગ્નમાં એકથી અનેક કપલ જોડાતા પૈસા લોકોના બચે છે, કરજદાર પણ લોકો નથી બનતા જે ભાવનાથી આ વિચાર આવ્યો અને અમે એક પછી એક કપલને લગ્નમાં જોડતા ગયા અને લોકો પણ આ જ વિચારથી જોડાઈ રહ્યા છે. અહીં નવા યુગલો સારા વિચારો લઈને જાય અને જીવન આશાન, સફળ બને અને ઘર સંસાર સુખમય ચાલે તેવા આશિર્વચન આપવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને અન્ય મહાનુભાવો ,રાજય તથા દેશભરની જાણીતી હસ્તીઓ અહીં ઉપસ્થિત રહેશે.

# સોમનાથ મંદિર સુરક્ષા પોલીસનો માનવતાવાદી અભિગમ : મે આઈ હેલ્પ યુ સુત્રને સાર્થક કર્યું




(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૦

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરે ગઈ સાંજે દર્શન કરવા આવેલ રાજસ્થાનના જોધપુરના પ્રૌઢ મહિલા રક્ષાબેન હેમનદર(ઉ.વ.૭૦) સોમનાથ મંદિરની આરતી દર્શન કરી મંદિર બહાર નીકળતા હતા ત્યાં અચાનક પડી જતાં સોમનાથ મંદિર પોલીસ સુરક્ષાના પોલીસ કોન્સ્ટેબલ ભરત મોરી તથા પીએસઆઈ રાવલ તથા મંદિર સ્ટાફે તેમને બેઠા કરી તાબડતોબ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી કાળજીપુર્વક વધુ સારવાર માટે દવાખાને મોકલી આપ્યા હતા. આમ ગુજરાત પોલીસનું તથા જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાનું સુત્ર મે આઈ હેલ્પ યુ સાર્થક કરી મંદિર સુરક્ષા સાથે યાત્રિક પ્રત્યેનો માનવતાવાદી અભિગમ સોમનાથ મંદિર સુરક્ષા પોલીસે ફરજ બજાવી હતી.

# જયારે શિક્ષણની વાત સમાજમાં આવશે ત્યારે કોડીનાર તાલુકાના ઘાંચી સમાજનાં હીરો રફીકભાઈ યાદ આવશે

## મુસલમાન એટલે મુસલે-આમીન એટલે કે પોતાના ઈમાનને વફાદાર, અને રફીકભાઈમાં આ ગુણો હતા, રફીકભાઈને જન્નતનશીન થયાને એક વર્ષ થયું હોવા છતાં સમાજ હજુ તેમને ભૂલી શક્યો નથી

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૨૦

આજના સમયમાં બે પ્રકારના લોકો હોય છે એક જેઓ માત્ર પોતાના સ્વાર્થ માટે જીવનારા અને બીજા પરમાર્થ માટે જીવનારા અને માનવતા ખાતર જીવનારા સૌરાષ્ટ્ર અને ગીર સોમનાથ જિલ્લામાં આવું કોઈ એક નામ હોય તો તે છે મરહૂમ રફીકભાઈ વાકોટ. એક એવા યુવાન જેને સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવના હતી, એક એવો યુવાન જેને સમાજના ઉત્કર્ષ સમાજના શિક્ષણ સમાજની રોજગારી અને એનાથીય વધુ સમાજની સુરક્ષાની ચિંતા હતી. તેને ચિંતા હતી સમાજમાં માનવતા જીવંત રહે અને દેશભક્તિ જીવતી રહે એના માટે ભાઈ સમાજના છેવાડાના વ્યક્તિ સુધી મહેનત કરતાં હતા અને આ મહેનત રંગ લાવી સમાજમાં પરિવર્તનો આવ્યા અને સમાજ આ યુવાનના રંગે રંગાવવા લાગ્યો હતો અને કોઈએ શિક્ષણ અને રોજગારીની વાટ પકડી તો કોઈએ સમાજ સુધારા અને સંગઠન માટે નવી કેડી કંડારી અને યુવાનો હવે સમાજ માટે અને દેશ માટે કંઈક કરી છૂટવાની ભાવના સાથે તૈયાર થઈ રહ્યા હતા. અને બસ ત્યાં જ તેમની વિચારધારાને તેમના કાર્યોને કચડી નાખવામાં આવ્યા અને એક ષડયંત્ર હેઠળ રફિકભાઈ ની હત્યા કરવામાં આવી પણ આ હત્યા એ કોઈ



હત્યા નહોતી આ સામાજિક આત્મહત્યા હતી. અરે પાપીઓ સમાજનું ભલું ઈચ્છનાર અને માનવતા તથા દેશભક્તિનું કાર્ય કરનાર માટે આવી માનસિકતા લ્યો કરી લ્યો હવે શિક્ષણ અને કાયદાની વાતો, લ્યો કરી લ્યો હવે સમાજ ઉભો કરવાની વાતો, અને લ્યો કરી લ્યો હવે કુદરતી ન્યાયની વાતો, આ શહીદી માત્ર રફીકભાઈની નથી ન્યાય અને સમાજ માટે ઝઝૂમતા એક સમાજના હીરોની શહીદી છે. એક સમયે માનવતાને જીવંત રાખવા ઈમામે હુસેન શહીદ થયા અને હજુ કોમ તેના ઝખ્મો ભૂલાવી શકી નથી અને વર્ષો વર્ષ તેની યાદમાં કૂટે છે રડે છે અને લોહી લુહાણ થાય છે. આ અલ્લાહ પાકના પવિત્ર બંદાના અરમાનોને કચડી તેની હત્યા કરી નાખી તેના માનવીય મૂલ્યોને અને કોમની ચાહતને રોળી નાખનારાઓ હવે ક્યાથી તમે આવી દાનત રાખનારા પાક બંદાઓ લાવશો, માત્ર આ ગામમાંથી જ નહિ માત્ર આ તાલુકામાં જ નહિ અને માત્ર જિલ્લામાંથી જ નહિ ગુજરાતનો એક હીરો મુસ્લીમ સમાજનો સમાજવાદી યુવાન ખોવાય ગયો અને રડી પડ્યો દરેક યુવાન દરેક માતાઓ, દરેક બહેનો બાળકો અને વડીલો જેમણે રફીકભાઈના સમાજ પ્રેમનો અહેસાસ કર્યો હતો ખુશ હતો માત્ર શેતાન અને તેનાથી પણ વધુ શેતાની વિચાર પણ એક વાત તો રહી ગઇ કે જયારે રફીકભાઈ આ દુનિયામાં રહ્યા નહિ ત્યારે મુસ્લીમો તો ઠીક હિન્દુ સમાજના ધર્મના મોટા અગ્રણીઓએ પણ તેની કબરે આંસુઓ વહેડાવ્યા છે. એક વર્ષની ઉપરનો સમય વિતી ગયો છતાં પણ સોશિયલ મિડિયામાં તેમના ફોટા હજુ પણ મૂકવાના બંધ થયા નથી. અને ભવિષ્યમાં પણ હજુ શહિદ રફીકભાઈ વાકોટના ફોટા આવી જ રીતે મુકાશે એવા વિચાર ધારા નાં યુવાનો છે. ખુબ ટૂંકા સમયમાં તમામ સમાજનાં દિલ જીતી લેનારા રફીકભાઈ વાકોટ હજુ પણ ભૂલાતા નથી અને ભુલાશે પણ નહિ અને આ હત્યા રફીકભાઈ વાકોટની નથી થઈ પણ પુરા મુસ્લીમ સમાજની હત્યા થઈ છે. હજુ પણ તમામ યુવાઓનાં દિલમાં રફીકભાઈ વાકોટ જીવિત જ છે અને કયામત સુધી રહેશે. અત્યારે પણ પત્રકારની કલમ લખી નથી રહી પણ રડી રહી છે અને વહી રહી છે. પોતાના હીરો રફીકભાઈ માટે રફીકભાઈ તમને અને તમારા જીવનને અને તેનાથીયે વધુ તમારા મરણને શહીદીને વાર્ષિક પુણયતિથિ એ સમાજ દુઃખી હૈયે યાદ કરશે.

# જૂનાગઢમાં દિવ્યાંગો માટેનો સ્પેશ્યલ ખેલ મહાકુંભ કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ તા. ૨૦

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, જિલ્લા રમત વિકાસઅધિકારી જૂનાગઢ દ્વારા અનુદાનિત અને રાષ્ટ્રીય અંધજન મંડળ જૂનાગઢ આયોજિત અંધજનોના સ્પે. ખેલ મહાકુંભમાં ૧૧૭ ભાઈ બહેનોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા રમત વિકાસ અધિકારી ગૌરાંગ નરે, રાષ્ટ્રીય અંધજન મંડળના પ્રમુખ ચિરાગભાઈ પટેલ ખાસ હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા તમામ શિક્ષકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ દ્વારા પૂ.શામજીબાપુની ૪૧મી પુણ્યતિથી યોજાઈ





જૂનાગઢ તા. ૨૦

જગ પ્રસિદ્ધ ધામ સતાધાર કે જે આપણી આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર છે તેના મહંત સંત શિરોમણી મહાકુંભના મેળામાં જેમને ભક્તભૂષણના બિરૂદથી સન્માનિત કરી હાથીની અંબાડી પર મહાકુંભની રવેડીમાં જેમને સ્થાન આપવામાં આવેલ તેવા પૂજ્ય શ્રી શામજીબાપુની ૪૧મી પુણ્યતિથિ નિમિત્તે સવારે ૯ કલાકે જૂનાગઢ સોનાપુરી મંદિર ખાતે પૂજય શામજીબાપુની આરતી ઉતારવામાં આવેલ અને ચા તથા પ્રસાદનું વિતરણ કરવામાં આવેલ હતું. ત્યારબાદ શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ જૂનાગઢ દ્વારા શ્યામ વાડી ખાતે આવેલ પૂજ્ય શામજીબાપુની જ્ઞાતિના કાર્યકારી પ્રમુખ પ્રકાશભાઈ ચૌહાણ તેમજ અગ્રણીઓ વિવેકભાઈ ગોહેલ, દિનેશભાઈ કાચા, કિશોરભાઈ ચોટલીયા, જીવરાજભાઈ ટાંક, ભગવાનજીભાઈ ગોહેલ, ગોકળભાઈ પરમાર, વજુભાઈ કાચા, રસિકભાઈ મોરવાડિયા, ધીરૂભાઈ ટાંક, ભરતભાઈ ભાલીયા, હરિભાઈ મોરવાડિયા, તેજસભાઈ વેગડ, અમુભાઈ ટાંક, રાજુભાઈ સોલંકી, કલ્યાણજીભાઈ પરમાર, તેમજ શ્યામ મહિલા મંડળના પ્રમુખ રમીનાબેન ધીરુભાઈ ગોહેલ, મંત્રી અરૂણાબેન ભાલીયા, રંજનબેન મોરવાડિયા, છાયાબેન ચોટલીયા, પારૂલબેન જેઠવા, સંધ્યાબેન રાઠોડ, ચાંદનીબેન ચાવડા, જોસનાબેન ટાક, પારૂલબેન સાપરા, લીલાબેન કાચા તેમજ વિશાળ સંખ્યામાં સભ્ય બહેનો તથા યુવા સંગઠનના પ્રમુખ મોહિત ટાંક, વરૂણ ચાવડા, રૂશાંત ચોટલીયા, સંજય ચાવડા, અશોક મારૂ તેમજ યુવા ટીમ તેમજ સતાધાર અને શામજીબાપુમાં આસ્થા અને શ્રદ્ધા ધરાવતા ભાઈઓ તથા બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી સૌએ મહાઆરતીનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ હતો. પૂજ્ય શામજીબાપુ હંમેશા કહેતા કે, 'જ્યાં ટુકડો ત્યાં હરિ ઢુકડો' આ વાક્યને સાર્થક કરવા શ્યામ વાડી ખાતે પણ પ્રસાદનું વિતરણ કરવામાં આવેલ અને અલ્પાહારનું પણ આયોજન કરવામાં આવેલ હતું.

# મોરાસા ગામે MEMC કાઉન્સિલ સપ્તાહની ઉજવણી અંતર્ગત છ ટીમો વચ્ચે રમાઈ રોમાંચક મેચ : MEMC કાઉન્સિલની ટીમ બની ચેમ્પિયન

(ભોળા જાદવ દ્વારા)

લોઢવા તા. ૨૦

સુત્રાપાડા સ્થિત સિદ્ધિગ્રામના વિશાળ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે MEMC કાઉન્સિલ ૨૦૨૩-૨૪ સપ્તાહની ઉજવણી અંતર્ગત ફ્રેન્ડલી ક્રિકેટ મેચ ટુર્નામેન્ટનું સુંદર આયોજન હાથ ધરાયું હતું. જેમાં જાફરાબાદ રાજુલા અંબુજા સહિતના ઔદ્યોગિક એકમોની માઈન્સની કામગીરી સાથે જોડાયેલા લોકોની ટીમો વચ્ચે રોમાંચક ક્રિકેટ મેચ રમાઈ હતી.

ભારતીય ખાણ બ્યુરો, ગાંધીનગરના નેજા હેઠળ બનેલ એમ. ઈ.એમ.સી. કાઉન્સિલના આયોજનમાં સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ, યુનિટ- સિદ્ધિગ્રામની યજમાનીમાં ફ્રેન્ડલી ક્રિકેટ ટુર્નામેન્ટ પ્રતિયોગિતા આયોજિત કરવામાં આવી હતી. એક દિવસીય ફ્રેન્ડલી ક્રિકેટ મેચમાં ફાઈનલમાં MEMC કાઉન્સિલ અને UTCL જાફરાબાદની ટીમ વચ્ચે રસાકસીનો જંગ જામ્યો હતો. જેમાં અંતે MEMC કાઉન્સિલ ટીમનો જવલંત વિજય થયો હતો.સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડના જે. ટી. ભીમાણી (જોઈન્ટ પ્રેસિડેન્ટ ટેકનિકલ), આર.આર.સિંગ (એચ. ઓ.ડી. માઈન્સ તથા આઈ. બી. એમ. ગાંધીનગરના અધિકારી સ્નેહલ પટેલ દ્વારા ફ્રેન્ડલી ક્રિકેટ ટુર્નામેન્ટનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો. ટુર્નામેન્ટમાં છ અલગ અલગ કંપનીની ટીમો તથા આજુબાજુના ગામોની નીચે મુજબની ટીમો દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો.આ સુંદર આયોજન વિશે સિદ્ધ સિમેન્ટના માઈનસ વિભાગના સિનિયર જનરલ મેનેજર રાજીવ રંજન સિંગે ફ્રેન્ડલી ક્રિકેટ મેચના ઉદ્દેશ્ય અંગે જણાવ્યું હતું કે, ઈન્ડિયન બ્યુરો ઓફ માઈન્સના MEMC સપ્તાહની ઉજવણી અંતર્ગત આ એક દિવસીય ફ્રેન્ડલી ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું છે. આ ક્રિકેટ મેચમાં ગીર સોમનાથ અને અમરેલી જિલ્લા કલસ્ટરની માઈન્સ આમાં ભાગ લઈ રહી છે. આ ટીમોમાં માઈન્સની કામગીરી સાથે સંકળાયેલા વર્કરો અને સ્થાનિક યુવાનોનો સમાવેશ કરાયો હતો. ખાસ કરીને,



માઈન્સ સાથે સંકળાયેલા લોકોની તંદુરસ્તી વધે ઉપરાંત એક બીજા વચ્ચે પરિવારની ભાવના કેળવાય, દરેક લોકો એકબીજાથી પરિચિત થાય અને સુમેળ વધે તેવા ઉમદા હેતુ સાથે ઈન્ડિયન બ્યૂરો ઓફ માઈન્સનું એક સરાહનીય પગલું છે.

સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડના જે. ટી. ભીમાણી (જોઈન્ટ પ્રેસિડેન્ટ ટેકનિકલ), આર.આર.સિંગ (એચ. ઓ.ડી. માઈન્સ તથા આઈ. બી. એમ. ગાંધીનગરના અધિકારી સ્નેહલ પટેલ દ્વારા ફ્રેન્ડલી ક્રિકેટ ટુર્નામેન્ટનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો. ટુર્નામેન્ટમાં છ અલગ અલગ કંપનીની ટીમો તથા આજુબાજુના ગામોની ટીમો દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો.

# દેવભૂમિ દ્વારકામાં તા. ૨૪ તેમજ ૨૫ ફેબ્રુઆરીના રોજ 'નો ફલાય ઝોન' જાહેર કરાયો

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૨૦

પ્રધાનમંત્રીશ્રી આગામી તા.૨૫/૦૨/૨૦૨૪ના રોજ દ્વારકા અને ઓખા ખાતે સિગ્નેચર બ્રિજના લોકાર્પણ પ્રસંગે પધારનાર છે. પાકિસ્તાનના દરિયાઇ વિસ્તારથી મહાનુભાવશ્રીના જિલ્લાના કાર્યક્રમનું સ્થળ ખૂબ નજીક આવેલ હોય જે સંજોગોમાં દેશ વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્વો માનવ રહિત રીમોટ સંચાલીત વિમાન જેવા સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઈઝના વિમાન જેવા સંસાધનો અથવા એરો સ્પોર્ટ્સમાં વપરાતા ઉપકરણો (SUB-CONVENTIONAL AERIAL_PLATFORM) નો ગેરલાભ લઈ મહાનુભાવશ્રીની સુરક્ષાને તેમજ કાયદો અને વ્યવસ્થાને હાનિ પહોંચાડે તેવી શક્યતા નકારી શકાય નહીં. જેથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, દેવભૂમિ દ્વારકા દ્વારા "નો ફ્લાય ઝોન" જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીને મળેલી સત્તાની રૂએ મહાનુભાવશ્રીના દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર પ્રવાસ કાર્યક્રમ દરમ્યાન પ્રવાસ રૂટ ઉપર તથા બેટ દ્વારકા હેલિપેડની ત્રીજ્યાથી ૫ કિ.મી. વિસ્તાર, સિગ્નેચર બ્રિજ ઓખાના છેડાની ત્રિજ્યાથી ૫ કિ.મી. વિસ્તાર, શ્રી દ્વારકાધીશ મંદિર, દ્વારકા તથા તેની આસપાસ ૫ કિ.મી. એરિયામાં રીમોટ કંટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), ક્વાડ કોપ્ટર (QUAD COPTER), પાવર્ડ એરક્રાફ્ટ (POWERED AIRCRAFT) જેવા UAV (Unmanned Aerial Vehicle) તથા માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર/પેરાગ્લાઈડર (HANG GLIDER/ PARA GLIDER), પેરા મોટર (PARA MOTER) તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવા/ કરવા ઉપર સંપુર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

પોલીસ વિભાગ અને સુરક્ષાદળોના ઉપરોક્ત સંસાધનોને આ જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે. આ જાહેરનામું તા.૨૪/૦૨/૨૦૨૪ થી તા. ૨૫/૦૨/૨૦૨૪ ના રોજ ૦૦:૦૦ કલાકથી ૨૪:૦૦ કલાક (૨૪ કલાક) સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

# વેરાવળ ચોપાટી ખાતે 'પર્યટન પર્વ' અંતર્ગત સંગીતસંધ્યા યોજાઈ

## ગીરસોમનાથવાસીઓને ઘેઘૂર કંઠના માલિક ઓસમાણ મીરએ લોકસંગીતમાં તરબતર કર્યા

વેરાવળ તા.૨૦

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ, ગાંધીનગર અને જિલ્લા વહીવટી તંત્ર, ગીર સોમનાથના સંયુક્ત ઉપક્રમે વેરાવળ ચોપાટી ખાતે ગઈકાલે રાત્રે ૦૮:૦૦ કલાકે 'પર્યટન પર્વ'ના નામે આયોજીત સંગીતમઢી સંધ્યાના જાહેર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઓસમાણભાઈ મીર સાથે તેમના પુત્ર આમીર મીર પણ લયબદ્ધ સંગીત સૂરાવલી રેલાવી હતી.

# વિશ્વ માતૃભાષા દિવસ નિમિતે માણાવદરમાં માતૃભાષા મહોત્સવની ઉજવણી થશે

જૂનાગઢ તા. ૨૦

વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર તેમજ પે સેન્ટર શાળા-૨ માણાવદર, આનંદાલય, લાયન્સ હાયર સેકેન્ડરી સ્કૂલ-માણાવદર, જીનિયસ સ્કૂલ- માણાવદર, રઘુવંશી મહિલા મંડળ-માણાવદર તેમજ ઉમિયા મંડળ-માણાવદરના સંયુક્ત ઉપક્રમે માણાવદર જલારામ મંદિર ખાતે તા. ૨૧/ ૨/૨૦૨૪ના રોજ બુધવારે 'માતૃભાષા મહોત્સવ'ની ઉજવણીનું આયોજન કરવામાં આવનાર છે. આ કાર્યક્રમ ગુજરાતી સાહિત્ય અકાદમી ગાંધીનગરના શ્રી ભાગ્યેશ જહાના અધ્યક્ષ સ્થાનેખ યોજાશે. જેમાં મુખ્ય વક્તા તરીકે શ્રી ભરત મેસિયા, પ્રાધ્યાપક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જૂનાગઢ તેમજ શ્રી જયંત કોરડિયા, પ્રાધ્યાપક શ્રી યુ. કે. વાછાણી આર્ટસ એન્ડ હોમ સાયન્સ કોલેજ કેશોદની વિશેષ ઉપસ્થિતિ હશે. આ કાર્યક્રમને સફળ બનાવવા આચાર્યશ્રી ઈમ્તિયાઝ કે. કાઝી તેમજ પે સેન્ટર શાળા ૨ માણાવદરની ટીમ કાર્યરત છે. બહોળી સંખ્યામાં ભાષાપ્રેમીઓને ઉપસ્થિત થવા સર્વેને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.

# ખંભાળિયામાં સતવારા સમાજનો ૧૧ મો સમૂહલગ્ન મહોત્સવ રંગેચંગે સંપન્ન : આઠ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા પડ્યા





જામ ખંભાળિયા, તા. ૨૦

ખંભાળિયામાં રવિવારે સમસ્ત સતવારા સમાજનો ૧૧ મો સમૂહ લગ્ન મહોત્સવ અત્રે જામનગર હાઈવે રોડ પર ધરમપુર વિસ્તારમાં આવેલા શ્રી સિધ્ધનાથ મહાદેવ મંદિર - વાછરા ડાડાના મંદિર ખાતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શનિવારે રાત્રે દાંડીયારાસ, રવિવારે સવારે મંડપ રોપણ તેમજ ૧૧ વાગ્યે હસ્ત મેળાપ ઉપરાંત દાતાઓના સન્માન અને ભોજન સમારંભ બાદ બપોરે કન્યા વિદાય સહિતના વિવિધ કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતા.

આ સમૂહલગ્નમાં જ્ઞાતિના આઠ નવદંપતિઓ લગ્નગ્રંથિથી જોડાયા હતા. આ પ્રસંગે લગ્નમાં તમામ કન્યાને નાની-મોટી અનેક કિંમતી ચીજવસ્તુઓ કરિયાવર સ્વરૂપે ભેટ આપવામાં આવી હતી. આ આયોજન માટે અહીંના તેમજ દેશ વિદેશમાં વસતા જ્ઞાતિના વિવિધ દાતાઓનો આર્થિક સહયોગ પણ સાંપળ્યો હતો. જે બદલ દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ સમૂહ લગ્ન પ્રસંગે રાજકીય આગેવાનો, હોદ્દેદારો તથા કાર્યકરો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તમામ દંપતિઓને છોટે હરિદ્વાર મંદિર - બેડના મહંત શ્રી દેવશીબાપા તેમજ રામનગરના મહંત હીરા ભગત દ્વારા આશીર્વચન પાઠવવામાં આવ્યા હતા. આ સમગ્ર આયોજન માટે સતવારા જ્ઞાતિના અગ્રણી હરિભાઈ નકુમ, પુર્વ જિલ્લા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ કણઝારિયા સહિતના આગેવાનો સાથે શ્રી સતવારા સમાજ સમૂહલગ્ન સમિતિના હોદ્દેદારો, કાર્યકરો તેમજ જ્ઞાતિજનો દ્વારા નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી હતી.

# લોઢવા ગામને આંગણે પધારેલ ૧૫૦ થી વધુ સ્વામીનારાયણ સંપ્રદાયના સંતો



(ભોળા જાદવ દ્વારા)

લોઢવા, તા.૨૦

લોઢવા ગામમાં સ્વામીનારાયણ ભગવાન ત્રણ મહિના સુધી લખુભાઈ ચારણને ત્યાં રોકાયા હતા. સ્વામીનારાયણ સંપ્રદાયમાં લોઢવા ગામને પ્રસાદી સ્થળ ગણવામાં આવે છે. આ સ્થળ ઉપર બોસાસણ અક્ષર પુરસોતમ સંસ્થા પ્રમુખ એવા પ્રમુખ સ્વામી મહારાજ પણ અગાઉ લોઢવા આવેલા અને લોઢવા ગામમાં સ્વામીનારાયણ મંદિર બનાવેલ આ પ્રસાદીના સ્થળે હાલના મુખ્ય સ્વામી મહંત સ્વામી પણ લોઢવા ગામમાં પધારેલા હતા. તેમજ દેશ વિદેશથી અન્ય સંતો તથા લોકો પણ આ પ્રસાદીના સ્થળે દર્શન કરવા આવે છે. લોઢવા ગામે સારંગપુરમાં અભ્યાસ કરીને હાલ તીર્થ દર્શનેનીકળેલ ૧૫૦ થી વધુ સંતોએ લોઢવા ગામના આંગણે પધારીને સ્વામીનારાયણ મંદિર તથા સ્વામીનારાયણ ભગવાન જે વાડીમાં કાયમી સ્નાન કરતા તેવાડી તથા જેના ઘરે ભગવાન સ્વામીનારાયણ રોકાયા હતા.

તેવા લખુબાઈ ચારણની સમાધીના દર્શન કરીને લોઢવા ગામની પવિત્ર રજને માથે ચઢાવીને આ પાવન ભુમીને વંદન કરેલ હતો.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# મનોનયનની અવધારણની સમીક્ષા કરવાની જરૂર

પહેલાં રાજ્યસભામાં વિશિષ્ટ લોકોને મનોનીત કરવાનો ઉદ્દેશ્ય સદનના બૌદ્ધિક સ્તરને વધારવાનો હતો. હવે મનોનયનના માધ્યમથી વિચારધારાત્મક સંદેશ આપવામાં આવે છે તથા તેમાં ગ્લેમર, જાતિ અને પક્ષીય સંબદ્ધતાના પણ પાસાં હોય છે. છેલ્લા સાત દાયકામાં મનોનીત સાંસદોની ભૂમિકા અને ગુણવત્તામાં ભારે બદલાવ આવ્યો છે, તે કાં તો ગેરહાજર રહે છે, કે ચર્ચાથી દૂર રહીને પાછળ બેસે છે. કેટલાક દિવસ પહેલાં રાષ્ટ્રપતિએ ખાનગી સંસ્થા ચંડીગઢ યુનિવર્સિટીના સંસ્થાપક સતનામ સિંહને શિક્ષણમાં તેમના યોગદાનને રેખાંકિત કરતાં રાજ્યસભા માટે મનોનીત કર્યા. સાધારણ પૃષ્ઠભૂમિથી આવનારા સતનામ સિંહ બેહદ સફળ ઉદ્યમી સાબિત થયા. તેમની પસંદગી ગરીબ કે સામાન્ય સામાજિક અને આર્થિક પૃષ્ઠભૂમિથી આવનારા અજાણ્યા લોકોને પસંદ કરવાના વડાપ્રધાન મોદીના મોડેલને પ્રતિબિંબિત કરે છે. કોંગ્રેસના દોરમાં મનોનીત સાંસદ તેના વૈચારિક સહયોગી રહેતા હતા. હવે જે લોકો મનોનીત થઈ રહ્યા છે, તે રાજકીય રૂપે તટસ્થ છે અને દેખાતા નથી. ૧૯૫૨માં રાજ્યસભાની સ્થાપના બાદથી લગભગ ૧૪૫ લોકો મનોનીત થયા છે, તેમાંથી કેટલાકની પસંદગી એકથી વધુ વાર થઈ છે, તેમાં સૌથી વધુ સંખ્યા (૨૪) મનોરંજગ જગતથી આવનારા લોકોની છે.

જવાહરલાલ નેહરૂ અને ઈન્દિરા ગાંધીએ ૬૫, રાજીવ ગાંધીએ ૧૨ અને મનમોહન સિંહે ૧૯ લોકોને મનોનીત કર્યા હતા. તમામ ૧૪ વડાપ્રધાનો માટે માત્ર બુદ્ધિ જ માપદંડ નથી રહી, પરંતુ મનોનયન પ્રક્રિયાનો પ્રારંભ કૃપાદષ્ટિના સર્કસ રૂપે નહોતો થયો. નેહરુએ વિભિન્ન ક્ષેત્રોના સૌથી ઉત્કૃષ્ટ લોકોને મનોનીત કર્યા હતા. પહેલા ૧૨ સદસ્યોમાં ઝાકિર હુસેન (શિક્ષણવિદ), અલ્લાદી કૃષ્ણાસ્વામી (કાયદા વિશેષજ્ઞ), સત્યેન્દ નાથ બોઝ (વૈજ્ઞાનિક), રુકિમણી દેવી અરુંડેલ (કલાકાર), કાકાસાહેબ કાલેલકર (વિદ્વાન), મૈથિલીશરણ ગુપ્ત (કવિ) અને પૃથ્વીરાજ કપૂર (કલાકાર) સામેલ હતા. ભારતીય સિનેમાના બહુ મોટા નામ પૃથ્વીરાજ કપૂરે પોતાના પહેલા ભાષણમાં કહ્યું હતું, 'આપણે ભલે આકાશમાં ઉડતા હોય, પરંતુ ધરતી સાથે આપણું જોડાણ ક્યારેય ન તૂટવું જોઈએ, પંરતુ જો આપણે બહુ અર્થશાસ્ત્ર અને રાજકારણ વાંચવા લાગીએ છીએ, ત્યારે આપણું આ જોડાણ ગાયબ થવા લાગે છે, આપણો આત્મા સૂકાવા લાગે છે. આત્માના આ સૂકાવાથી આપણા નેતાઓને બચાવવા પડશે. આ જ ઉદ્દેશ્ય માટે મનોનીત સદસ્ય - શિક્ષણવિદ, વૈજ્ઞાનિક, કવિ, લેખક અને કલાકાર અહીં છે.'

જોકે નેહરૂએ એ સુનિશ્ચિત કર્યુ હતું કે પહેલી ટીમ ડાબેરી ઉદારવાદ અને આંતરરાષ્ટ્રીયતાવાદ સાથે વૈચારિક રૂપે જોડાયેલી હોય. બાદની તેમની ચૂંટણી પણ બહુ ઉત્કૃષ્ટ હતી - તારાચંદ (ઈતિહાસકાર), જયરામદાસ દૌલતરામ, મોહનલાલ સક્સેના અને આરઆર દીવાકર (સામાજિક કાર્યકર્તા). નેહરૂ શિક્ષણવિદો અને વૈજ્ઞાનિકોને પસંદ કરતા હતા અને ઈન્દિરાએ પણ એ જ રસ્તો અપનાવ્યો, પરંતુ તે એવા લોકોને પ્રાથમિકતા આપતાં હતાં, જે તેમના પ્રત્યે નિષ્ઠાવાન પણ હોય અને તેમના રાજકીય દર્શનને પણ આગળ વધારે, જેમ કે કવિ હરિવંશરાય બચ્ચન, ડાબેરી ઈતિહાસકાર નુરૂલ હસન, ઉદારવાદી શિક્ષણવિદ રશીદુદ્દીન ખાન અને વીપી દત્ત તથા કલાકાર હબીબ તનવીર. રાજીવ ગાંધીએ સલીમ અલી (પક્ષીવિદ), અમૃતા પ્રીતમ (સાહિત્યકાર), ઈલા ભટ્ટ (સામાજિક કાર્યકર્તા), એમએફ હુસેન (કલાકાર), આરકે નારાયણ (સાહિત્યકાર) અને રવિશંકર (સંગીતજ્ઞ)ને મનોનીત કર્યા હતા. નરસિંહ રાવ વૈજયંતી માલા સહિત માત્ર ચાર મનોનયન કરી શક્યા. તેનાથી આઈકે ગુજરાલને લાભ થયો, જેમણે એક જ દિવસમાં આઠ લોકોને મનોનીત કર્યા, જેમાં શબાના આઝમી પણ હતાં.

વાજપેયીએ પણ દરેક ક્ષેત્રના સેલિબ્રિટી લોકોના મનોનયનના સિદ્ધાંતનું અનુકરણ કર્યું, પરંતુ સાથે જ જાતિ કે ક્ષેત્રના આધાર પર અસફળ કે સેવાનિવૃત્તિના આરે આવી ઊભલા નેતાઓને પણ મનોનીત કર્યા. ૧૯૯૮થી ૨૦૦૩ વચ્ચે મનોનીત ૧૧ સદસ્યોમાં ત્રણ - લતા મંગેશકર, દારા સિંહ અને હેમા માલિની - બોલીવુડના હતા. વાજપેયીએ ત્રણ વૈજ્ઞાનિકો, રાજકીય લાભ માટે અર્થશાસ્ત્ર બિમલ જાલાન, પ્રખ્યાત ન્યાયવિદ ફલી નરીમન તથા ત્રણ નેતાઓને ચૂંટ્યા. તેમાંથી કેટલાકે ચર્ચાઓમાં બહુ યોગદાન આપ્યું, પરંતુ વિધાયિકાના જટિલ કામથી લગભગ અળગા જ રહ્યા. મનમોહન સિંહે પણ નામ અને પ્રસિદ્ધિના આધારે પસંદગી કરી. તેમની સરકારે લગભગ ૧૫ લોકોને મનોનીત કયા, જેમાં ત્રણ ફિલ્મ જગતના હતા - જાવેદ અખ્તર, શ્યામ બેનેગલ અને રેખા. રેખાની પસંદગી એક રહસ્ય છે, કારણ કે તેણે ક્યારેય કોઈ વિષય પર કદાચ જ એક લીટી કહી હોય. મનમોહનની અન્ય પસંદગીમાં બે મીડિયા વ્યાવસાયિકો, બે કોર્પોરેટ નેતા - અશોક ગાંગુલી અને અનુ આગા, હરિત ક્રાંતિના જનક એમએસ સ્વામીનાથન અને અર્થશાસ્ત્રી સી.રંગરાજન. દબાણમાં તેમણે ગાંધી પરિવાર પ્રત્યે નિષ્ઠાવાન કપિલા વાત્સ્યાયન અને મણિશંકર અય્યરને પણ સ્થાન આપ્યું. મશહૂર વકીલ રામ જેઠમલાણીને લાલુ પ્રસાદના દબાણને કારણે મનોનીત કરવા પડ્યા હતા.

પોતાના પહેલા કાર્યકાળમાં મોદીએ પાર્ટી અને બહારના વિભિન્ન સમૂહો અને વ્યક્તિઓના પ્રાયોજિત લોકોને મનોનીત કર્યા, પરંતુ બાદમાં તેઓ નિષ્ઠા અને ઉપયોગિતાને જોવા લાગ્યા. અત્યાર સુધી તેમણે ૨૦ મનોનયન કર્યા છે. તેમની સેલિબ્રિટી પસંદના વૈચારિક અને રાજકીય પાસાં છે - પશ્ચિમ બંગાળથી રૂપા ગાંગુલી, કેરળથી સુરેશ ગોપી અને પીટી ઉષા, તમિલનાડુથી ઈલૈયારાજા અને પૂર્વોત્તરથી મેરી કોમ. મોદીએ રાજકીય શોરબકોરની અવગણના કરીને પૂર્વ મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈને મનોનીત કર્યા. અત્યાર સુધી તેમની ચર્ચાની પ્રતિભા નથી જોવા મળી. ઈલૈયારાજા કદાચ જ ક્યારેક દેખાય છે. ગોગોઈની હાજરી ૪૦ ટકા છે. પહેલાં સેલિબ્રિટી લોકોના પ્રભાવનો ઉપયોગ નેહરુવાદી એ કોંગ્રેસના વિચારને આગળ વધારવા થતો હતો, પરંતુ હાલમાં તેઓ મિશન મોદીને આગળ વધારવામાં નિષ્ફળ રહ્યા છે. તેમને ચૂંટણી લડાવીને જ મંત્રી બનાવવા જોઈએ. તેમાં કોઈ શંકા નહીં કે મનોનીત સદસ્યોમાંથી મોટાભાગનાએ દેશનું ગૌરવ વધાર્યુ છે. અશોક યુનિવર્સિટીના એક અધ્યયનમાં રેખાંકિત કરવામાં આવ્યું છે કે છેલ્લા ૧૨ વર્ષોમાં મનોનીત સદસ્યો મોટાભાગે ગેરહાજર રહ્યા છે. સચિન તેંડુલકરની હાજરી ૨૨ ટકા અને દારા સિંહની ૫૭ ટકા રહી હતી. મોટાભાગના સદસ્યોએ વિકાસ કાર્યો માટે ફાળવાયેલ ધનનો પણ ખર્ચ નથી કર્યો. સમય આવી ગયો છેકે મનોનયનની અવધારણાની સમીક્ષા કરવામાં આવે.

# શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્ત દ્વારકા દ્વારા ચોથા આદર્શ લગ્નની કરવામાં આવી વ્યવસ્થા



(રાકેશ સામાણી દ્વારા)
દ્વારકા તા.૨૦

દ્વારકામાં દ્વારકાધીશ જગત મંદિરના પૂજારી,પંડા તીર્થ પુરોહિત સમાજ એટલે ગુગ્ગુળી બ્રાહ્મણ સમાજ. દ્વારકામાં અનેક સામાજિક પ્રવૃત્તિઓ જ્ઞાતિ દ્વારા દર વર્ષે કરવામાં આવતી હોય છે જેમાં આજરોજ જ્ઞાતિમાં ચોથા આદર્શ લગ્નનુઆયોજન કરવામાં આવ્યું હતું.દ્વારકાના વિજય મનસુખલાલ પાઢના લગ્ન હેમાબેન રમણીકલાલ દવે સાથે સંપૂર્ણ વિધિ વિધાનથી આજરોજ સંપન્ન કરવામાં આવ્યા.આ પ્રસંગે જ્ઞાતિની વ્યવસ્થાપક સમિતિના સદસ્યો, મધ્યસ્થસભા તેમજ સલાહકાર સમિતિના સભ્યો,મહિલા મંડળના સભ્યોએ ઉપસ્થિત રહીને જ્ઞાતિના આશીર્વાદ વચન પાઠવ્યા.દ્વારકા તીર્થ પંડા પાઢિયા પરિવારના યજમાન રબારી કરમસી બાર બોપલ દ્વારા ભોજન પ્રસાદ વ્યવસ્થા જ્ઞાતિવતી આપવામાં આવી. આ અમુલ્ય સેવા બદલ જ્ઞાતિના હોદ્દેદારો દ્વારા યજમાન તેમજ પાઢિયા પરિવારનો આભાર માનવામાં આવ્યો.અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા દર વર્ષે વિશાળ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવે છે જેમાં અનેક પ્રકારની સેવા વિવિધ યજમાનો દ્વારા પ્રાપ્ત થાય છે આગામી સમૂહ લગ્નનું આયોજન ૨૦૨૫ માં થશે.

# માંગરોળનાં ભાવિકો અયોધ્યા દર્શન માટે રવાના થયા




(નિલેશ રાજપરા દ્વારા)
માંગરોળ તા.૨૦

માંગરોળ થી અયોધ્યા શ્રી રામચંદ્રજી નાં ભવ્ય મંદિર નિર્માણ બાદ રામ લાલા નાં દર્શન માટે એક ટુકડી માંગરોળ થી મોહનભાઈ ગોસિયા, મેઘજીભાઈ હોદાર, જીતુભાઈ પરમાર ની આગેવાની માં રવાના થઈ, જેને વિદાઈ આપવા માટે માંગરોળ ગોપાલ કૃષ્ણ ગૌ શાળા માં વિદાયમાન આપવા માં આવેલું દરેક યાત્રિકો ને કેશરી ખેસ અને મીઠા મોઢા કરાવી વિદાઈ આપવા માં આવેલી,સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા માટે લીનેશભાઈ સોમૈયા (શહેર ભાજપ પ્રમુખ ) એ જહેમત ઉઠાવેલી,કાર્યક્રમ માં માંગરોળ DYSP કોડિયાતર, મેરામણભાઈ યાદવ, ખારવા સમાજ પ્રમુખ પરસોતમ ભાઈ,પુંજાભાઈ બારીયા તેમજ ભાજપા માંગરોળ પ્રભારી મકવાણા ભાઈ,ચેતનભાઈ કાગરાણા, સંઘ નાં બાબુભાઈ વાજા, VHP નાં વિનુભાઈ મેસવાણિયા, પ્રકાશભાઈ લાલવાણી,વંદેમાતરમ્ ગ્રુપ નાં સુદીપ ગઢીયા, રચનાત્મક સમિતિ નાં તુલશિભાઈ ગોસિયા, પંકજભાઈ રાજપરા,પ્રથમ દર્શનાર્થી ભટ્ટ, રાજેશ્વરી બહેન મહેતા, કારસેવક હરિભાઈ ખેર, માલદેભાઈ ભાદરકા, કડવા ભાઈ કરગઠયા, ST નિગમનાં ડેપોમેનેજર તથા JA પ્રકાશ ભાઈ સોલંકી જોડાયેલા કાર્યક્રમ નું સંચાલન રમેશભાઈ જોશી એ કરેલ આ તકે નગર માં અનેક લોકો એ જે રામનામ જપ નું મંત્ર લેખન કરેલું તે બધાજ મંત્ર લિખિત પત્રો વાંદેમતરમ ગ્રુપ દ્વારા યાત્રિક સંયોજક ને અર્પણ કરવામાં આવેલ.

# ખંભાળિયા રાજપૂત સમાજના હોદ્દેદારો તેમજ ટ્રસ્ટીઓની નિમણૂક



(કુંજન રાડિયા દ્વારા)
જામ ખંભાળિયા તા.૨૦

ખંભાળિયા રાજપુત સમાજના ઉપપ્રમુખ તેમજ મંત્રી સાથે ટ્રસ્ટીઓની પણ વરણી કરવામાં આવી છે. ખંભાળિયા રાજપુત સેવા સમાજના ઉપપ્રમુખ તરીકે સાથે ટ્રસ્ટી તરીકે ભાવસંગ ગુલાબસંગ જાડેજા (પૂર્વ સરપંચ, ભાતેલ) તેમજ મંત્રી અને ટ્રસ્ટી તરીકે તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ વિરેન્દ્રસિંહ ઉમેદસિંહ જાડેજાની નિમણૂક કરવામાં આવી છે. સમાજના હોદ્દેદારો તથા ટ્રસ્ટીઓની આ વરણીને જ્ઞાતિ પ્રમુખ ચંદ્રસિંહ જાડેજા તેમજ અન્ય આગેવાનો, જ્ઞાતિજનોએ આવકારી અને શુભકામનાઓ પાઠવી હતી.

## આપની આવતીકાલ કેવી જશે...?


:: રત્નકણીકા ::
જેનું મન પવિત્ર નથી તેનું મન અંતકાળે બહુ ગભરાય છે.
- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.મેહેર-૧૩૯૩, મુ. શાબાન-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, મહા સુદ-૧૧ જયા એકાદશી તા.૨૦ ફેબ્રુઆરી ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૯, મુસ્લિમ તા.૯, આર્દ્રા નક્ષત્ર, પ્રીતિ યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૨૨, સૂ.અ.૬:૪૮
આજનો દિવસ મધ્યમ છે.
આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.
- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ધાર્યા કાર્યમાં વિલંબ થાય. આર્થિક સમસ્યા હળવી બને.
વૃષભ:મનની ચંચળતા દૂર થાય. કર્મક્ષેત્રે સફળતા મળે.
મિથુન:કાર્યબોજમાં વધારો થાય. વ્યર્થ દોડાદોડી રહે.
કર્ક: માનસિક પ્રફુલિતતા રહે. આર્થિક ચિંતા દૂર થાય.
સિંહ: સાહસિક કાર્યમાં સફળતા મળે. આકસ્મીક ધન લાભ થાય.
કન્યા: ગૃહવિવાદ, પુરૂષાર્થનું શુભ ફળ મળે.
તુલા: પ્રવાસ ટાળવો હિતાવહ. આરોગ્ય બાબતે સંભાળવું.
વૃશ્ચિક:બગડેલા કાર્યો સુધરે. સંતાનથી લાભ થાય.
ધન: માનસિક ચિંતા દૂર થાય. આવકમાં વૃદ્ધિ થાય.
મકર: મહત્વની તક સાંપડે. સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થાય.
કુંભ: વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું. કર્મક્ષેત્રે પરિવર્તનનો માર્ગ ખુલે.
મીન: સંપતિ સંબંધિ કાર્યમાં સફળતા મળે.

# ઓખા ખાતે ખોડીયાર મંદિરે ખોડીયાર જયંતિ નિમિતે અન્નકોટના દર્શન



(રાકેશ સામાણી દ્વારા)
દ્વારકા તા.૨૦

ઓખા ખાતે ખોડીયાર મંદિરે ખોડીયાર જયંતિ નિમિતે અન્નકોટ ના દર્શન રાખવામાં આવેલ.મહા સુદ આઠમ ના રોજ ખોડીયાર જયંતિ નિમિતે ભવ્ય અન્નકોટ દર્શન રાખવામાં આવેલ.તેમજ સાંજે ભવ્ય આરતી રાખવામાં આવેલ જેમાં આરતી માટે ૐ નમો નારાયણ મ્યુઝિકલ પાર્ટી જેમના લાલજીભાઈ મોતિવારસ લાવેલ.જે ફ્રી સેવા આપેલ તે બદલ ઓખા ખોડીયાર મંદિર ના પૂજારી રાજેશભાઈ ઠાકર, કનુભા જાડેજા તેમજ તેમના ગ્રુપ દ્વારા સીલ તેમજ ઉપેણા ઓઢાડી સન્માન કરવામાં આવેલ. ખોડીયાર મંદિરે અન્નકોટ ના દર્શન રાખવા માટે ઓખા ખોડીયાર મંદિર ના પૂજારી રાજેશભાઈ ઠાકર તેમજ તેમના ગ્રુપ જહેમત ઉઠાવી હતી.


# પ્રભાસ-પાટણ પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ્પેક્ટર એમ. વી. પટેલ મોરબી, વડોદરા અને અમદાવાદ સુપર કામગીરી



(પ્રતિનિધી દ્વારા)
પ્રભાસ-પાટણ તા.૨૦

પ્રભાસ-પાટણ પોલીસ સ્ટેશનના નવ નિયુક્ત પોલીસ ઈન્સ્પેક્ટર એમ. વી. પટેલે વિધિવત ચાર્જ સંભાળ્યો. તારીખ ૪-૧-૧૯૮૩ ના રોજ અમદાવાદ પાસેના ધોળકા ખાતે જન્મેલા તેઓએ તેજસ્વી કારકિર્દી સાથે એમ. કોમ. સુધી અભ્યાસ કરી ૨૦૧૦માં પીએસઆઈ તરીકે ડાયરેક્ટર ભરતીથી નિમાયા. ૨૦૧૯ માં પી.આઈ. પ્રમોશનથી અમદાવાદ એન્ટી કરપ્શન બ્રાન્ચ સફળ ફરજ બજાવી. વડોદરા સીટીમાં વાળી-ગોત્રી વિસ્તાર સહિત છ વર્ષ ફરજ બજાવી. બે વર્ષ અમદાવાદ અને મોરબીના હળવદ પોલીસ મથકમાં તથા સોમનાથ મંદિર સુરક્ષા, ત્યારબાદ ગીર સોમનાથ મહિલા પોલીસ સ્ટેશન અને ત્યાંથી પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનને નિયુક્તિ કરાઈ. તેઓના મોરબી કાર્યકાળ દરમિયાન ૧૯ જેટલી રિક્ષાઓ ચોરી કરનાર ગેંગને ત્રણ આરોપીઓ સાથે ઝડપી સો ટકા મુદ્દા માલ રિકવર જપ્ત કર્યો. બરોડા સિટીના ગોત્રી ખાતે એમ બી બી એસ માં પ્રવેશ અપાવી દેવાની ઝાડમાં ફસાવી નાણાકીય કાંડ સર્જતી ગેંગને છેક નોઈડા-યુપી અને દિલ્હી સુધી તપાસમાં જઈ આરોપીઓની ધરપકડ કરી. આવી સુપેરે સફળ કામગીરી કરનાર તેઓની પ્રભાસ પાટણ નિયુક્ત થતાં સૌએ શુભેચ્છાઓ પાઠવી.

# ઉના તાલુકાના ખત્રીવાડા ગામે સમુહલગ્ન યોજાયા



(નિરવ ગઢીયા દ્વારા) ઉના તા.૨૦

ઉના તાલુકાના ખત્રીવાડા ગામે બીજો સમૂહલગ્ન યોજાયો હતો જેમાં ૧૭ દીકરના લગ્ન થયા હતા. જેમાં બધી દીકરીને માંડવામાં જ મેરજ સર્ટી આપવામાં આવ્યાં હતા. બધી દીકરીને કારિયાવર પણ આપવામાં આવ્યો હતો. ખત્રીવાડા ગામમાં એક જગ્યાએ લગ્ન તથા જમણવાર રાખેલ હતો. ખત્રીવાડા સમૂહ સમિતિએ ખુબ સરસમજાનું આયોજન કરેલ હતું.

## ગુજરાતમાં મોટું કૌભાંડ કોંગ્રેસે ખોલ્યુ

# નલ સે જલ યોજનામાં ભ્રષ્ટાચાર થયો હોવાનો કોંગ્રેસે આક્ષેપ કર્યો

ગાંધીનગર, તા.૨૦

નલ સે જલ યોજનામાં ભ્રષ્ટાચાર થયો હોવાનો કોંગ્રેસે આક્ષેપ કર્યો છે.. કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા ડૉ.મનીષ દોશીએ કહ્યું કે ગુજરાતમાં નલ સે જલ યોજનાની કામગીરી માત્ર કાગળ પર જ થઈ છે.

તેમણે કહ્યું કે ગુજરાતમાં નલ સે જલ યોજનામાં કરોડોનું કૌભાંડ થયું છે. તેમણે આક્ષેપ કર્યો કે નીચી ગુણવત્તાવાળી પાઈપો લગાવીને આ ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. અને અમુક ગામોમાં તો નલ સે જળ યોજનામાં કોઈ કામગીરી થઈ જ નથી. પાણી પુરવઠા મંત્રીના તાલુકામાં જ નલ સે જલ યોજનામાં ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનો તેમણે આક્ષેપ કર્યો. સાથે જ મુખ્યમંત્રી સુધી રજુઆત કરવા છતા કોઈ પગલા લેવામાં ન આવ્યા હોવાનું તેમણે કહ્યું. કોંગ્રેસ પ્રવકતા મનિષ દોશીએ કહ્યું કે ભાજપના પદાધિકારો દ્વારા તેમના મળતિયાઓને કોન્ટ્રાક્ટ આપી કૌભાંડ કરવામાં આવ્યું છે..


આ સાથે તેમણે તમામ ગામોની વિજિલન્સ ટીમ તપાસ કરે તેવી માંગ કરી" મોટાભાગના કોન્ટ્રાકટર્સ ભાજપના ફંજ રેઝર છે અથવા તો પછી ભાજપના પદાધિકારીઓ છે તેવું તેમણે જણાવ્યું. મનિષ દોશીએ કહ્યુ કે વિઝિલિન્સ તપાસમાં આવી અનેક ફરીયાદો મળી છે. રાજ્યના મુખ્યમંત્રી, પાણી પુરવઠા મંત્રી મૌન છે. સીધી માંગ છે કે સમગ્ર કાંડની તપાસ સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમને સોંપાય. વાસ્મોના નામે પાણી પુરવઠાના નામે ગુજરાતના નાગરિકો સાથે નળથી જળના નામે જે છળ થયું છે તેની તપાસ થાય, ૬૦ દિવસમાં જવાબદારોની ધરપકડ થાય ભાજપ સરકાર જવાબદારી સ્વીકારે.

# સાયન્સ સિટી વિસ્તારમાં ઓક્સિજન પાર્કમાં આવેલા તળાવમાં લીલ જામી ગઈ

અમદાવાદ, તા.૨૦

રાજ્યની સૌથી મોટી અને સૌથી વધુ આવક ધરાવતી અમદાવાદ મહાનગરપાલિકાના બેદરકારીના અનેક કિસ્સા અવાર નવાર સામે આવતા રહે છે. વધુ એક કિસ્સો સાયન્સ સિટી વિસ્તારમાંથી સામે આવ્યો છે. કરોડોના ખર્ચે લોકોની સુવિધા માટે ઓક્સિજન પાર્ક બનાવવામાં આવ્યો છે. આ પાર્કની અંદર એક કુત્રિમ તળાવનું પણ નિર્માણ કરાયું છે. પરંતુ આ તળાવ યોગ્ય જાળવણીના અભાવે દયનીય સ્થિતિમાં આવી ગયું છે. તળાવમાં ચારે બાજુ લીલ જામી ગઈ છે. તળાવમાં ક્યાંય પાણી નજરે પડતું જ નથી. જેના કારણે આસપાસના વિસ્તારમાં રહેતા લોકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે...અસહ્ય દુર્ગંધ મારતા આસપાસના રહીશો પરેશાન થઈ ગયા છે...આ તળાવમાં પાણીના રોટેશન માટેના પંપ લાંબા સમયથી બંધ હાલતમાં હોવાથી તળાવમાં ઓક્સિજનનું રોટેશન પણ નથી થઈ રહ્યું...જેના લીધે તળાવની આ હાલત થઈ છે...મહત્વનું છે કે ૨૫ હજાર ચોરસમીટરમાં ફેલાયેલા આ ઓક્સિજન પાર્કની જવાબદારી એક કરતાં વધુ વિભાગને સોંપવામાં આવી છે.

# ઉના : સીમર માધ્યમિક શાળાની ટીમ પ્રથમ ક્રમે વિજેતા થઈ



(નવીન જોષી દ્વારા)
ઉના તા.૨૦

તાજેતર માં ગીર સોમનાથ જિલ્લા કક્ષા ની ખેલ મહાકુંભ અંડર ૧૭ભાઈઓ ની ખો ખો સ્પર્ધા વિવેકાનંદ વિનય મંદિર સુત્રાપાડા મુકામે યોજાઈ હતી જેમાં ફાઈનલ મા ઊના તાલુકાના સીમર ગામ ની શ્રી માધ્યમિક શાળા ના વિદ્યાર્થીઓ ની ટીમ પ્રથમ ક્રમે વિજેતા જાહેર થઈ હતી હવે ઝોન કક્ષા એ સ્પર્ધા મા ભાગ લેવા જતી હોય શાળા ના આચાર્ય અભેસિંહ પરમાર, શિક્ષક પરેશ ભાઈ લખનોત્રા અને સ્ટાફે અભિનદન સાથે શુભેચ્છાઓ આપી હતી.

### ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા દરોડો પાડી રેકેટનો કરાયો પર્દાફાશ

# રાજ્યમાં હવે બનાવટી એન્ટિબાયોટિક દવાઓની ફેક્ટરી પકડાઈ : કાયદેસર કાર્યવાહી કરાઈ

ગાંધીનગર, તા.૨૦
રાજ્યભરમાં નકલી પદાર્થોના એક પછી એક કૌભાંડ સામે આવી રહ્યા છે. જેમાં હવે વિવિધ દવાઓને નકલી બનાવટની ફેક્ટરી જ સામે આવી છે. એટલું જ નહીં ફૂડ એન્ડ ડ્રગ વિભાગના દરોડામાં બનાવટી દવા બનાવતી કંપની ઉપર ચાંગોદરમાં દરોડા પાડવામાં આવ્યા જ્યાંથી રાજ્યવ્યાપી નકલી દવાઓનું કૌભાંડ સામે આવ્યું છે.

ગુજરાતના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા આ પર્દાફાશ કરવામાં આવ્યો છે. જેમાં રાજ્યની ૧૧ દવાની દુકાનો ઉપરથી ૫૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. મુખ્ય ષડયંત્રકાર તરીકે નરેશ ધનવાણીયાનું નામ આવ્યું સામે આવ્યું છે. જેની સામે કડકમાં કડક પગલાં લેવામાં આવશે. તેમજ રાજ્યભરમાંથી દરોડામાં કુલ રૂા.૧.૭૫ કરોડ વધુની કિંમતનો બનાવટી એન્ટિબાયોટીક દવાઓ સહિતનો મુદ્દામાલ જપ્ત કરાયો હોવાનું ફૂડ એન્ડ ડ્રગ કમિશનર ડો. એચ. જી. કોશિયાએ જણાવ્યું હતું.

આ સાથે જ આરોગ્ય કમિશ્નરે જણાવ્યું કે, અમદાવાદ, વડોદરા, સુરત, ભુજ, ઈડર ખાતેથી બનાવટી એન્ટીબાયોટીક દવાઓનો મોટો જથ્થો પકડાયો છે. રાજ્યના નાગરિકોને જીવન જરૂરી દવાઓ શુદ્ધ અને ગુણવત્તા યુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત કટિબદ્ધ છે. રાજ્યમાં દવાના નમુનાનું પરીક્ષણ કરી ભેળસેળ કરતાં તત્વો સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે છે અને ગેરકાયદેસર બનાવટી દવાના વેચાણમાં સંકળાયેલ ઈસમો વિરૂધ્ધ કડધ્ કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેના સાથે જ તંત્રની તપાસ દરમ્યાન એઝીથ્રોમાયસીન, સેફીક્ષીમ ડીસ્પર્સીબલ, એમોક્ષીસીલીન, પોટાશીયમ કલેવુલેનેટ, એસીક્લોફેનાક, પેરાસીટામોલ, સેરેસ્યીઓપેપ્ટીડેઝ ઘટક ધરાવતી ટેબલેટના ચકાસણી અર્થે અલગ અલગ કુલ ૦૯ દવાઓના નમુના લઈ પૃથ્થકરણ માટે ખોરાક અને ઔષધ પ્રયોગશાળા, વડોદરા ખાતે મોકલી આપવામાં આવ્યા છે. આ દવામાં વપરાતા રો-મટીરીયલ, પેકીંગ મટીરીયલ, ફોઈલ, મશીનરી વગેરે ક્યાંથી



મેળવેલ હતા, કઈ-કઈ માર્કેટીંગ કંપનીઓનું તેમજ અન્ય ઉત્પાદકોના લાયસન્સ વાપરી દવા બનાવી ગેરકાયદેસર રીતે વેચતા હતા તથા ગુજરાત તેમજ અન્ય રાજ્યોમાં આ દવાનું વેચાણ ક્યાં ક્યાં અને કેટલા સમયથી થતું હતું તેની આગળની ગહન તપાસ આ તંત્રના અધિકારીઓ દ્વારા ચાલુ છે. તંત્ર દ્વારા બનાવટી ઉત્પાદક ફેક્ટરી મે. ફાર્માકેમ માંથી માસ મીક્ષર, શીફ્ટર, કોમ્પ્રેસન મશીન (કુલ ૨), કોટીંગ મશીન, બ્લીસ્ટર પેકીંગ મશીન (કુલ ૩), એલ્યુએલ્યુ પેકીંગ મશીન (કુલ ૨), મશીનરી પાર્ટ, એએચયુ યુનીટ, એલ્યુમીનીયમ ફોઈલ, પીવીસી ફોઈલ, રૉ મટેરીયલ, કોટીંગ મટીરીયલ તૈયાર ટેબલેટ વગેરે મળીને આશરે ૧.૨૫ કરોડ રૂપિયાનો માલ કાયદેસર રીતે જપ્ત કર્યો છે. ગેરકાયદેસર રીતે અન્ય રાજ્યની લાયસન્સ ધરાવતી પેઢીના નામ અને લાયસન્સનો ઉપયોગ કરી માન્ય ટેકનીકલ પર્સન રાખ્યા વિના રો-મટીરીયલ તેમજ દવાનું ટેસ્ટીંગ કર્યા વિના બિમાર વ્યક્તિઓને ગુણવત્તા વગરની દવાઓનું વેચાણ કરી જાહેર જનતાના આરોગ્ય તથા જીવન જોખમાય તેવો ખુબ જ ગંભીર ગુનો કર્યો હોવાથી ફેક્ટરીને કાયદેસરનું સીલ મારી બંધ કરવામાં આવી છે. આ ગેરકાયદેસર રીતે વેચાણ કરવાનો લઈ દવાનું વેચાણ કયાંકયાં અને કેટલા સમયથી થતું હતું તે અંગેની તપાસ અધિકારીઓ દ્વારા કરવામાં આવી હતી.

## ઓગણજ સર્કલ ખાતે યુગલ પાસેથી ખંડણી ઉઘરાવવાના મુદ્દે સરકાર દ્વારા લેવાયેલા પગલાં બાદ અરજીનો કરાશે નિકાલ

અમદાવાદ, તા.૨૦
અમદાવાદમાં ઓગણજ પાસે પોલીસે એરપોર્ટથી પરત ફરી રહેલાં દંપતી સાથે કરેલા રૂા.૬૦ હજારના તોડકાંડના કેસમાં ગુજરાત હાઈકોર્ટે ગંભીર નોંધ લઈને સુઓમોટો સંજ્ઞાન લીધું હતું, જેની સુનાવણી ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જજ અનિરૂધ્ધ્ માયીની બેંચ સમક્ષ ચાલી રહી છે. એ મુદ્દે હાઈકોર્ટમાં વધુ સુનાવણી હાથ ધરાઈ હતી. કોર્ટના ગત આદેશ મુજબ રાજ્ય સરકારે હાઈકોર્ટમાં એફિડેવિટ ઉપર પોલીસ સામે ફરિયાદ નોંધવા માટે હેલ્પલાઈન ૧૪૪૪૯ નંબર આપ્યો હતો અને સરકાર દ્વારા તે નંબર જાહેર કરીને બહોળી પ્રસિદ્ધિ આપવામાં આવતા હવે આ અરજીની વધુ સુનાવણી આગામી સમયમાં રાખવામાં આવી છે. થયેલી અરજીની સુનાવણી દરમ્યાન કોર્ટ મિત્ર દ્વારા અદાલતને જણાવવામાં આવ્યું હતું કે, આ કેસમાં રાજ્ય સરકાર દ્વારા એફિડેવીટ દાખલ કરીને હેલ્પલાઈન નંબરને બહોળી પ્રસિદ્ધિ આપવામાં આવી હોવાનું જણાવવામાં આવ્યું છે. આથી મોટાભાગની કાર્યવાહી કરી દેવામાં આવી હોવાથી હવે આ અરજીમાં આગળ કશું કરવાનું રહેતું નથી અને અરજીનો નિકાલ થઈ શકે છે. ત્યારબાદ અદાલતે આ કેસની સુનાવણી આગામી સમયમાં રોજ રાખવામાં આવી છે. કેસની વિગતો મુજબ ગત વર્ષે ૨૫ ઓગસ્ટની રાત્રે અમદાવાદના સાઉથ બોપલમાં રહેતા મિલન કેલા તેમની પત્ની અને ૧ વર્ષના નાના દીકરા સાથે થાઈલેન્ડ ફરીને પરત અમદાવાદ એરપોર્ટ આવ્યાં હતાં, જ્યાંથી કેબ બુક કરીને તેઓ પોતાના ઘરે જઈ રહ્યાં હતાં. ત્યારે ઓગણજ સર્કલ તરફ પોલીસની એક વાન ઊભી હતી, જ્યાં ત્રણ પોલીસ જવાન અને એક વ્યક્તિ સાદાં કપડાંમાં હતી. પોલીસે કેબ રોકીને તેઓ અત્યારે ક્યાંથી આવી રહ્યાં છે? મોડીરાત્રે ટ્રાવેલ કરવું એ શહેર પોલીસ કમિશ્નરના જાહેરનામાનો ભંગ છે, અત્યારે ડ્રાઈવ ચાલી રહી છે. તમારી ઉપર કેસ થશે અને તમને ત્રણ વર્ષની સજા થશે, એમ કહીને બાદમાં મિલન કેલાને જીપ્સીમાં બેસાડી દીધા હતા અને બાદમાં આગળ જઈને પોલીસે ૨ લાખ રૂપિયા માગ્યા હતા. છેવટે પોલીસ ૬૦ હજાર રૂપિયા લેવા તૈયાર થતાં મિલનભાઈએ ૪૦ હજાર ATMમાંથી ઉપાડીને તથા ૨૦ હજાર રૂપિયા મિલનભાઈનાં પત્નીએ કેબના ડ્રાઈવરના ખાતામાં ઓનલાઈન જમા કરીને એ પણ ATMમાંથી ઉપાડીને આપ્યા હતા. બાદમાં આ મુદ્દે સોલા હાઈકોર્ટ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. એટલું જ નહીં, શહેર પોલીસ કમિશ્નર સુધી વાત પહોંચતાં ત્રણેય આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, જેમાં 'એ' ડિવિઝન ટ્રાફિક-પોલીસ મથકમાં ફરજ બજાવતા મુકેશ, અશોક તથા TRB જવાન વિશાલનો સમાવેશ થાય છે. અગાઉની સુનાવણીમાં રાજ્ય સરકાર તરફથી એડવોકેટ જનરલ દ્વારા રજૂઆત કરાઈ હતી કે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને આ નંબર ૧૪૪૪૯ આપવામાં આવ્યો છે. આ હેલ્પલાઈન ૨૪ કલાક અને ૩૬૫ દિવસ કાર્યરત રહેશે અને નાગરિકો પોલીસે વિરૂધ્ધ કોધ્ ફરિયાદ હશે તો કરી શકશે. ત્યારબાદ તેના બાબતે યોગ્ય પગલાં લેવાશે. રાજ્યમાં ભ્રષ્ટાચાર નિવારણ માટે એન્ટી કરપ્શન બ્યૂરોની હેલ્પલાઈન ૧૦૬૪ અને મહિલાઓની મદદ માટે વુમન હેલ્પલાઈન ૧૦૯૧ પણ પ્રચલિત છે. એવી જ રીતે પોલીસ સામે ફરિયાદ નોંધાવવા આ હેલ્પલાઈન નંબર પણ પ્રચલિત થશે.

## મુંબઈ એરપોર્ટ ઉપર વ્હીલચેર ઉપલબ્ધ ન કરાવતાં એર ઈન્ડિયાના ૮૦ વર્ષીય વૃધ્ધ મુસાફર ૧.૫ કિ.મી. ચાલ્યાં, કાર્ડિયાક અરેસ્ટને કારણે મોત

મુંબઈ તા.૨૦
મુંબઈ એરપોર્ટ ઉપર વ્હીલચેરના અભાવે ફ્લાઈટ ટર્મિનલથી એરપોર્ટ સુધી દોઢ કિલોમીટર ચાલ્યા પછી એક ૮૦ વર્ષીય વ્યક્તિનું મૃત્યુ થયું હતું. મૃતક તેમની પત્ની સાથે એર ઈન્ડિયાની ફ્લાઈટમાં ન્યૂયોર્કથી ભારત આવ્યા હતા. એર ઈન્ડિયાએ શુક્રવારે (૧૬ ફેબ્રુઆરી) આ ઘટના અંગે માહિતી આપી હતી. એવું કહેવામાં આવ્યું હતું કે ઈમિગ્રેશન કાઉન્ટર ઉપર પાસપોર્ટ ચેકિંગ દરમ્યાન વૃદ્ધ વ્યક્તિ ઢળી પડ્યા ગયા હતા. મુંબઈ એરપોર્ટ ઉપર તબીબી સુવિધા પૂરી પાડ્યા બાદ તેમને નાણાવટી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં તેમનું મૃત્યુ થઈ ચૂક્યું હતું. મૃત્યુનું કારણ હાર્ટ એટેક હોવાનું કહેવાય છે. મળતી માહિતી મુજબ, એરપોર્ટ ઉપર વ્હીલચેર ન હોવાના કારણે તેમને માત્ર એક વ્હીલચેર આસિસ્ટન્ટ મળી હતી. વૃદ્ધે તેની પત્નીને તેના ઉપર બેસાડીને પોતે ચાલીને જવાનું નક્કી કર્યું. અહેવાલો અનુસાર, વૃદ્ધ વ્યક્તિ લગભગ ૧.૫ કિલોમીટર ચાલ્યા પછી ઈમિગ્રેશન કાઉન્ટર પહોંચ્યા જ્યાં તેઓ હાર્ટ એટેકને કારણે પડી ગયા. તેમને એરપોર્ટ મેડિકલ ફેસિલિટી અને ત્યાંથી નાણાવટી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. વૃદ્ધ વ્યક્તિ ભારતીય મૂળની હતી અને તેમની પાસે અમેરિકન પાસપોર્ટ હતો. અહેવાલો અનુસાર, વૃદ્ધ વ્યક્તિએ વ્હીલચેર સેવા માટે પ્રી-બુક કર્યું હતું. તેમનું વિમાન રવિવારે ન્યુયોર્કથી રવાના થયું હતું. પ્લેનમાં ૩૨ વ્હીલચેર પેસેન્જર્સ હતા પરંતુ મુંબઈ




પહોંચ્યા બાદ તેમની મદદ માટે માત્ર ૧૫ વ્હીલચેર જ ઉપલબ્ધ હતી. એર ઈન્ડિયાના પ્રવક્તાએ આ અંગે જણાવ્યું છે કે વ્હીલચેરની ભારે માગને કારણે અમે પેસેન્જરને થોડીવાર રાહ જોવાની વિનંતી કરી હતી જેથી વ્હીલચેરની વ્યવસ્થા થઈ શકે પરંતુ તેમણે તેમની પત્ની સાથે ચાલીને જવાનું જણાવ્યું હતું. આને ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ ઘટના ગણાવતા એર ઈન્ડિયાએ કહ્યું કે અમે પીડિત પરિવારના સંપર્કમાં છીએ અને તેમને તમામ જરૂરી સહયોગ આપી રહ્યા છીએ. એરપોર્ટ ઉપર કામ કરતા એક વ્યક્તિએ કહ્યું કે આપણે ઘણીવાર જોઈએ છીએ કે વૃદ્ધ યુગલો એકબીજાથી અલગ થવા માગતા નથી અને એરપોર્ટ ટર્મિનલ સુધી પ્લેનમાં એકલા મુસાફરી કરવા માગતા નથી. જેમને ચાલવામાં તકલીફ પડતી હોય તેઓ પ્લેનથી એરપોર્ટ ટર્મિનલ જતી વખતે પત્ની કે પતિ સાથે રહેવાનું પસંદ કરે છે.

## સ્પેશિયલ એજ્યુકેટરની ૩ હજાર જગ્યા સામે પાસ થયેલા માત્ર ૧૮૮ ઉમેદવારો

અમદાવાદ, તા.૨૦
રાજ્યની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકોના શિક્ષણ માટે ૩ હજાર સ્પેશિયલ એજ્યુકેટરની ભરતી સામે પાસ થયેલા ઉમેદવારોની સંખ્યા માંત્ર ૧૮૮ જ હોવાનું જાણવા મળે છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા મે ૨૦૨૩માં સ્પેશિયલ એજ્યુકેટર માટે પરીક્ષા લેવામાં આવી હતી અને તેનું પરિણામ જુલાઈ ૨૦૨૩માં જાહેર કરાયું હતું, જેમાં માત્ર ૧૮૮ ઉમેદવારો જ પાસ થયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક સ્કૂલોમાં અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકો માટે સ્પેશિયલ એજ્યુકેટરની નિમણૂક કરવાનો નિર્ણય લીધો હતો. જેમાં ધો.૧થી પાંચમા ૧૮૬૧ અને ધો.૬થી ૮મા ૧૧૩૯ જેટલા સ્પેશિયલ એજ્યુકેટરની ભરતી માટેની કાર્યવાહી હાથ પર લેવામાં આવી છે. સ્પેશિયલ એજ્યુકેટર બનવા માટેની TET-1 અને TET-2ની પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડને લેવાની જવાબદારી સોંપવામાં આવી હતી. જેથી રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૨૫ મે, ૨૦૨૩ના રોજ આ પરીક્ષાનું આયોજન કર્યું હતું. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેર કરાયેલા પરિણામમાં ધો.૧થી પાંચની સ્કૂલોમાં સ્પેશિયલ એજ્યુકેટર બનવા માટે લેવાયેલી પરીક્ષામાં માત્ર ૩૫ ઉમેદવારો જ પાસ થવામાં સફળ રહ્યા હતા. જ્યારે ધો.૬થી ૮ની સ્કૂલોમાં સ્પેશિયલ એજ્યુકેટર બનવા માટેની પરીક્ષામાં ૧૫૩ ઉમેદવારો સફળ રહ્યા હતા. આમ, બંને મળીને કુલ ૧૮૮ ઉમેદવારો જ સ્પેશિયલ એજ્યુકેટર બનવા માટે લાયક બન્યા હતા. આમ, માત્ર ૧૮૮ ઉમેદવારો જ લાયક બન્યા છે ત્યારે શિક્ષણ વિભાગ દ્વારા તાજેતરમાં જ ૩ હજાર સ્પેશિયલ એજ્યુકેટરની ભરતી માટેની જાહેરાત કરી હોવાનું સામે આવ્યું છે.

## જાપાનને પછાડી જર્મની વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બન્યું, ભારત પાસે મોટી તક

**બ્રિટન અને જાપાન મંદીમાં સપડાયા, જાપાનના જીડીપીમાં ઘટાડો, વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર ધરાવતા ટોપ-૧૦ દેશોની યાદીમાં ભારત હાલમાં પમા ક્રમે છે**

(એજન્સી) તા.૨૦
દુનિયાના અનેક દેશોના અર્થતંત્ર ડગમગી ગયા છે. વિશ્વની ત્રીજી સૌથી મોટી ઈકોનોમી ધરાવતો દેશ જાપાન મંદીની લપેટમાં આવી ગયો છે. જો કે તેની સાથે સાથે બ્રિટનની હાલત પણ દયનીય થઈ ગઈ છે અને બંને દેશો ભારે મંદીના સકંજામાં ફસાઈ ગયા છે. આ સૌથી વચ્ચે જાપાનને પછાડી જમર્ની વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે. વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર ધરાવતા ટોપ-૧૦ દેશોની યાદીમાં ભારતનું સ્થાન હાલમાં પમાં ક્રમે છે. જો ભારત ઝડપથી વિકાસ કરતો રહેશે તો ટૂંક સમયમાં જ તે દુનિયાનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બની શકે છે. ઉલ્લેખનીય છે કે જાપાનના અર્થતંત્રમાં મંદીના વાદળો છવાયા છે. તેના જીડીપીમાં પણ ઘટાડો થયો છે જેના લીધે તેના રેક્િંગ ઉપર માઠી અસર જોવા મળી છે. ગત વર્ષે ઓક્ટોબર-ડિસેમ્બરમાં જાપાનનો વાર્ષિક જીડીપી ૦.૪ ટકા સુધી ગગડી ગયો હતો. અમેરિકી ડોલરની તુલનાએ તેની કરન્સી યેનની વેલ્યૂ પણ ઘટી હતી. હાલમાં, જાપાનનો જીડીપી ૪.૨ ટ્રિલિયન ડોલર છે, જેના લીધે જર્મની ૪.૫ ટ્રિલિયન ડોલર સાથે વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર ધરાવતો દેશ બની ગયો છે. જર્મનીની જગ્યાએ જાપાન એક સ્થાન લપસી ગયું છે અને ચોથા સ્થાને પહોંચી ગયું છે. આ અંગે અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે રેક્િંગમાં વધઘટનું મુખ્ય કારણ જાપાનની અર્થવ્યવસ્થાને બદલે ચલણ યેનમાં થયેલો ઘટાડો છે. એક તરફ, વિશ્વની ટોચની ત્રણ રેક્િંગમાં ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યા છે તો બીજી તરફ ભારતની અર્થવ્યવસ્થા ઝડપથી આગળ વધી રહી છે. આવી સ્થિતિમાં ભારત પાસે હવે જર્મની અને જાપાનને પાછળ છોડીને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાની તક છે. વર્લ્ડ ઓફ સ્ટેટિસ્ટિક્સ ઉપર જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, ૨૦૨૮માં ચીન વિશ્વની અર્થવ્યવસ્થામાં ટોચના સ્થાને હશે અને ભારત ત્રીજા સ્થાને હશે. IMFના ડેટા અનુસાર, ભારત ૨૦૨૬માં જાપાન અને ૨૦૨૭માં જર્મનીથી આગળ નીકળી શકે છે, પરંતુ બંને દેશોની સ્થિતિને જોતા એવું લાગે છે કે ભારત ટૂંક સમયમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે.

## ICMRની સ્ટડીમાં ચોંકાવનારો દાવો, ૭૫% નોકરિયાત યુવાઓ સામે કેન્સરનું જોખમ, આ છે તેનું કારણ

**રિપોર્ટમાં દાવો, મેટાબોલિકના લક્ષણ દેખાયા, અભ્યાસમાં ૪૫.૨ ટકા કર્મચારીઓ વધુ વજનના, ૧૬.૮૫ ટકા મેદસ્વીગ્રસ્ત, ૩.૮૯ ટકા ડાયાબિટીસથી પીડિત અને ૬૪.૯૩ ટકામાં કોલેસ્ટ્રોલનું સ્તર વધુ હોવાનો ખુલાસા**

(એજન્સી) તા.૨૦
આજના સમયમાં નોકરીયાત યુવાઓમાં માનસિક તણાવ હોવાની સામાન્ય વાત છે, પરંતુ તમે એ જાણીને ચોંકી જશો કે, નોકરીયાત લોકોમાં કેન્સરનું જોખમ પણ રહેલું છે. નવી દિલ્હીમાં આવેલી ભારતીય તબીબી સંશોધન પરિષદ (ICMR)ના અભ્યાસમાં ૭૫ ટકા કર્મચારીઓમાં મેટાબોલિક સિન્ડ્રોમ હોવાનો ખુલાસો થયો છે. મેટાબોલિક સિન્ડ્રોમ રોગ નહીં પણ એક સ્થિતિ છે, જેમાં હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, સ્થૂળતા અને અનિયંત્રિત કોલેસ્ટ્રોલ સહિતની સમસ્યાઓનો સમાવેશ થાય છે. આ લક્ષણો ૪૫ વર્ષથી ઓછી ઉંમરના લોકોમાં વધુ જોવા મળે છે, પરંતુ જ્યારે તેઓ આ લક્ષણો સાથે ૬૫ વર્ષની ઉંમર સુધી પહોંચે, ત્યાં સુધીમાં કેન્સરનું જોખમ વધી જાય છે. શરીરમાં રોગ હોવાના કારણે મેટોબોલિક સિન્ડ્રોમની સ્થિતિ ઉદભવે છે. હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, સ્થૂળતા અને અનિયંત્રિત કોલેસ્ટ્રોલના સંયુક્ત સ્વરૂપને મેટાબોલિક સિન્ડ્રોમ કહેવામાં આવે છે. હૃદયની બીમારીઓ ઉપરાંત તે કેન્સર અને સ્ટ્રોક જેવા રોગોનું જોખમ પણ દર્શાવે છે.




આઈસીએમઆર હેઠળની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યુટ્રિશને ત્રણ મોટી આઈટી કંપનીઓમાં કામ કરતા યુવાનો ઉપર અભ્યાસ હાથ ધર્યો હતો. જેમાં તમામની ઉંમર ૩૦થી ઓછી હતી. તપાસમાં દર બેમાંથી એક વ્યક્તિ વધુ વજન ધરાવતો અથવા મેદસ્વી હોવાનો ખુલાસો થયો છે. ૧૦માંથી છ કર્મચારીઓમાં એચડીએલ એટલે કે, કોલેસ્ટ્રોલનું સ્તર વધુ છે, જેના કારણે ભવિષ્યમાં હાર્ટ સંબંધીત બિમારીઓ વધવાની સંભાવના છે. અભ્યાસમાં ૪૫.૨ ટકા કર્મચારીઓ વધુ વજનના, ૧૬.૮૫ ટકા મેદસ્વીગ્રસ્ત, ૩.૮૯ ટકા ડાયાબિટીસથી પીડિત અને ૬૪.૯૩ ટકામાં કોલેસ્ટ્રોલનું સ્તર વધુ હોવાનો ખુલાસો થયો છે. અભ્યાસ મુજબ સૌથી વધુ નોકરિયાત યુવાઓ આઈટી અને બિઝનેસ પ્રોસેસ આઉટ સોર્સિંગ (BPO) જેવા સેક્ટરમાં છે, પરંતુ અહીં કાર્યસ્થળો ઉપર ભોજન અને વાતાવરણ તેમને સ્થૂળતા અને બિનઆરોગ્યપ્રદ વાતાવરણ આપી રહ્યું છે. મેડિકલ જનરલ એમડીસીપીઆઈ દ્વારા પ્રકાશિત 'વ્યવસાયિક સ્વાસ્થ્ય ઉપર રોગો અને પોષક વિકૃતિઓની અસર'માં આ અભ્યાસને સામેલ કરાયો છે.

## ચાલબાજ ચીન સામે LAC ઉપર ભારતની તાકાત વધી




લદાખ, તા.૨૦
ચીને જૂન ૨૦૨૦માં લદાખમાં થયેલી હિંસક ઝડપ અને ડિસેમ્બર ૨૦૨૨માં અરૂણાચલ પ્રદેશના ત્યાંસેમાં થયેલી ઝડપ અને વાસ્તવિક નિયંત્રણ રેખા ઉપર સ્થિતિ બદલવાના પ્રયત્ન કર્યા હતા. ચીનની આ તાકાત જોઈને ભારતે વાસ્તવિક નિયંત્રણ રેખા ઉપર પોતાની ફાયર પાવરને વધુ મજબૂત કરવાનું શરૂ કરી દીધુ છે. ભારત અને ચીનની સરહદ ઉપર બનેલી લાઈન ઓફ એક્ચુઅલ કંટ્રોલ એટલે કે LAC પર ભારતીય સેનાએ LAC ઉપર 'સિગ સૌર' રાઈફલને તૈનાત કરી દીધી છે. દુનિયાની સૌથી સારી રાઈફલ SIG-716ને વાસ્તવિક નિયંત્રણ રેખા ઉપર તૈનાત કરવામાં આવી છે. તેને LAC અને LOC સહિત કાઉન્ટર ઈનસર્જેન્સી ઓપરેશન્સ માટે જવાનોને આપવામાં આવી રહી છે. LAC ઉપર ભારતે ઘાતક હથિયારોથી પોતાની તૈયારી ચાલબાજ ચીનની સામે વધુ મજબૂત કરી છે. અહીં લાઈટ વેઈટ રોકેટ લોન્ચર માર્ક-૪, LMG અને સ્નિપર્સ રાઈફલ પણ હાલમાં તૈનાત કરવામાં આવી છે. અરૂણાચલ પ્રદેશના તવાંગ સેક્ટરમાં ઝડપ બાદ ત્યાં મોટી માત્રામાં હથિયાર પહોંચાડવામાં આવી રહ્યા હતા. હવે ભારત અરૂણાચલ પ્રદેશના ઈસ્ટર્ન સેક્ટરમાં મજબૂતી ઉપર ધ્યાન આપી રહ્યું છે. ચીનની સામે LACની પાસે કિબિથૂ પર હોવિત્ઝર ગન M 777, 155 MM કેલિબર ગન અને 105MM લાઈટ ફિલ્ડ હોવિત્ઝરને તૈનાત કરવામાં આવી છે.

# પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ ખાતે ૭૬ શિબિરાર્થીઓ એ ૧૦ દિવસીય ખડક ચઢાણ તાલીમ પૂર્ણ કરી

## ગિરનાર ઉપર સાફ સફાઈ અભિયાનમાં પણ સહભાગી બનતા તાલીમાર્થીઓ






જૂનાગઢ તા. ૨૦

પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢના કુલ ૭૬ શિબિરાર્થીઓ એ ૧૦ દિવસીય ખડક ચઢાણ તાલીમ પૂર્ણ કરી સાથોસાથ ગિરનાર ઉપર વન વિભાગના સહયોગથી સાફ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતું. રાજય સરકારના કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગરના ઉપક્રમે, પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ આયોજીત ખડક ચઢાણ બેઝિક કોર્સ જૂનાગઢ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના કુલ ૬૫ તેમજ વ્યક્તિગત ૧૧ મળી કુલ ૭૬ તાલીમાર્થીઓ એ ભાગ લીધો હતો. પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢના બેઝિક કોર્સનો સમાપન કાર્યક્રમ ડો. આર.એમ.સોલંકી, નિયામક, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિઓ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ તકે આચાર્ય, વાલી- એ- સોરઠ હાઈસ્કુલ, હારૂન વિહળ, ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ, ઉપેન્દ્રસિંહ એમ. રાઠોડ તથા માનદ ઈન્સ્ટ્રક્ટરના હસ્તે તાલીમાર્થીઓને પ્રમાણપત્રો આપી સન્માનિત કરાયા હતા.

કાર્યક્રમના અધ્યક્ષ ડો. આર.એમ.સોલંકીએ તાલીમાર્થીઓ ને શિબિરને અનુરૂપ માર્ગદર્શન આપતા જણાવ્યુ હતુ કે, મક્કમ મનોબળ જો કોઈમાં હોય તો તે વ્યક્તિ પહાડ જેવી મુસીબતોનો સામનો પણ કરી શકે છે. દર વર્ષે કૃષિ યુનિવર્સીટીના વિધાર્થીઓને આ તાલીમ કેન્દ્રમાં પર્વતારોહણની તાલીમ અર્થે મોકલે છે. ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ, ઉપેન્દ્રસિંહ એમ. રાઠોડએ શાબ્દિક અભિવાદન કર્યુ હતુ. કાર્યક્રમનું સંચાલન હેમાંશી ડોબા જૂનાગઢ તેમજ પ્રિયાંશી ભટ્ટ જૂનાગઢ એ કર્યુ હતુ. કાર્યક્રમની આભાર વિધિ માનદ ઈન્સ્ટ્રક્ટર પ્રદીપકુમારએ કરી હતી. આ ખડક ચઢાણ બેઝિક કોર્સમાં, અંબર વિષ્ણુ માઉન્ટ આબુ, પ્રદીપકુમાર રાજસ્થાન, વિક્રમ જાદવ માળિયા હાટીના, સમીર સોલંકી અમદાવાદ, કર્ણ આશિષ અમદાવાદ, પરેશ ચૌધરી દિયોદર, અંકિત પ્રજાપતિ અમદાવાદ, માર્ગી રાવલ જુનાગઢ, એ માનદ ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવા આપી હતી.

# બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ ખાતે Accreditation frame work of NAAC વિષય પર કાર્યશાળા યોજાઈ




જૂનાગઢ તા.૨૦

બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ, જૂનાગઢ ખાતે ક્વોલીટી અસ્યોરન્સ સેલ- કે.સી.જી, અને બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ જૂનાગઢ દ્વારા સયુંક્ત રીતે " accreditation frame work of NAAC" વિષય પર એક રાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં કોલેજના ૬૦ થી પણ વધુ પ્રતિભાગી અધ્યાપકશ્રીઓ આ કાર્યશાળામાં હાજર રહ્યા હતા. તથા નેક ઈન્સ્પેક્શન માટે કેવી રીતે સજ્જ થવુ તે તજજ્ઞો દ્વારા શિખ્યા હતા. આ કાર્યશાળામાં મુખ્ય અતિથી તરીકે ભક્તકવિ નરસિંહમેહતા યુનિવર્સીટીના કુલપતી શ્રી ચેતનભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યશાળાના મુખ્ય વકતા તરીકે પુર્વ કુલપતીશ્રી હેમીક્ષાબેન રાવ તથા ડૉ. ફિરોઝ શેખ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યશાળા દરમિયાન બહાઉદ્દીન આર્ટસ કોલેજ, જૂનાગઢ દ્વારા કુલ આઠ કોલેજો સાથે જ્ઞાન અને સંસોધનની ગુણવત્તા સુધારણા હેતુ વિવિધ એમ.ઓ.યુ. પણ કર્યા હતા. જેમાં સરકારી સાયન્સ કોલેજ- વેરાવળ, સરકારી આર્ટસ કોલેજ-ભેસાણ, સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ-તાલાલા, એમ.એમ. ઘોડાસરા કોલેજ- જૂનાગઢ, ડૉ. સુભાષ કોલેજ- જૂનાગઢ, જે.એમ. પાનેરા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ- માણાવદર, જેજેસીઈટી કોમર્સ કોલેજ-જૂનાગઢ, એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ-કેશોદ સાથે એમ.ઓ.યુ કરાયા હતા. આમ, ભવિષ્યમાં આ એમ.ઓ.યુ. નો લાભ આ ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા તમામ વિધાર્થીઓને થશે તથા શિક્ષણની ગુણવત્તામાં સુધારો થશે. આ કાર્યશાળાનુ સંયોજન ડૉ.જીતેન પરમાર દ્વારા કરવામાં આવ્યુ હતું. સમગ્ર આયોજન બદલ આચાર્યશ્રી ડૉ. પી.વી. બારસિયા દ્વારા સર્વેને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# અંબાડા મુકામે ગીરસોમનાથનો જિલ્લાકક્ષાનો ખેલ મહાકુંભ ૨.૦ યોજાયો

વેરાવળ તા. ૨૦

અંબાડા પ્રાથમિક શાળા તા.ગીરગઢડા જિ. ગીરસોમનાથ મુકામે તા.૧૫/૦૨/૨૦૨૪ નાં જિલ્લા રમતગમત અધિકારી કાનજીભાઈ ભાલિયા તથા જિલ્લા કન્વીનર દિલીપભાઈ માલકિયાના માર્ગદર્શન હેઠળ ગીરસોમનાથ જિલ્લા અંડર ૧૪ ભાઈઓ-બહેનોની ખો-ખો સ્પર્ધા સંપન્ન કરાઈ છે. અંદાજિત ૨૪ ટીમે અને ૩૦૦ રમતવીરે ભાગ લીધો હતો. જેમાં મુખ્ય અતિથિ તરીકે ધારાસભ્યશ્રીના પ્રતિનિધિ તરીકે વિજયભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા અને તેમના કરકમળથી દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યો હતો. તેમની સાથે ધીરૂભાઈ છગ પણ ઉપસ્થિત રહ્યા હતા. રમતવીરોને ખેલભાવનાની ઓથ અને પરિચય દિલીપભાઈ માલકિયાએ કરાવ્યો હતો. ઉપસ્થિત સૌ રમતવીર પ્રેક્ષકોએ રાષ્ટ્રગાન સાથે રાષ્ટ્રધ્વને સમ્માન સલામી આપી હતી. ત્યારબાદ રમતને સ્પર્ધાને ખુલ્લી મુકવામા આવી હતી.

આ પ્રસંગે તમામ પ્રતિભાગી રમતવીરને ધારાસભ્યશ્રી તરફથી પુરસ્કાર,અલ્પાહાર, ફળ અને શીતપેય રમતવીરોને અર્પણ કરી બિરદાવી પ્રોત્સાહિત કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમને સફળતા પૂર્વક સંપન્ન કરવા શાળાના આચાર્ય શાંતિભાઈ નાંડોળા, કરસનભાઈ બારૈયા, રઘુભાઈ બારડ, અનિલભાઈ બાંભણિયા , સંતોષભાઈ નંદવાણા , ઉપેન્દ્ર ભાઈ બાંભણિયા, ચંદ્રેશભાઈ ડાભી, વાઢેરભાઈ તથા સમગ્ર શાળા પરિવારે પુરતો સહયોગ કર્યો હતો.કાર્યક્રમના અંતે જિલ્લા કન્વીનર દિલીપભાઈ માલકિયાએ આભાર વિધિ સાથે સાથે બાળકોમાં રહેલી પ્રતિભાને અવસર મળે, યોગ્ય સુવિધા સાથે શારીરિક વિકાસ સાથે એકતા, સહયોગ અને ખેલભાવના જેવા સકારાત્મક ગુણ વિકસિત થાય તે માટે માર્ગદર્શન અને અને સૌ રમતવીરો, આયોજકો, ઉપસ્થિત મહેમાનો, પ્રેક્ષકો, રેફીઓ , પોલીસ સ્ટાફ ગીરગઢડા તથા અંબાડા પ્રાથમિક શાળા પરિવાર અને ધારાસભ્ય ઉના ગીરગઢડા નો આભાર વ્યકત કર્યો હતો.

# કસ્તુરબા ધામ ત્રંબા ખાતે બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન અને બિઝનેશ એકપોસ યોજાયો





(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૦

શર્મિલાબેન બાંભણીયા દ્વારા સંચાલિત પોપ્યુલર શૈક્ષણિક સ્કુલ કસ્તુરબાધામ (ત્રંબા) મુકામે બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન અને બિઝનેશ એક્સપો ૨૦૨૩-૨૪ અંતર્ગત યોજાયો હતો. પોપ્યુલર સ્કુલના આંગણે બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં પ્રતિભાવંત અને સર્જનશીલ બાળ વૈજ્ઞાનિકો દ્વારા વિજ્ઞાનનો પ્રાયોગિક, દર્શનિક અને પ્રમાણભુત અભ્યાસ કરવા માટે જાત અનુભવ અનિવાર્ય છે. પોતે કરેલા પ્રયોગોથી વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક સિદ્ધાંતોના પ્રત્યક્ષ પરિણામો અને અનુભવો જાળવા મળે છે. આથી વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક સત્યો પ્રત્યે દ્રઢ વિશ્વાસ પેદા થાય છે. પ્રયોગોના તારણોમાંથી વિદ્યાર્થીઓને નવા સિદ્ધાંતો શોધવાની દ્રષ્ટિ, સુઝ અને ઊંડી જિજ્ઞાસા જાગુત થાય છે. તેમજ વિજ્ઞાનના જ્ઞાનનો સ્વાનુભવ કરાવે છે. આમ, વૈજ્ઞાનિક કૌશલ્ય વિજ્ઞાની બનવા પ્રેરણા આપે છે આ હેતુથી પોપ્યુલર શાળાના પટાંગણમાં તા.૧૬ ફેબ્રુઆરીનાં રોજ જીલ્લા પંચાયત રાજકોટના પ્રવિણાબેન રંગાણી તથા જીલ્લા પંચાયત રાજકોટ શિક્ષણ સમિતિના લીલાબેન ઠુંમરે દ્વારા ઉદઘાટન કરેલ હતું. આ પ્રસંગે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શર્મિલાબેન બાંભણીયા તથા ટ્રસ્ટી લખનભાઈ બાંભણીયા, ત્રંબા ગામના સરપંચ દર્શનાબેન ભાવેશભાઈ પીઠવા, રાજકોટ જીલ્લા ભાજપ બક્ષીપંચના નવીનપરી ગૌસ્વામી, રાજકોટ જીલ્લા સોશિયલ મીડિયા ઈન્ચાર્જ નિખિલભાઈ ગજ્જર, રાજકોટ વિધાનસભા ૭૧ બક્ષિપંચ મોરચા સયોંજક દેવેન્દ્રભાઈ કે, બારોટ ઉપસ્થિત રહેલા. તા. ૧૬-૧૭ ફેબ્રુઆરી સવારે ૯ થી સાંજના ૬ વાગ્યા સુધી અતિભવ્ય એક-એક થી ચડિયાતી વિજ્ઞાન- ગણિતની ૩૦ જેટલી પ્રાયોગિક કૃતિઓના માહિતી સાથેના ચાર્ટ તેમજ કાર્ય કરતાં ફ્રી એનર્જી પ્રોજેકટ, ડ્રોન, સોલર સિસ્ટમ, સેનસર લાઈટ, રોબોટ, વેક્યુમ કલીનર, ચન્દ્રયાન વિથ રડાર, પવન ચક્કી વગેરે જેવા વર્કિંગ મોડેલો રજુ કરેલ જેનો લાભ લેવા ત્રંબા ગામની આસપાસ ૧૫ થી ૨૦ જેટલા ગામના વિદ્યાર્થીઓ અને વાલીઓએ મન ભરીને લાભ લીધેલ. તંદુપરાંત શાળાના ધોરણે ૧૧-૧૨ ના વિદ્યાર્થીઓ દ્વારા બિઝનેશ એક્સપોમાં ધંધા- રોજગારી લગતા અવનવા પ્રોજેકટ તેમજ અનવની વસ્તુઓના સ્ટોલ જેવોકે સ્ટેશનરી, કપડાં, ઈમિટેશન, કટલેરી, જીવન જરૂરિયાતની વસ્તુના સ્ટોલ તથા નાના બાળકો માટેના ગેમ ઝોન તેમજ ફૂડ ઝોનનો લાભ માણેલ. આ સાયન્સ ફેર તથા બિઝનેશ એક્સપોમાં હેલ્થ પાર્ટનર તરીકે ગોકુલ હોસ્પિટલ કુવાડવા રોડ, રાજકોટનો આરોગ્યલક્ષી ચકાસણી અંગેનો સ્ટોલ તથા એઈમટ્રોન ફાઉન્ડેશન (યુ.એસ.એ) દ્વારા સમાજલક્ષી પ્રવૃત્તિની માહિતીનો સ્ટોલ ઉપરાંત કોમર્શિયલ બેનરો વગેરેનો સમાવેશ કરેલ. આશરે ૧૫૦૦ વાલીઓ દ્વારા અભિપ્રાયો, માર્ગદર્શકઓના માર્ગદર્શન હેઠળ સારામાં સારી કૃતિઓની પસંદગી કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂં પાડેલ. બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ લાભ લીધેલ. આ કાર્યકર્મને સફળ બનાવવા શાળાના મેનેજિંગ ટ્રસ્ટી શર્મિલાબેન બાંભણીયાના માર્ગદર્શન હેઠળ તેમજ શાળાના કેમ્પસ ડાયરેક્ટર મગનભાઈ પણસારા, શાળાના પ્રિન્સિપાલ રમેશભાઈ ધાડવી, HOD હરીશભાઈ વિરમગામા, વિજ્ઞાન શિક્ષક મિલનભાઈ તોગડિયા, કોમ્પ્યુટર શિક્ષક રાજભાઈ વાઘેલા, ડિફેન્સ એકેડેમીના હેડ રાજેશભાઈ અણદાણી તથા તેમના તાલીમાર્થીઓ તેમજ શાળાના તમામ શૈક્ષણિક સ્ટાફ તથા બિનશૈક્ષલિક સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવેલ જે સફળતા પૂર્વક પાર પાડેલ હતો.

# ચારણ સમાજની ટિપ્પણી સંદર્ભે સમગ્ર ઘટનાને વખોડી આહીર સમાજ વતી સોમનાથના પૂર્વ ધારાસભ્ય રાજશીભાઈ જોટવાએ માફી માંગી

**વર્ષો જુના ઐતિહાસિક સબંધો અને આપણી સંસ્કૃતિનુ જતન કરવું આપણી ફરજ, આહીર સમાજના લોકોને પણ ચારણ આઈ શ્રી માઁ મોગલ, માઁ સોનલ પર પુરી શ્રદ્ધા તેના ઉપર ક્યારેય ટિપ્પણી ના હોય**




વડિયા તા. ૨૦

સમગ્ર ગુજરાત માં છેલ્લા એક સપ્તાહથી ચારણ સમાજ અને ચારણ માતાજીઓ પર થયેલી ટિપ્પણી વિરૂદ્ધ ચારણ સમાજ સહીત અઢારેય વરણમાં રોષ જોવા મળી રહ્યો છે.

ત્યારે તળાજા ખાતેના સમૂહલગ્નોત્સવમાં આહીર સમાજના એક વ્યક્તિ દ્વારા આ ટિપ્પણી કરાઈ હોવાથી સમગ્ર આહીર સમાજમાં પણ દુઃખની લાગણી સાથે આ બાબતે રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે બંને સમાજના આગેવાઓ દ્વારા આહીર અને ચારણ સમાજના લોકોના પ્રાચીન સમયથી ચાલ્યા આવતા એ મામા ભાણેજના સબંધોને ક્યાંય આંચ ના આવે તે માટે વિનંતી સાથેના અને માફી સાથેના વિડિયો જોવા મળી રહ્યા છે. ત્યારે તા.૧૮/૦૨ના રોજ ગીરસોમનાથ જિલ્લામાં આવેલા આહીર સમાજના શિરમોર વસ્તી ધરાવતા મહત્વના ગામ એવા આદ્રી ખાતે પૂર્વ ધારાસભ્ય એવા આહીર અગ્રણી રાજશીભાઈ જોટવાની આગેવાનીમાં આહીર સમાજનો ૨૦મો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. જેમાં આ પ્રસંગે રાજશીભાઈ જોટવા દ્વારા પોતાના વક્તવ્યમાં તળાજા ખાતેના સમૂહ લગ્નમાં થયેલી આ ટિપ્પણીને કારણે થયેલા વિવાદને વખોડી કોઈ એક વ્યક્તિના નિવેદનના કારણે સર્જાયેલા આ વિવાદમાં ચારણ સમાજ, ચારણ જગદંબા શ્રી માં મોગલ અને માં સોનલને નત મસ્તક વંદન કરી ઉપસ્થિત આહીર સમાજની મોટી મેદની વચ્ચે માફી માંગી હતી અને આહીર સમાજ અને ચારણ સમાજના પરંપરાઓથી ચાલ્યા આવતા વર્ષોના સંસ્કાર, પરંપરાઓ અને સબંધો પર કોઈ આંચ ના આવે તે માટે વિનંતી કરાઈ હતી. ત્યારે સમગ્ર વિવાદ મામલે તેમને ખાસ વિનંતી સાથેના પોતાના વક્તવ્યમાં સમગ્ર વિવાદ પૂર્ણ કરી અને બંને સમાજો વચ્ચેના પવિત્ર સબંધોને કાયમી સાચવવા અપીલ કરાઈ હતી. આ તકે એક મોટાગજાના અગ્રણીના નિવેદનથી સમગ્ર વિવાદ હવે પૂર્ણ થાય તે બંને સમાજોના સબંધો માટે ખુબ જરૂરી છે.

# ગુજરાતમાં ફૂટબોલનું ભાવિ ઉજ્જવળ છે : પરિમલ નથવાણી






(રાકેશ સામાણી દ્વારા)દ્વારકા તા. ૨૦

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિયેશન (જી.એસ.એફ.એ.)નો વર્ષ ૨૦૧૯માં મેં ચાર્જ લીધો ત્યારે મને અંદાજ નહોતો કે ગુજરાતમાં ફૂટબોલ માટે બાળકોમાં એક જબરદસ્ત ક્રેઝ અંદરો અંદર જ પ્રસ્ફૂટિત થયા કરતો હતો. આ બધાં વર્ષો દરમ્યાન હું ઘણી વાર જોતો કે છોકરાંઓ મોબાઈલ ફોનમાં ફૂટબોલની મેચો જોતાં હોય. અંદરોઅંદરની વાતચીતમાં લિયોનલ મેસી કે અર્લિંગ બ્રાઉટ હલાન્ડ જેવા ખેલાડીઓ વિષે કે માન્ચેસ્ટર અને બાર્સેલોના કલબો વગેરેની વાતો કરતા હોય. અત્યાર સુધી એ બધું સહજ, સ્વાભાવિક અને સાધારણ જ માનતો હતો.

તાજેતરમાં જ્યારે મેં જાણ્યું કે રાજ્યમાં જી.એસ.એફ.એ.ની છત્રછાયા હેઠળનાં સંખ્યાબંધ જિલ્લા ફૂટબોલ એસોસિયેશનો મારફતે પાંચ વર્ષથી બાર વર્ષ સુધીનાં ૪૨૦૦ બાળકો વિધિવત્ ફૂટબોલ રમી રહ્યાં છે ત્યારે મને સુખદ આશ્ચર્ય થયું. પાંચ વર્ષથી નીચે, આઠ વર્ષથી નીચે, દસ વર્ષથી નીચે અને બાર વર્ષથી નીચેની વય ગ્રૂપનાં બાળકો માટે લીગ મેચો રમાઈ રહી છે. જી.એસ.એફ.એ. બ્લુ કબ્સની લીગ મેચો સિવાય પણ અન્ય રીતે બીજા અસંખ્ય બાળકો ફૂટબોલ નિશ્ચિતપણે રમતાં જ હશે, તે જુદી બાબત છે.

ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (એ.આઈ.એફ.એફ.) દ્વારા ગત્ વર્ષે બ્લુ કબ્સનો પ્રારંભ કરવામાં આવ્યો છે અને રાજ્યોનાં ફૂટબોલ એસોસિયેશનોને બ્લુ કબ્સ લીગ શરૂ કરવાનું કહેવામાં આવ્યું. બ્લુ કબ્સ પાંચ વર્ષથી નીચેની વય જૂથનાં બાળકોથી લઈને બાર વર્ષથી નીચેના વય જૂથના બાળકો માટે ફૂટબોલની રમત છે જેમાંથી ભાવિ ખેલાડીઓ તૈયાર થઈ શકે. ગુજરાતમાં ૨૩ જિલ્લા ફૂટબોલ એસોસિયેશનોએ પોતપોતાના જિલ્લામાં ૧૬ ડિસેમ્બર ૨૦૨૩ થી ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધીમાં બ્લુ કબ્સ લીગનું આયોજન કર્યુ છે. ઓછામાં ઓછી આઠ ટીમો રમે તેવું ધોરણ આ લીગ માટે રાખ્યું છે. બધી લીગ ડબલ લેગ ફોર્મેટમાં રમાય છે; જેમાં બે ટીમોએ સામસામે બે બે મેચો રમવાની હોય છે અને બન્ને મેચોમાં થયેલા સ્કોરના સરવાળાને આધારે વિજેતા ટીમ નક્કી થાય છે.

આ બ્લુ કબ્સ ફૂટબોલ મહાયજ્ઞમાં આખા ગુજરાતમાં ૪૨૦૦ બાળકો ફૂટબોલ રમી રહ્યાં છે. સુખદ આશ્ચર્ય એ બાબતનું છે કે સૌથી વધુ ૫૫૦ બાળકો પંચમહાલ જિલ્લામાં રમી રહ્યાં છે. ત્યારબાદ સુરત તથા ભાવનગર જિલ્લામાં પ્રત્યેકમાં ૪૫૦ બાળકો નોંધાયાં છે. ભરૂચ અને વડોદરા જિલ્લાઓમાં અનુક્રમે ૩૫૦ અને ૨૫૦ બાળકો નોંધાયાં. આમ રાજ્યમાં પંચમહાલ, સુરત, ભાવનગર, ભરૂચ અને વડોદરા ટોચના પાંચ જિલ્લા છે જેમાં સર્વાધિક ઊગતા બાળ ફૂટબોલ ખેલાડીઓ તૈયાર થઈ રહ્યા છે.

બાકીના જિલ્લાઓમાં સરેરાશ ૮૦ થી ૧૧૦-૧૨૦ ની રેન્જમાં બાળકો રમી રહ્યાં છે. બ્લુ કબ્સ ફૂટબોલનું આ પ્રથમ વર્ષ છે તે જોતાં આ વય જૂથના બાળ ફૂટબોલ ખેલાડીઓનો ૪૨૦૦નો આ આંકડો નાનો સૂનો ન કહી શકાય! પોરબંદર તથા કચ્છ જિલ્લાઓએ ૧૦ ફેબ્રુઆરીથી પોતાની લીગ મેચો શરૂ કરી દીધી છે. બોટાદ જિલ્લો પણ તુરતમાં લીગ શરૂ કરશે. અમુક કારણોસર અમદાવાદ, અરવલ્લી, ડાંગ, દ્વારકા, દાહોદ, તાપી, મહીસાગર, મહેસાણા, ગિર સોમનાથ અને સાબરકાંઠા જિલ્લા ફૂટબોલ એસોસિયેશનો આ વર્ષે બ્લુ કબ્સ લીગ આયોજિત નથી કરી શક્યાં તે અલગ બાબત છે. પરંતુ તેનો અર્થ એ નથી કે આ જિલ્લાઓમાં બાળકોને ફૂટબોલમાં રસ નથી.


એ.આઈ.એફ.એફ. (અને તે રીતે જી.એસ.એફ.એ. પણ)નો આ બ્લુ કબ્સ ફૂટબોલ ઉપક્રમ પાછળનો આશય એ છે કે બાળકોમાં ફુટબોલની રમત માટે રહેલા છૂપા ક્રેઝને વાસ્તવમાં મેદાન સુધી લઈ આવવો. જી.એસ.એફ.એ. તથા જિલ્લા ફૂટબોલ એસોસિયેશનોની અમારી ટીમો આ બાબતે ખૂબ ઉત્સાહિત છે. જી.એસ.એફ.એ. દ્વારા ભાગ લઈ રહેલા બધા જિલ્લાઓ પ્રત્યેકને રૂ. ૬૦,૦૦૦/- સુધીની મદદ કરવામાં આવી છે. જી.એસ.એફ.એ. ને અદાણી જૂથનો ટેકો મળ્યો છે તેથી આ બ્લુ કબ્સ લીગની સાથે અદાણીનું નામ જોડ્યું છે.

ગુજરાતે ક્રિકેટ વિશ્વને જસુ પટેલથી લઈને જસપ્રીત બુમરાહ અને વિનુ માંકડથી લઈને રવીન્દ્ર જાડેજા કક્ષાના ધુરંધર ક્રિકેટરો આપ્યા છે. હવે એ દિવસો દૂર નથી કે ભવિષ્યમાં ગુજરાતમાંથી પણ છેત્રીઓ (સુનિલ) કે ભૂતિયાઓ (ભાઈચુંગ) દેશને મળે. ગુજરાત બ્લુ કબ્સ ફૂટબોલમાં આ સામર્થ્ય અને સંભાવનાઓ નિશ્ચિતપણે ધરબાયેલી પડી છે. અત્રે નોંધનીય છે કે, પરિમલ નથવાણી ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશનના પ્રેસિડેન્ટ તથા રાજ્ય સભા સાંસદ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં ડાઈરેક્ટર છે.

# પૂર્વ ધારાસભ્ય રાજસીભાઈ જોટવાની રાહબરીમાં આદ્રી ગામે યોજાયા શિક્ષિત સમૂહલગ્ન







## પ્રભુતામાં પગલાં માંડનાર ૩૩ યુગલમાં સરકારી નોકરી કરતી ૧૯ દીકરીઓ, સાંપ્રત સમયમાં અનોખો રાહ ચીંધતુ આદરી ગામ : મહિલા સશક્તિકરણ સાથે ગૌરવવંતા ૨૦માં સમૂહલગ્ન સંપન્ન

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૦

સાંપ્રત સમયમાં દરેક સમાજમાં સમૂહલગ્નનો વ્યાપ દિન પ્રતિદિન વધી રહ્યો છે ત્યારે ગીર સોમનાથ જિલ્લા અને રાજ્યને અનોખો રાહ ચીંધતૂ તું આદ્રી ગામે ગૌરવ ભર્યા અને મહિલા સશક્તિકરણ ના ઉદાહરણ રૂપ સમૂહલગ્ન યોજાયો હતો.

સતત ૨૦ વર્ષથી આદ્રી ગામે આહીર સમાજ દ્વારા સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવે છે અને આ વર્ષે ૨૦માં સમુહલગ્નમાં પ્રભુતામાં પગલાં માંડતા ૩૩ યુગલો માં સરકારી નોકરી કરતી ૧૯ દીકરીઓ પણ જોડાઈ હતી. એટલે એક તબક્કે કહી શકાય કે આદ્રી ગામે શિક્ષિત સમૂહલગ્ન સંપન્ન થયા હતા. આદ્રી ગામે અમીર ગરીબની ભેદરેખા જોવા મળતી નથી. અને સમૂહ લગ્ન મા જોડાનાર લોકો દેખાદેખી છોડી પોતાનો પૈસો દીકરા દીકરી ના શિક્ષણ પાછળ વાપરે છે.

આજે ચોમેર જ્યાં જોઈએ ત્યાં દીકરા કે દીકરીના લગ્નમાં પરિવારજનો ભારે માત્રામાં ખર્ચ કરતા જોવા મળી રહ્યા છે અને દેખાદેખી ના યુગમાં કંઈક નવું કરવા પૈસો વાપરતા નજરે પડે છે. ત્યારે વેરાવળ નજીકનું આદ્રી ગામ લોકોને નવો રાહ ચિંધી રહ્યૂ છે. છેલ્લા ૨૦ વર્ષથી આદ્રી ગામે આહિર સમાજ દ્વારા સમૂહલગ્ન યોજાય છે પરંતુ આ સમૂહ લગ્નમાં અનોખો હેતુ જોવા મળે છે. દરેક દીકરા દીકરીના મા બાપ મોટો ભભકો ઘર આંગણે કરવા કરતા સમૂહ લગ્ન માં જોડાઈ અને લગ્નમાં કરાતો ખર્ચ પોતાની દીકરી અને દીકરાના શિક્ષણ પાછળ વાપરે છે. આ પરેક વિચારધારાના પરિણામ સ્વરૂપે ૨૦ માં સમૂહ લગ્નમાં આજે આદ્રી ગામે ૧૯ દીકરીઓ કે જે સરકારી નોકરી કરી રહી છે. તે આ સમૂહ લગ્નને આભારી છે. કારણકે માતા પિતાએ ઘર આંગણે જે ખર્ચ કરવાનો થતો હોય એ ખર્ચ પોતાની દીકરીઓના શિક્ષણ પાછળ વાપર્યો છે.

આદ્રી ગામની વાત કરીએ તો જયારથી પંચાયતીરાજ અસ્તિત્વ માં આવ્યું છે ત્યારથી આદ્રી ગામ માં એક પણ વાર ચૂંટણી યોજાઈ નથી અને કાયમી સમરસ રહેલ આદ્રી ગામ હરહમેંશ જુદા જુદા કર્યો થી સમાજ ને રાહ ચીંધતુ રહ્યું છે. ત્યારે જેમની રાહબરી હેઠળ આદ્રી ગામે છેલ્લા વીસ વર્ષ થી આ ભવ્ય અને પ્રેરક સમૂહલગ્ન યોજાય છે તેવા આદ્રી ગામના મોભી પૂર્વ ધારાસભ્ય અને બીજ નિગમ ના પૂર્વ ચેરમેન રાજસીભાઈ જોટવાએ આ તકે વાત કરતાં જણાવ્યું હતું કે, ૨૦ વર્ષ પહેલાં જયારે અમો સમૂહલગ્ન માં દરેક પરિવાર ને લગ્ન પ્રસંગ પાછળ ખોટા ખર્ચા છોડી આ પૈસો દીકરા દીકરીના શિક્ષણ પાછળ વાપરવા અનુરોધ કરતા અને આજે આ ૨૦ સમૂહ લગ્નોત્સવ માં જોડાનાર દીકરીઓ કદાચ ચાર પાંચ વર્ષ ની હશે... પરંતુ આજે અમને આનંદ થાય છે કે ૨૦ વર્ષ પહેલાં સમાજ ને કરેલો અનુરોધની ખુબજ સારી ફલશ્રુતિ મળી છે. આજે સમૂહ લગ્નોત્સવ માં જે ૩૩ યુગલો પ્રભુતા માં પગલાં માંડી રહ્યા છે તેમાં અમારી ૧૯ દીકરીઓ આજે સરકારી નોકરી કરી રહી છે.

આ દીકરીઓ આજે અમારું ગૌરવ સમાન છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આદ્રી ગામે યોજાતા દરેક પ્રસંગો હરહંમેશ સમાજ ને નવો રાહ ચીંધનારા હોય છે અને સમૂહલગ્ન ના માધ્યમ થી આર્થિક ભારણ ઘટવા ની સાથે સમાજ માં એકતા રહે તેવો ઉદેશ હોય છે.

આદ્રી ગામે મહાકાળી માતાજીના અતિ પ્રાચીન મંદિર ના સાનિધ્યમાં યોજાતા ભવ્ય સમુહલગ્નોત્સવમાં હજારો યુવકો રાત દિવસ જહેમત ઉઠાવે છે.

# પ્રાચી તીર્થ ખાતે સદગુરુ સુપર મેગા નેત્ર નિદાન કેમ્પ,હાડવૈદ યોજાયો





(પ્રતિનિધી દ્વારા)

પ્રાંચી તીર્થ તા.૨૦

પ્રાચી તીર્થ ખાતે સદગુરુ સુપર મેગા નેત્ર નિદાન કેમ્પ શ્રી કોળી સમાજ ભવન પ્રાચી ખાતે યોજાયો હતો આ કેમ્પમાં આજુબાજુ વિસ્તારમાંથી બહોળી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પના દાતા ખીમાભાઈ પરબતભાઈ બામણીયા જે.ઈ.તથા તેમનો પરિવાર (થરેલી)હાલ જુનાગઢ,શ્રી પાધેશ્વરી આશ્રમ મટાણા ના ઉપવાસી સંત કરસનદાસ બાપુ, શ્રી રણછોડદાસ બાપુ આંખની હોસ્પિટલ રાજકોટ ડો. પ્રવીણભાઈ રાઠોડ, સહિતના અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર ના પરિવારજનો ના કર કમલો દ્વારા દિપ પ્રાગટય કરી તથા ગાયત્રી પરિવાર ના કાર્યકર્તા પત્રકાર જાદવભાઈ ચુડાસમા એ કેમ્પને ઉદ્‌બબોધન કરીને આ કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો આતકે સૌના માટે વિશ્વના કલ્યાણ તથા સૌનો સદબુદ્ધિ તથા ઉજજવળ ભવિષ્ય, ગાયત્રી મહામંત્ર,પાંચ મહામૃત્યુંજય મંત્રનો સામુહિક જાપ કરવામાં આવેલ હતો ગાયત્રી પરિવારના સંસ્થાપક વેદમુર્તિ તપોનિષ્ઠ પંડિત શ્રી રામ શર્મા આચાર્યજીના જીવન સંદેશ આવેલ લોકોને હૃદય ગંમ કરવા આહવાન કરેલ હતું કેમ્પના દાતાશ્રી ખીમાભાઈ બામણીયા અને તેમના પરિવારનું દેવસ્થાપન ના લેમિનેશન ફોટા તથા પૂજ્ય ગુરુદેવના સાહિત્ય દ્વારા સંત શ્રી કરસનદાસ બાપુ ના હસ્તે સન્માન કરવામાં આવેલ હતું.

આ કેમ્પ ના ડો. પ્રવીણભાઈ રાઠોડ એ કુલ ૧૫૫ દર્દીઓ ને તપાસી જેમાં થી ૪૮ દર્દીઓ ને મોતિયાના ઓપરેશન માટે રાજકોટ ખાતે લઈ ગયેલ હતા તથા દાતા તરફ થી સૌના માટે ચા - પાણી તથા સુંદર ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા ગોઠવવામાં જેમાં કાનાભાઈ સોલંકી (બોસન) તથા નાથાભાઈ સોલંકી (થરેલી) તથા નારણભાઈ વાળા (પાધરૂકા ) તથા નરસિંહભાઈ વાઢેર છગિયા તથા વજુભાઈ ગોહિલ છગિયા તથા રોહિતભાઈ દરબાર અમરાપુર તથા રાહુલભાઈ રાઠોડ બોસન તથા ભલુભાઈ વાળા બોસન તથા બીપીનભાઈ જાની ચ્યવન ઋષિ આશ્રમ સુત્રાપાડા તથા , દિવાળીબેન પ્રાંચી સોનીબેન ગોરખમઢી તથા પત્રકાર જાદવભાઈ ચુડાસમા તથા રંભુબેન ઉકાભાઈ ચુડાસમા સેવા સમિતિના સેવાભાવી ભાઈ બહેનો દ્વારા ખુબ જ જહેમત ઉઠાવીને આ કેમ્પને સફળ બનાવ્યો હતો.

(તસ્વીર : જાદવ ચુડાસમા)

# ખંભાળિયાના ધમધમતા માર્ગ પર દુકાનમાં થયેલી ચોરી પ્રકરણના આરોપીઓ ઝડપાયા



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૦

ખંભાળિયાના ધમધમતા માર્ગ પર આવેલી ચાની એક હોટલમાંથી થોડા દિવસો પૂર્વે રૂ. ૩.૩૦ લાખની રોકડ રકમની થયેલી ચોરી પ્રકરણમાં પોલીસે કાયદાથી સંઘર્ષિત બાળ કિશોર સહિત ત્રણ શખ્સો સામે કાર્યવાહી કરીને મુદ્દામાલ કબજે કર્યો હતો. આ સમગ્ર પ્રકરણની વિગત મુજબ ખંભાળિયાના મિલન ચાર રસ્તા નજીક વિજય સિનેમા પાસે આવેલી ભગાભાઈની હોટલમાંથી થોડા દિવસો પૂર્વે એક કબાટમાં રાખવામાં આવેલા રૂપિયા ૩,૩૦,૦૦૦ ની રોકડ રકમ કોઈ તસ્કરો તાળું તોડીને લઈ ગયાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો હતો. આ પ્રકરણ સંદર્ભે અહીંના ઈન્ચાર્જ પી.આઈ. શક્તિસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. વી.બી. પીઠિયા તેમજ તેમની ટીમ દ્વારા વિવિધ દિશાઓમાં તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. જેને અનુલક્ષીને હેડ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ નટુભા જાડેજા, ખીમાભાઈ કરમુર તેમજ હેમતભાઈ નંદાણીયાને મળેલી ચોક્કસ બાતમીના આધારે અત્રે અજમેર પીરની ટેકરી પાસે રહેતા સંજુ રમુ ચુનીલાલ ગોદળીયા (ઉ.વ. ૧૯) અને રામુ કરસન જેસીંગ ભાટી (ઉ.વ. ૧૯) નામના બે લવર મૂછીયા શખ્સો તેમજ અન્ય એક કાયદાથી સંઘર્ષિત કિશોરને ઝડપી લઈ, આ આરોપીઓ પાસેથી ચોરીના રૂપિયા ૩, ૩૦,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ શખ્સો અગાઉ હોટલમાં કામ કરી ચૂક્યા હતા અને તેઓએ આ ચોરીને અંજામ આપ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે. આ પ્રકરણમાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટ તથા જૂનાગઢ સ્વામીનારાયણ મુખ્યમંદીર જવાહર રોડના સહયોગથી વિના મુલ્યે સદ્‌ગુરૂ નેત્રયજ્ઞ

જૂનાગઢ, તા.૨૦

રાજકોટના પ.પૂ. શ્રી રણછોડદાસજી આશ્રમ દ્વારા જૂનાગઢ સ્વામિનારાયણ મુખ્ય મંદિર, જવાહર રોડના સહયોગ, સહકાર થકી દરમાસની તા.૨૨ ના રોજ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

કેમ્પનો સમય સવારે ૯ થી ૧૧-૩૦ વાગ્યા સુધી. સ્વામીનારાયણ મુ-ય મંદિર, જવાહર રોડ ઉતારા વિભાગમાં હોય છે. તો આ કેમ્પનો મોતિયાના દર્દીએ લાભ લેવા વિનંતી.

કેમ્પમાં ડો. ને બતાવ્યા પછી જો આંખમાં મોતિયો હોય તો કેમ્પના સ્થળથી પ.પૂ. સદ્‌ગુરૂ રણછોડદાસજી, રાજકોટ હોસ્પિટલમાં લઈ જવાની વિનામુલ્યે સેવા આપવામાં આવે છે. ઓપરેશન ફેકો મશીન દ્વારા ટાંકા વગરનું સારામાં સારા સોફ્ટ ફોલ્ડેબલ લેન્સ (નેત્રમણી) સાથે વિનામુલ્યે પરત મુકી જવામાં આવશે. આ કેમ્પને સફળ બનાવવા માટે બાબુભાઈ ચૌહાણ તથા મનુભાઈ સોની, માધવ સોની, દિલીપ ચૌહાણ, નટુભાઈ ટાંક, વિરમભાઈ મંત્રી, લવજીભાઈ ટાંક, લક્ષ્મીદાસભાઈ ટાંક, રમેશભાઈ મીસ્ત્રી, દિલીપભાઈ મારૂ, રાજુભાઈ ઉનડકટ અને બાલાભાઈ તન્નારાણા સર્વે જહેમત ઉઠાવી રહેલ છે. તો આ કેમ્પનો લાભ લેવા એક યાદીમાં અનુરોધ કરવામાં આવેલ છે.

### દ્વારકામાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના આગમન પૂર્વે જિલ્લામાં અનેરો ઉત્સાહ

# દ્વારકાના ગોમતી ઘાટ ખાતે આવતીકાલે મહાઆરતીનો કાર્યક્રમ





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૦

આગામી તા. ૨૫ ફેબ્રુઆરીના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રવાસે પધારી રહ્યા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સિગ્નેચર બ્રિજનું લોકાર્પણ કરશે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

જિલ્લા કલેકટરશ્રી જી.ટી.પંડ્યાના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તેમજ ગુગળી બ્રાહ્મણ અગ્રણીશ્રીઓના સંકલનથી આગામી તા. ૨૧ ફેબ્રુઆરીના રોજ સાંજે ૦૭:૦૦ કલાકે ગોમતી ઘાટ ખાતે મહાઆરતીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ગોમતી ઘાટના વિવિધ ૧૬ સ્થળોએ દીપ પ્રાગટ્ય, ઈલેક્ટ્રીક રોશનીથી ૫ લાખ દિવડાની રોશની કરવામાં આવશે. આ મહા આરતીમાં ગૂગળી બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ કરવામાં આવશે.

જિલ્લા કલેકટરશ્રી જી. ટી.પંડ્યાના માર્ગદર્શન હેઠળ તેમજ કાર્યક્રમને લઈને નિયુક્ત અધિક કલેકટર એમ કે જોષી, પ્રાંત અધિકારીશ્રી ભગોરા તેમજ ગુગળી બ્રાહ્મણના અગ્રણીઓના સંકલનથી આ કાર્યક્રમની તૈયારીઓ કરવામાં આવી રહી છે.તા. ૨૧ ફેબ્રુઆરીના રોજ યોજાનાર મહા આરતીમાં પ્રવાસીઓ, શ્રદ્ધાળુઓ તેમજ તમામ નાગરિકોને જોડાવવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ધોરણ-૧૦ તથા ધોરણ-૧ ૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા માટે શિક્ષણ તંત્ર દ્વારા તૈયારીઓ

વેરાવળ તા. ૨૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરના સમય પત્રક મુજબ તા. ૧૧/૦૩/૨૦૨૪ થી તા.૨૬/૦૩/૨૦૨૪ દરમિયાન ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની જાહેર પરીક્ષાઓ યોજાશે. આ પરીક્ષાઓ માટે ગીર સોમનાથ જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા પરીક્ષાના આગોતરા આયોજનની તૈયારીઓ છેલ્લા ૧ માસથી કરવામાં આવી રહી છે. જેમાં તમામ પરીક્ષા સ્થળોની તેમને ફાળવેલા બ્લોક મુજબની તમામ ભૌતિક સુવિધાઓની ચકાસણી સાથે સીસીટીવી કેમેરાઓની વ્યવસ્થાની ચકાસણી પણ કરવામાં આવી રહી છે.

ઉપરાંત દરેક વિદ્યાર્થીઓને પરીક્ષા સ્થળો સુધી સમયસર પહોંચવા માટે એસ.ટી.બસની વ્યવસ્થા માટે, પરીક્ષા દરમિયાન વીજ પુરવઠો સતત જળવાઈ રહે તે માટેની વ્યવસ્થાઓ તેમજ પરીક્ષા સ્થળો ખાતે તેમજ પરીક્ષાના પ્રશ્નપત્રની સુરક્ષા માટે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાય તેવું આયોજન સમગ્ર જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની ટીમ દ્વારા કરવામાં આવી રહ્યું છે. વધુમાં પરીક્ષાની સુનિયોજીત કામગીરી થાય તે માટે આ પ્રક્રિયા સાથે સંકળાયેલ તમામ કર્મચારીઓ, અધિકારીશ્રીઓને માર્ગદર્શન મળી રહે તે માટે મિટીંગોનું માઈક્રોપ્લાનિંગ પણ થઈ રહ્યું છે. એમ ગીર સોમનાથ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એમ.પી.બોરીચાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# શ્રી પ્રેમાનંદ વિદ્યા મંદિર ખાતે આવતીકાલે માતૃભાષા મહોત્સવની ઉજવણી થશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

વિશ્વ માતૃભાષા દિવસ નિમિતે ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને ઈનોવેશન વિથ મીરાં ગ્રુપ જૂનાગઢ, આનંદાલય, શ્રી પ્રેમાનંદ વિદ્યામંદિર અને માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના સંયુકત ઉપક્રમે આવતીકાલ ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૪ના માતૃભાષા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. આવતીકાલે સવારે ૯:૩૦ કલાકે પ્રેમાનંદ વિદ્યા મંદિર ખાતે આ કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા રહેશે. તેમજ વકતા તરીકે એલ.વી. જોષી તથા ડો. માતંગ પુરોહિત રહેશે. કાર્યક્રમનું સંચાલન હિરેન પાઠક દ્વારા કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રીત મહેમાનોને સુશ્રી મીરાં વૈષ્ણવ તથા ડો. જયેન્દ્રસિંહ જાદવ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

**પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન**

**કેટરિંગ કોન્ટ્રાક્ટ માટે ઇ-બિડ્સનું આમંત્રણ**

**ફાઇલ નંબર: WR-BVP0COMM (CATG)/ 18/2022-O/o ACM/BVP/WR; ઈ-હરાજી લીઝ દ્વારા વાણિજ્યિક કમાણી અને ભાડા સિવાયના રેવન્યુ કોન્ટ્રાક્ટ આપવા માટે ભાવનગર ડિવિઝનના કેટરિંગ યુનિટ્સ (ટી એન્ડ રિફ્રેશમેન્ટ સ્ટોલ) કેટેલોગ;** ભારતના રાષ્ટ્રપતિ વતી સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, પશ્ચિમ રેલવે, ભાવનગર ડિવિઝન, IREPS વેબ પોર્ટલના ઇ-હરાજી લીઝિંગ મોડ્યુલ દ્વારા ઇ-બિડ્સ આમંત્રિત કરે છે. કેટરિંગ (ટી એન્ડ રિફ્રેશમેન્ટ સ્ટોલ) કેટેલોગની વિગતો નીચે મુજબ છે: **સ્ટેશનો કે જેના માટે IREPS વેબ પોર્ટલના ઇ-હરાજી મોડ્યુલ દ્વારા કેટરિંગ કોન્ટ્રાક્ટ માટે ઇ-બિડ્સ આમંત્રિત કરવામાં આવે છે:** ભાવનગર ટર્મિનસ, વેરાવળ, બોટાદ જં., ભાવનગર પરા, મહુવા, અમરેલી, ઢસા જં., વઢવાણ સિટી, સાસણ ગીર, ઉજલવાવ, ઢોલા જં., ભાયાવદર, ધોરાજી, દામનગર, વરતેજ, રીબાડા, લીલીયા મોટા, વાંસજાળીયા, સિહોર જં., ભાણવડ ,સાવરકુંડલા, જામ જોધપુર, ઉપલેટા, ધારી, રાણપુર, પાલિતાણા, આદરી રોડ, પાનેલી મોટી, સણોસરા, નિંગાળા, દેલવાડા, રાણાવાવ, ઉના, લાલપુર જામ, પ્રાચી રોડ, જોરાવરનગર, ગાંધીગ્રામ, ધંધુકા, સરખેજ, વસ્ત્રાપુર, સોનગઢ, કેશોદ, જેતલસર જં., તલાલા, વિસાવદર, બાવળા, કુંકાવાવ, જેતપુર, જલીલા રોડ, ભીમનાથ, અરણેજ, ગોધનેશ્વર, મોરીયા, લોથલ ભુરખી, ચિતલ, ખીજડીયા અને લાઠી; **હરાજીની તારીખ:** 11/03/2024; **હરાજી શિડ્યુલ નંબર: BVP-COMM-CATG-2024-1; હરાજી કેટલોગ નંબર: 58-2-2; કોન્ટ્રાક્ટની મુદત:** 05 વર્ષ; **વેબસાઇટ:** https://ireps.gov.in; **સરનામું:** ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરની ઓફિસ, ડીઆરએમ ઓફિસ, પશ્ચિમ રેલવે, ગઢેચી વડલા પાસે, ભાવનગર પરા 364003; **સંપર્ક નંબર** +91 9724097981; **મેલ - આઈડી:** cateringbvp@gmail.com **નોંધ:** વિગતવાર માહિતી માટે કૃપા કરીને IREPS વેબસાઇટ https://ireps.gov.in હરાજી લિસ્ટમાં હરાજી શિડ્યુલ BVP-COMM-CATG-2024-1 હેઠળ હરાજી કેટલોગ 58-2-2 ની વિઝીટ કરો. 177

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે, ભાવનગર ડિવિઝન**

**પાર્સલ સ્પેસ ભાડા પટ્ટા પર આપવાના કોન્ટ્રેક્ટ માટે હરાજી**

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરની ઓફિસ, પશ્ચિમ રેલવે, ભાવનગર પરા ડિવિઝન, પ્રથમ માળ, કોમર્શિયલ ડિપાર્ટમેન્ટ, ડીઆરએમ ઓફિસ, ગઢેચી વડલા, આરટીઓ સર્કલ પાસે, ભાવનગર પરા, ભાવનગર-364 003. **ઈમેલ:** dcm.bvp.wr@gmail.com **ફાઇલ નં.: C.78/1/36/E-Auction file; તારીખ:13.02.2024;** ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ), પશ્ચિમ રેલવે, ભાવનગર પરા IREPS દ્વારા BVP ડિવિઝનમાંથી પ્રારંભ થતી વિવિધ ટ્રેનોના SLR અને VPs કમ્પાર્ટમેન્ટ ભાડા પટ્ટા પર આપવાના કોન્ટ્રેક્ટ માટે ઈ-હરાજી આમંત્રિત કરે છે. હરાજી IREPS વેબસાઇટ પર પ્રકાશિત કરવામાં આવી છે વિગતો નીચે મુજબ છે:-

**ઈ-હરાજી આમંત્રણ નોટિસ**

**કોન્ટ્રેક્ટનો પ્રકાર: પાર્સલ સ્પેસનું લીઝિંગ** **કેટલોગ નંબર. LEASE-2023-24**

**સ્થાન અને એસેટની વિગતો**

SLR ની 3.9/04 ટન પાર્સલ સ્પેસ અને LVPHs ની 24 ટન પાર્સલ સ્પેસ ભાડા પટ્ટા પર આપવાના કોન્ટ્રેક્ટ માટે હરાજી

| અ.નં. | ટ્રેન નં. | કમ્પા. | ફ્રિક્વન્સી | થી | સુધી |
|---|---|---|---|---|---|
| 1 | 19107 | F SLR | રવિવાર | BVC (ભાવનગર ટર્મિનસ) | UHP (ઉધમપુર) |
| 2 | 19120 | R/I SLR | દૈનિક | VRL (વેરાવળ) | ADI (અમદાવાદ) |
| 3 | 22964 | F SLR | રવિવાર | BVC (ભાવનગર ટર્મિનસ) | BDTS (બાંદ્રા ટર્મિનસ) |
| 4 | 22964 | R SLR | રવિવાર | BVC (ભાવનગર ટર્મિનસ) | BDTS (બાંદ્રા ટર્મિનસ) |
| 5 | 19271 | F/I SLR | સોમવાર | BVC (ભાવનગર ટર્મિનસ) | HW (હરિદ્વાર જં) |
| 6 | 19271 | F/II SLR | સોમવાર | BVC (ભાવનગર ટર્મિનસ) | HW (હરિદ્વાર જં) |
| 7 | 19204 | F/I SLR | શુક્રવાર | VRL (વેરાવળ) | BDTS (બાંદ્રા ટર્મિનસ) |
| 8 | 19204 | F/II SLR | શુક્રવાર | VRL (વેરાવળ) | BDTS (બાંદ્રા ટર્મિનસ) |
| 9 | 09567 | F/I SLR | દૈનિક | VRL (વેરાવળ) | BVC (ભાવનગર ટર્મિનસ) |
| 10 | 09567 | F/II SLR | દૈનિક | VRL (વેરાવળ) | BVC (ભાવનગર ટર્મિનસ) |
| 11 | 09565 | F/I SLR | દૈનિક | PBR (પોરબંદર) | BVC (ભાવનગર ટર્મિનસ) |
| 12 | 09565 | F/II SLR | દૈનિક | PBR (પોરબંદર) | BVC (ભાવનગર ટર્મિનસ) |
| 13 | 09566 | F/I SLR | દૈનિક | BVC (ભાવનગર ટર્મિનસ) | VRL (વેરાવળ) |
| 14 | 09566 | F/II SLR | દૈનિક | BVC (ભાવનગર ટર્મિનસ) | VRL (વેરાવળ) |
| 15 | 09568 | F/I SLR | દૈનિક | BVC (ભાવનગર ટર્મિનસ) | PBR (પોરબંદર) |
| 16 | 09568 | F/II SLR | દૈનિક | BVC (ભાવનગર ટર્મિનસ) | PBR (પોરબંદર) |
| 17 | 19260-19259 | LVPH | મંગળવાર અને ગુરુવાર | BVC (ભાવનગર ટર્મિનસ) | KCVL (કોચુવેલી) |
| 18 | 19319-19320 | LVPH | બુધવાર અને મંગળવાર | VRL (વેરાવળ) | INDB (ઈન્દોર) |

(1) ઈ-હરાજી શરૂ થવાની તારીખ: 28.02.2024, 11:00 કલાકથી. (2) હરાજીમાં ભાગ લેવા માટે IREPS E-Auction leasing portal પર રજીસ્ટ્રેશન જરૂરી છે. (3) વધુ વિગતો માટે, લોગ ઈન: www.ireps.gov.in

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly 176

# જૂનાગઢ તાલુકાના ખડીયા ખાતે નિર્માણધીન જવાહર નવોદય વિદ્યાલયની ઈમારતના બાંધકામમાં ગેરરીતિ હોવાની ઉચ્ચ કક્ષાએ રજુઆત

## નિર્માણધીન જવાહર નવોદય વિદ્યાલયના બાંધકામની તપાસ કરનાર સંબંધિત અધિકારીઓ સાથે આજે મહત્વની બેઠક : સંબંધિતોની મીટ







(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢથી ૧૨ કિલોમીટર દુર ખડીયા ગામ નજીક મિનીસ્ટ્રી ઓફ હ્યુમન રિસોર્સના સહયોગથી એક બાંધકામ બનાવવામાં આવી રહ્યું છે અને આ બાંધકામ ખુબ જ નબળી કક્ષાનું અને હલકી ગુણવતા વાળા મટીરીયલથી બનાવવામાં આવતું હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. આ દરમ્યાન જૂનાગઢના જાગૃત નાગરિક અને પુર્વ નગર સેવક અનીલભાઈ ઉદાણીએ ગત તા.૩૦-૧-૨૦૨૪ના એક પત્ર પાઠવી અને જૂનાગઢના ખડીયા ખાતે નિર્માણધીન જવાહર નવોદય વિદ્યાલયની ઈમારતના બાંધકામમાં ગેરરીતિ થતી હોવાની રજુઆતો કરેલી છે અને જેના અનુસંધાને બાંધકામની તપાસ કરનાર અધિકારીઓ સાથે ૨ ફેબ્રુઆરીના રોજ બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું પરંતુ તેમાં ફેરફાર થતા આજે બપોરના ૪:૩૦ કલાકે કલેકટર કચેરી ખાતે બેઠક મળી રહી છે અને આ બેઠક ઉપર સંબંધિતોની મીટ રહેલી છે.

આ અંગેની પ્રાપ્ત થતી વિગત અનુસાર, જૂનાગઢના નવી બની રહેલા જવાહર નવોદય વિદ્યાલયનું જૂનાગઢથી ૧૨ કિલોમીટર દૂર ખડિયા ગામ નજીક મિનિસ્ટ્રી ઓફ હ્યુમન રિસોર્સના સહયોગથી એક બાંધકામ ચાલી રહ્યું છે. જે બાંધકામ આધારભૂત માહિતી પ્રમાણે ખૂબ જ નબળી કક્ષાનું તથા હલકી ગુણવત્તાવાળી મટીરીયલથી બનાવવામાં આવેલું હોય તેવી ફરિયાદ ઉઠવા પામેલી છે અને તેમાં નક્કી કરેલા નીતિ નિયમોનું પાલન નહીં કરી અને ચોક્કસ સ્ટાન્ડર્ડ પ્રકારનું મટીરીયલ નહીં વાપરતા હજી તો બાંધકામ પ્રાથમિક તબક્કામાં છે. ત્યાં જ સ્લેબના ભાગમાં તિરાડો પડી ગઈ હતી તેમજ સ્લેબ ઝૂકી ગયેલ હતો અને સાઈડના બીમ ખૂબ જ નબળી ગુણવત્તાવાળા હોય જેથી કાઢી અને કરી પણ બનાવેલાની કેટલાક લોકો ચર્ચા કરી રહ્યા છે આ નબળો અને હલકી ગુણવત્તા વાળો સ્લેપ ગમે ત્યારે તૂટી પડે તેવી સ્થિતિ હોવાથી તેની નીચે લોખંડના પાઈપના ટેકકા રાખવામાં આવ્યા છે જો આ બાંધકામ પૂરૂ તોડી પાડવામાં ન આવે તો આવનારા સમયમાં સમગ્ર સ્કૂલનું બાંધકામ નબળું રહેશે અને આ શાળામાં અભ્યાસ કરનાર હજારો બાળકોના ભવિષ્ય આવનારા સમયમાં સતત મોતના ભય નીચે જ ઝૂમતા રહેશે તેમાં બે મત નથી. જૂનાગઢના જાગૃત નાગરિક દ્વારા સીબીઆઇ સેન્ટ્રલ બોર્ડ સેક્રેટરી એજ્યુકેશન અને કમિશ્નર નવોદય વિદ્યાલયને ફરિયાદ કરી અને સમગ્ર હકીકત ચકાસણી કરવાની માંગણી કરવામાં આવી છે. આવા નબળા અને હલકી ગુણવત્તાવાળા બાંધકામને લીધે આવનારા સમયમાં જ્યારે સ્કૂલ શરૂ થશે ત્યારે અનેક બાળકોના મોત માટે આ સ્કૂલ જવાબદાર બને તેવી ખૂબ મોટી સંભાવના છે જાગૃત નાગરિક દ્વારા એવી ફરિયાદ કરવામાં આવેલી કે જો પ્રાથમિક ભદ્ર સમાજના લોકો સીબીએસસી તબક્કે આ બાંધકામ અટકાવી દેવામાં આવે તો આવનારા સમયમાં અનેક નિર્દોષ બાળકોનો જીવ જોખમમાં મુકાતો અટકશે અને આવનારા સમયમાં ખૂબ મોટી દુર્ઘટના અત્યારથી જ ટાળી શકાય તેવું છે. બાંધકામની હાલની સ્થિતિ જોતા સ્પષ્ટ એવું જણાઈ રહ્યું છે કે સ્લેબ વચ્ચેથી ઝૂકી ગયો હોય અને સ્લેબના બીમ ટેક્કા મારવામાં આવ્યા છે. કરોડો રૂપિયાના ખર્ચે સરકારે ગ્રાન્ટ આપી અને બનાવેલી સ્કૂલ સારા અને શ્રેષ્ઠ નાગરિકોના નિર્માણ માટે ત્યાં ઉચ્ચ અધિકારીઓ તથા ભદ્ર સમાજના લોકો સીબીએસસી સ્કૂલમાં અભ્યાસ કરતા હોય છે. ખાસ કરીને ખૂબ જ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ સામાન્ય રીતના સીબીએસસી સ્કૂલમાં પ્રવેશ લેતા હોય છે તેવા સંજોગોમાં જૂનાગઢ અને તેની આસપાસમાં વસતા જાગૃત નાગરિકોએ આવા નબળા બાંધકામની સામે જાગૃતિ દર્શાવી જોઈએ અને નબળા બાંધકામના કારણે મોતનો માંડવો ન બની જાય તે માટે તાત્કાલિક અસરથી બાંધકામની ચકાસણી કરી અને તમામ રિપોર્ટ કર્યા બાદ તેને આગળ વધારવામાં આવે તેવી લોક માંગણી ઉઠી છે.

## માળીયા હાટીના પંથકમાં ૧૪ લાખ હાથ ઉછીના લઈ પરત નહી કરતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ જીલ્લાના માળીયા હાટીના વતની વૃધ્ધા અને તેના ભાઈ પાસેથી ૧૪ લાખ હાથ ઉછીના લઈ પરત નહી કરી પિતા-પુત્રએ વિશ્વાઘાત કરી છેતરપિંડી આચરી હોવાનું પોલીસ દફતરે નોંધાયું છે.

આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર મુળ માળીયા હાટીનાના અને હાલ મુંબઈના થાણા વેસ્ટ, ચરાઈ રોડ મેઈન વિસ્તારમાં જરીના એપાર્ટમેન્ટમાં રહેતા રેમતબેન વાલાભાઈ બાબવાણીએ રૂપિયા પાંચ લાખ અને તેમના ભાઈ છોટુભાઈ વાલાભાઈએ રૂપિયા ૯ લાખ મળી કુલ રૂપિયા ૧૪ લાખ અગાઉ માળીયા ખાતે પાડોશમાં રહેતા અને હાલ જૂનાગઢ રહેતા વલીમામદ ગફારભાઈ ગાજીયાણીનો માળીયા ખાતે અશોક ભવન લેવાનું હોય જેથી તેમને હાથ ઉછીના આપ્યા હતા અને આ નાણાં ૨૫ ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં પરત કરી દેશે તેમ જણાવીને આ નાણાંની સામે વલીમામદ ગાજીયાણીએ તેના દિકરા રિયાઝના નામના ચેક ભાઈ, બહેનને આપ્યા હતા. પરંતુ બેંક ખાતામાં બેલેન્સ ન હોવાથી ચેક રિટર્ન થયા હતા. આથી વૃધ્ધાએ જૂનાગઢમાં ખારાવાડ વિસ્તારમાં રહેતા વલીમામદ ગાજીયાણીના ઘરે આવી તેમની પાસે પૈસાની ઉઘરાણી કરતા તેમણે પૈસા આપવાનો ઈન્કાર કર્યો હતો. અનેક વખત પૈસાની ઉઘરાણી કરવા છતાં પણ રૂપિયા ૧૪ લાખ પરત નહી મળતા વૃધ્ધાએ ફરિયાદ કરતા માળીયા પોલીસે પિતા, પુત્ર વિરૂધ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## જૂનાગઢ જીલ્લા સાયબર ક્રાઈમ સેલની પ્રસંશનીય કામગીરી : સાયબર ફ્રોડના બે કિસ્સામાં ભોગ બનનારને રકમ પરત અપાવી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ રેન્જનાં નાયબપોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાની સુચના તેમજ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાની સુચના તથા માર્ગદર્શન હેઠળ જીલ્લામાં સાયબર ક્રાઈમના વધતા જતા બનાવોને ધ્યાને લઈ આવા ગુનાઓ બનતા અટકાવવા તેમજ આવા બનાવોમાં લોકોના નાણા રીફંડ થાય તેવા પ્રયત્નો કરવા સૂચના આપવામાં આવેલ હોય જે અનુસંધાને જીલ્લા સાયબર ક્રાઈમ સેલ(એસ.ઓ.જી)ના નોડલ અધીકારી ઈ.ચા.પો.ઈન્સ. એસ.એ.સોલંકી તથા સાયબર ક્રાઈમ સેલના પો.સબ.ઈન્સ. એમ.જે.કોડીયાતર તથા પો.સ્ટાફના માણસો સતત પ્રયત્નશીલ છે. જે અનુસંધાને અરજદાર કિશનભાઈ સોલંકી રહે.માળીયા હાટીના તેમજ નરેશભાઈ તોલાની રહે.જૂનાગઢ બન્ને અરજદારઓ પોતાના આર્થીક વ્યવહારો કરવા માટે ICICI બેંકના ક્રેડીટ કાર્ડનો ઉપયોગ કરતા હોઈ જેથી ઉપરોકત બન્ને અરજદારઓને પોતાના વોટ્સએપમાં થોડા દીવસ પહેલા એક અજાણ્યા નંબર ઉપરથી એક મેસેજ આવેલ જેમાં એક એપ્લીકેશન હોય જેનું નામ CSV GROUP JOIN.APK હોય એપ્લીકેશન ઓપન કરતા તેમાં માંગ્યા મુજબની પરમીશન આપતા અરજદાર કિશનભાઈ સોલંકીનાઓના ફોનમાંથી અલગ અલગ ટ્રાંજેકશન મારફત કુલ રૂા.૪૧,૦૮૯/- તેમજ અરજદાર નરેશભાઈ તોલાનીના ફોનમાંથી અલગ અલગ ટ્રાંજેકશન મારફત કુલ રૂા.૮૦,૦૦૦/- આમ બન્ને અરજદાર સાથે કુલ રૂા.૧,૨૧,૦૮૯/-ના ફિલપકાર્ટ ઉપર વાઉચરની ખરીદીના ઓર્ડર થયેલ હોય તેવા મેસેજ આવેલ અને આવી કોઈ પણ ઓનલાઈન ખરીદી બન્ને અરજદારએ કરેલ ન હોય તેમ છતા આવા મેસેજ આવતા અરજદારઓએ ક્રેડીટ કાર્ડનું સ્ટેટમેન્ટ જોતા તેમના ક્રેડીટ કાર્ડમાંથી ઓનલાઈન ખરીદી કરેલ હોવાની હક્કીકત જણાઈ આવેલ હોય જેથી તેઓએભારત સરકારના સાયબર ક્રાઈમ હેલ્પલાઈન પોર્ટલ નંબર ૧૯૩૦ ઉપર ફરીયાદ કરેલ હતી. સદરહુ અરજી અત્રેના જિલ્લાની હોઈ તેથી આગળની તપાસ સાયબર ક્રાઈમ સેલ(એસ.ઓ.જી)જૂનાગઢ દ્વારા કરવામાં આવતા અરજદાર સાથે થયેલ ફ્રોડની રકમના ફ્લિપકાર્ટમાં ઓનલાઈન ખરીદીના ઓર્ડર થયેલ હોય જેથી લગત એજન્સીઓ સાથે સતત સંકલનમાં રહી જરૂરી પત્ર વ્યવહાર કરી સાયબર ગઠીયા દ્વારા ફ્રોડ કરેલ રકમનું ટ્રાન્જેકશન કેન્સલ કરાવેલ હતું અને જરૂરી કાર્યવાહી કરી અરજદાર સાથે થયેલ ફ્રોડના ગયેલ તમામ રૂપિયા કુલ રૂા.૧,૨૧,૦૮૯/- ઉપરોકત બન્ને અરજદારના બેંક ખાતામાં રિફન્ડ કરાવેલ હતા. આ કામગીરીમાં જૂનાગઢ જીલ્લા સાયબર ક્રાઈમ સેલના નોડલ અધીકારી ઈ.ચા પો.ઈન્સ. એસ.એ.સોલંકી તથા સાયબર સેલના પો.સબ.ઈન્સ. એમ.જે.કોડીયાતર, એ.એસ.આઈ. એમ.વી.કુવાડીયા, આર.એમ.સોલંકી, પો.હેડ કોન્સ. પરેશભાઈ ચાવડા, પો.કોન્સ. કૃણાલસિંહ પરમાર, મયુરભાઈ ઓડેદરા, માનસીંગભાઈ રાઠોડ, રોહીતસિંહ બારડ વિગેરે સ્ટાફ આ કામગીરીમાં જોડાયેલ હતો.

## જૂનાગઢમાં પોલીસમાં અરજી કરેલ હોય તેનું મનદુઃખ રાખી ગેરકાયદેસર મંડળી રચી હુમલો : જાનથી મારી નાખવાની ધમકી આપી


(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢમાં બનેલા એક બનાવમાં પોલીસમાં આપેલી અરજીના મનદુઃખે હુમલાનો બનાવ બનવા પામેલ છે અને છ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ધારાગઢ દરવાજા, તીલવણી નદીના પુલ પાસે બનેલા બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર માત્રી રોડ જુના કુંભારવાડા ખાતે રહેતા નવાઝ ઉર્ફે બમ્બ ઈમરાનખાન પઠાણ (ઉ.વ.૧૮) એ આ કામના સલીમ ચાંદભાઈ બાદશાહ, મહેબુબ ગામેતી, હસન બુઢા ભટ્ટી, અલ્ફેઝ મેમણ, રીયાઝ નાસીરખાન પઠાણ, આસીફ ઉર્ફે ભોલુડી વિગેરે સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદીએ અઢી ત્રણ માસ પહેલા પોલીસમાં અરજી કરેલ હોય તેનું મનદુઃખ રાખી ઉપર જણાવેલ છએ આરોપીએ એક સંપ કરી ગેરકાયદેસર મંડળી રચી ફરિયાદીને પથ્થરથી તથા ઈલેકટ્રીક વાયરથી મુંઢ માર મારી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે.

આ બનાવની વધુ તપાસ એ ડીવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે.આર. વાજા ચલાવી રહ્યા છે.

## જૂનાગઢમાં પુરપાટ આવતા બાઈકે હડફેટે લેતા મહિલાનું ગંભીર ઈજાથી ઘટના સ્થળે મૃત્યું



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ શહેરમાં બિલનાથ મંદિર નજીક ગત રાત્રીના એક અકસ્માતનો બનાવ બનવા પામ્યો હતો અને પુરપાટ આવી રહેલા બાઈકે રોડ ક્રોસ કરી રહેલ મહિલાને હડફેટે લેતા આ મહિલાનું ગંભીર ઈજાથી ઘટના સ્થળે જ મૃત્યું થયું છે.

### સતત બની રહેલા ગમખ્વાર અકસ્માતને કારણે મધુરમ રોડ બન્યો અકસ્માત ઝોન

આ બનાવ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર ગઈકાલે રાતના સમયે રોડ ક્રોસ કરવા જઈ રહેલા ૫૧ વર્ષના વૃધ્ધા હંસાબેન સોલંકીને પુરપાટ ઝડપે આવી રહેલા એક બાઈકે હડફેટે લીધા હતા અને ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ગંભીર ઈજાથી હંસાબેન સોલંકીનું ઘટના સ્થળે જ મૃત્યું થયું હતું. આ ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા પોલીસે ઘટના સ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. મધુરમ રોડ ઉપર ત્રણ દિવસમાં અકસ્માતના બનાવમાં મોતની આ બીજી ઘટના બનવા પામી છે. બે દિવસ પહેલા પણ એક યુવાનનું અકસ્માતમાં મૃત્યું થયું હતું. એવું કહેવાય છે કે રસ્તા બનાવ્યા બાદ સ્પીડ બ્રેકર નહી મુકતા આવી અકસ્માતની ઘટનાઓ બની રહી છે. જૂનાગઢ શહેરમાં રસ્તાઓના કારણે થઈ રહેલા આવા અકસ્માતમાં નિર્દોશ લોકોના મૃત્યું થઈ રહ્યા છે ત્યારે લોકોમાં ભારે રોષની લાગણી વ્યાપેલી છે.

## વંથલીના નરેડી તેમજ શીલ પંથકમાં જુગાર દરોડો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨૦

વંથલી પોલીસે ગઈકાલે નરેડી ગામે બાબુભાઈ વિરજીભાઈ જાદવના રહેણાંક મકાનમાં ચોક્કસ બાતમીના આધારે જુગાર અંગે દરોડો પાડતા કુલ રૂા.૫૧,૪૮૦ના મુદ્દામાલ સાથે છ શખ્સોને ઘોડીપાસાનો જુગાર રમતા ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. આ ઉપરાંત શીલ પોલીસે ફુલરામા ગામે જુગાર અંગે દરોડો પાડતા જાહેરમાં જુગાર રમતા ત્રણને રૂા.૨૪૧૦ના રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે.

## જૂનાગઢમાં વધુ રકમ કઢાવવા જાનથી મારી નાખવાની ધમકી આપી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨૦

જૂનાગઢમાં બનેલા એક બનાવમાં વધુ રકમ કઢાવવા જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ બનવા પામેલ છે. આ બનાવ અંગે બી ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર, મુરતુજાભાઈ મુસ્તાકભાઈ પારેખ રહે.સંઘાડીયા બજાર વાળાએ મહેબુબભાઈ ઠેબા રહે.જૂનાગઢ વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદીએ આરોપી પાસેથી ૨૦ ટકા ઉંચા વ્યાજે રૂા.૧,૪૦,૦૦૦ પોતાના બેંક એકાઉન્ટનો ચેક સીકયુરીટી પેટે આપી દીધેલ હોય જેમાં ફરિયાદીએ આરોપીને કુલ રૂા.૩,૯૨,૦૦૦ ચુકવી આપેલ હોવા છતાં આરોપી દ્વારા હજુ રૂા.૨,૦૦,૦૦૦ જેટલી રકમ બળજબરીથી કઢાવવા જાનથી મારી નાખવાની અને ભુંડી ગાળો બોલી પઠાણી ઉઘરાણી કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ એસ.એ. સાંગાણી ચલાવી રહ્યા છે.

ૐ નેચર ક્યોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
MI-GL
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
Kelvinator
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.